©

सत्यमेव जयते


# The Gujarat Government Gazette

**[PUBLISHED BY AUTHORITY]**

**Vol. LXVI ]** **THURSDAY, AUGUST 28, 2025 / BHADRA 06, 1947** **[ No. 35**

**Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation**


# PART I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

### CONTENT

**Part I, Part I-A, Part I-B and Part I-L**


| | | Pages | | | Pages |
|---|---|---|---|---|---|
| Part-I | Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C) pertaining only to the Supplement to the Central Gazette. | 2899-2940 | Part-I-B | Government Notifications, Published under Land Acquisition Act only. | 61 |
| Part-I-A | Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette. | 35 | Part-I-L | Notifications and Orders, Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act. | 1291-1317 |


**જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા**

**વંચાણમાં લીધા:-**

(૧) ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરનાં અખબારીયાદી ક્રમાંક: ચટણ-સ્થા-સ્વ-૧૩(૬)-૦૧૨૦૨૫-ક, તા. ૨૧/૦૧/૨૦૨૫

૨) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૫.

૩) અત્રેનાં જાહેરનામા ક્રમાંક: એમએજી/વશી/૪૩૨/૨૦૨૫, તા.૨૪/૦૧/૨૦૨૫

૪) અધિક જિલ્લા ચૂંટણી અધિકારી સ્થા. સ્વ.સંસ્થાઓ અને નિવાસી અધિક કલેક્ટરશ્રી, ભરૂચનાં પત્ર ક્રમાંક: ચૂંટણી/સ્થા.સ્વ./વશી/૪૯૯, તા.૩૦/૦૧/૨૦૨૫

**સુધારા હુકમ**

ક્રમાંક:એમએજી/વશી/૭૧૦/૨૦૨૫.-ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરનાં આમુખ-૧ની અખબારયાદીથી સ્વરાજ્ય એકમોની પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકો અંગે રાજ્યની મહાનગરપાલિકા/ નગરપાલિકા/ જિલ્લા/તાલુકા પંચાયતની ચૂંટણી-૨૦૨૫ નો કાર્યક્રમ જાહેર કરેલ

છે અને તે મુજબ ભરૂચ જિલ્લામાં નગરપાલિકા જંબુસર વોર્ડ નંબર-૧ બેઠકની પેટા ચૂંટણી, જિલ્લા પંચાયત (૧-આછોદ) બેઠકની પેટા ચૂંટણી તથા હાંસોટ તાલુકા પંચાયત (૧૨-પંડવાઈ) બેઠકની પેટા ચૂંટણી માટે મતદાન તારીખ:૧૬/૦૨/૨૦૨૫ અને મતગણતરી તારીખ:૧૮/૦૨/૨૦૨૫ નાં રોજ નક્કી કરવામાં આવેલ છે. સદરહું બાબતે અધિક જિલ્લા ચૂંટણી અધિકારી સ્થા.સ્વ.સંસ્થાઓ અને નિવાસી અધિક કલેક્ટરશ્રી, ભરૂચનાં તા.૨૩/૦૧/૨૦૨૫ નાં પત્રથી પત્ર સાથે સામેલ થઈ આવેલ પરિશિષ્ટ-૧,૨ અને ૩ મુજબનાં ચૂંટણી અધિકારીશ્રી તથા ઝોનલ ઓફિસરશ્રીઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૫ હેઠળ તથા આ અધિનિયમની કલમ-૪૧, ૧૦૮, ૧૦૯, ૧૪૮ તથા ૧૬૩ મુજબ ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકેનાં અધિકારો એનાયત કરવા અત્રે રજૂઆત કરેલ જે અન્વયે અત્રેનાં ઉપરોક્ત આમુખ-૩થી હુકમ કરવામાં આવેલ.

સદરહું બાબતે અધિક જિલ્લા ચૂંટણી અધિકારી સ્થા.સ્વ.સંસ્થાઓ અને નિવાસી અધિક કલેક્ટરશ્રી, ભરૂચનાં ઉપરોક્ત આમુખ-૪ના પત્રથી ૧-આછોદ, જિલ્લા પંચાયત (તા.આમોદ) બેઠકની પેટા ચૂંટણી રૂટ નંબર-૨ તથા ૩ માટે નિયુક્ત કરવામાં આવેલ ઝોનલ અધિકારીશ્રીને તા.૦૭/૦૨/૨૦૨૫ થી તા.૨૪/૦૨/૨૦૨૫ સુધી તાલીમમાં હાજર રહેવાનું હોય અત્રેનાં ઉપરોક્ત આમુખ-૩નાં હુકમનાં પરિશિષ્ટ-૨માં જણાવેલ અનુ.નં.૨ તથા ૩ના અધિકારીશ્રીને એક્ઝીયુટીવ મેજીસ્ટ્રેટ તરીકેના એનાયત કરવામાં આવેલ અધિકારો રદ કરી સદરહુ પત્ર સાથે સામેલ થઈ આવેલ પરિશિષ્ટ-૨ના પત્રકમાં જણાવેલ અનુ.નં.૨ તથા ૩નાં અધિકારીશ્રીઓને તા.૨૧/૦૧/૨૦૨૫ થી તા.૧૭/૦૨/૨૦૨૫ સુધી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૫ હેઠળ તથા આ અધિનિયમની કલમ-૪૧, ૧૦૮, ૧૦૯, ૧૪૮ તથા ૧૬૩ મુજબ ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકેનાં અધિકારો એનાયત કરવા અત્રે રજૂઆત કરેલ છે.

સબબ, પ્રસ્તુત બાબતે અત્રેના આમુખ-૩ના હુકમથી ૧-આછોદ, જિલ્લા પંચાયત (તા.આમોદ) બેઠકની પેટાચૂંટણી અન્વયે આમુખ-૧નાં હુકમ સાથે સામેલ પરિશિષ્ટ-૨નાં અનુ.૨ તથા ૩માં દર્શાવેલ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૫ હેઠળ તથા આ અધિનિયમની કલમ-૪૧, ૧૦૮, ૧૦૯, ૧૪૮ તથા ૧૬૩ મુજબ ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકેના એનાયત કરવામાં આવેલ અધિકારો રદ કરી આ સુધારા હુકમ સાથે સામેલ પરિશિષ્ટ-૨નાં અનુ.નં.૨ અને ૩ મુજબનાં અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓ કે જેઓ મેજીસ્ટ્રીયલ અધિકારો ધરાવતા નથી. આથી તેવાં અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને તેમને સોંપાયેલ ચૂંટણી ફરજો મુજબનાં વિસ્તારો માટે આ સાથે સામેલ પરિશિષ્ટ-૨માં દર્શાવ્યા પ્રમાણેનાં સમયગાળા માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૫ હેઠળ તથા આ અધિનિયમની કલમ-૪૧, ૧૦૮, ૧૦૯, ૧૪૮ તથા ૧૬૩ મુજબ ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકેનાં અધિકારો એનાયત કરવા આથી સુધારા હુકમ કરવામાં આવે છે.

## પરિશિષ્ટ-૨

## ભરૂચ જિલ્લા પંચાયત ૧-આછોદ(તા.આમોદ) બેઠક

| અ. ન | અધિકારીશ્રી/કર્મચારીશ્રીનું નામ, હોદો અને મોબાઈલ નંબર | ચૂંટણીમા કઈ ફરજ સોંપવામાં આવી છે. | બી.એન.એન..એસ.,૨૦૨૩ નીકલમ ૧૫-હેઠળ તથા આઆધિનિયમની કલમ-૪૧, ૧૦૮, ૧૦૯, ૧૪૮ તથા ૧૬૩ હેઠળનાં અધિકારો કયા વિસ્તાર પુરતા આપવાના છે. | બી.એન.એન..એસ., ૨૦૨૩ ની કલમ ૧૫- હેઠળ તથા આ અધિનિયમની કલમ-૪૧, ૧૦૮, ૧૦૯, ૧૪૮ તથા ૧૬૩ હેઠળનાં અધિકારો કયા સમય માટે આપવાના છે. |
|---|---|---|---|---|
| ૨ | ડો.કે.સી.વટવા,આસીસ્ટન્ટ પ્રોફેસર,શ્રી એ.એલ. જે. પટેલ અને શ્રી ડી.જે.પટેલ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ચકલાદ-સરભાણા,તા.અમોદ,જિ.ભરૂચ,મો. ૯૯૧૩૧૨૦૯૫૪ | ઝોનલ ઓફિસર | ૧-આછોદ જિલ્લા પંચાયત મતદાર વિભાગમાં સમાવિષ્ટ ગામો | તા.૨૧/૦૧/૨૦૨૫ થી તા.૧૭/૦૨/૨૦૨૫ સુધી |
| ૩ | ડો. પ્રતિકભાઈ પી.વાળંદ, આસિસ્ટન્ટ પ્રોફેસર, શ્રી એ.એલ.જે.પટેલ અને શ્રી ડી.જે.પટેલ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ,ચકલાદ-સરભાણા,તા.અમોદ,જિ.ભરૂચ,મો. ૯૯૧૩૧૨૦૯૫૪ | ઝોનલ ઓફિસર | ૧-આછોદ જિલ્લા પંચાયત મતદાર વિભાગમાં સમાવિષ્ટ ગામો | તા.૨૧/૦૧/૨૦૨૫ થી તા.૧૭/૦૨/૨૦૨૫ સુધી |

ભરૂચ તા.૩જી ફેબ્રુઆરી ૨૦૨૫

---

**આમુખ:-**

(૧) અત્રેનાં જાહેરનામા ક્રમાંક: એમએજી/જાહેરનામું/વશી/૧૧૪૮, તા.૨૭/૦૨/૨૦૨૫

(૨) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચનાં પત્ર ક્રમાંક: એલ.આઈ.બી./અભિપ્રાય/૭૧૩/૨૦૨૫, તા.૦૧/૦૩/૨૦૨૫

**સુધારા હુકમ**

**ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે**

ક્રમાંક:એમએજી/જાહેરનામું/વશી/૧૧૯૪/૨૦૨૫.-આમુખ-૧ થી અત્રેથી ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ હતુ. આમુખ-૨થી પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચ દ્વારા આમુખ-૧ થી પ્રસિધ્ધ કરવામાં આવેલ જાહેરનામામાં જાહેર જનતાનાં હિત સારૂ (૧) દુધનાં વાહનો, શાકભાજીનાં વાહનો તથા જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ લઈ જતા-આવતા વાહનોને અવર-જવરની મંજુરી આપવા તથા (૨) નર્મદા ચોકડીથી ભોલાવ જી.આઈ.ડી.સી.માં તથા ભોલાવ જી.આઈ.ડી.સી.થી નર્મદા ચોકડી સુધી ભારે વાહનો/ગુડ્સ કેરેજ વાહનોને અવર-જવર કરવા મંજુરી આપવા બાબતે દરખાસ્ત કરેલ છે.

આથી, આમુખ-૨ ની દરખાસ્ત અન્વયે ઉપરોક્ત વિગતેની મંજુરી આપવા આથી હુકમ કરવામાં આવે છે.

આ સંદર્ભે આમુખ-૧ નાં જાહેરનામાની અન્ય તમામ વિગતો યથાવત રહેશે.

આજ રોજ તા.૦૧/૦૩/૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

---

**આમુખ:-**

(૧) અત્રેનાં જાહેરનામાં ક્રમાંક: એમએજી/જાહેરનામું/વશી/૧૧૪૭, તા.૨૭/૦૨/૨૦૨૫

(૨) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચનાં પત્ર ક્રમાંક: એલ.આઈ.બી./અભિપ્રાય/૭૧૪/૨૦૨૫, તા.૦૧/૦૩/૨૦૨૫

**સુધારા હુકમ**

**ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે**

ક્રમાંક:એમએજી/જાહેરનામું/વશી./૧૧૯૫/૨૦૨૫.-આમુખ-૧ થી અત્રેથી ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ હતું. આમુખ-૨ થી પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચ દ્વારા આમુખ-૧ થી પ્રસિધ્ધ કરવામાં આવેલ જાહેરનામામાં જાહેર જનતાનાં હિત સારૂ (૧) ક્રોમા સેન્ટર, દહેજ બાયપાસ રોડ પાસે બન્ને સાઈડનો પોઈન્ટ (સ્ટેન્ડ) નો ઉમેરો કરવા બાબતે દરખાસ્ત કરેલ છે.

આથી, આમુખ-૨ ની દરખાસ્ત અન્વયે ઉપરોક્ત વિગતેની મંજુરી આપવા આથી હુકમ કરવામાં આવે છે.

આ સંદર્ભે આમુખ-૧ નાં જાહેરનામાની અન્ય તમામ વિગતો યથાવત રહેશે.

આજ રોજ તા.૦૧/૦૩/૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

**ગૌરાંગ મકવાણા,**
જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભરૂચ

---

**અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા**

**જાહેરનામું**

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે બહાર પાડેલ.**

નં.એમએજી/વશી/૭૮૨/૨૦૨૫.–પોલીસ અધિક્ષકશ્રી, છોટાઉદેપુરનાઓના પત્ર ક્રમાંક:LIB/જાહેરનામું/૭૬૨/૨૦૨૫, તા.૧૮/૦૪/૨૦૨૫ થી જિલ્લાના શહેરી તેમજ અંતરીયાળ વિસ્તારોમાં આવેલ હોટલ/ગેસ્ટહાઉસમાં ત્રાસવાદી સંગઠનોના કે અન્ય ક્રિમીનલ માણસો રોકાય અને ત્રાસવાદી કે ક્રિમીનલ પ્રવૃત્તિને અંજામ આપવાની સંભાવનાઓ રહેલી છે. આ સંજોગોમાં આવા તત્ત્વો બાબતે સંપુર્ણ માહિતી મેળવી શકાય તેમજ તેના ઉપર અંકુશ લાવી શકાય તે અંગે હોટલ/ગેસ્ટહાઉસના માલિકો/સંચાલકોએ નિયમોનું પાલન કરવા તેમજ હોટલ/ગેસ્ટહાઉસ રીસેપ્શન કાઉન્ટર ઉપર ઈન્ટરનેટ કનેક્ટીવીટી સાથેનું કોમ્પ્યુટર, સ્કેનર રાખવા તેમજ અમદાવાદ પોલીસ દ્વારા તૈયાર કરવામાં આવેલ Pathik (programme for Analysis of Traveller and Hotel Informatics) સોફ્ટવેર ઈન્સ્ટોલ કરાવી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારૂ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું તા.૨૧/૦૪/૨૦૨૫ થી ૧૯/૦૬/૨૦૨૫ સુધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા માંગણી કરેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, છોટાઉદેપુરની દરખાસ્ત અન્વયે ત્રાસવાદી/ અસામાજિક તત્વો હોટલો, ગેસ્ટહાઉસ કે ધર્મશાળામાં રૂમો ભાડે રાખી જગ્યા વિગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓ ત્રાસવાદી પ્રવૃતિને અંજામ આપતા હોય છે. આવા ગંભીર પ્રકારના ગુનાઓ ઉપર અંકુશ લાવવા તેમજ શોધી કાઢવા તમામ હોટલો, ગેસ્ટહાઉસ કે ધર્મશાળાના માલિકો પણ તંત્રને મદદરૂપ બની શકે તેવા શુભ આશયથી જિલ્લામાં આવેલ તમામ હોટલો, ગેસ્ટહાઉસો કે ધર્મશાળાના માલિકો દ્વારા રૂમો ભાડે આપતા પહેલા રૂમ ભાડે રાખનાર પાસેથી તેઓની ઓળખાણના પુરાવા જેવા કે ઓળખકાર્ડ, આધારકાર્ડ, ચૂંટણી કાર્ડ, પાનકાર્ડ વિગેરેની નકલ મેળવીને જ રૂમ ભાડેથી આપે અને તે માટેનું અલાયદું રજિસ્ટર નિભાવે તે અત્યંત આવશ્યક છે.

પોલીસ અધિક્ષકશ્રી, છોટાઉદેપુરની માંગણી અન્વયે હું શૈલેષ ગોકલાણી, GAS, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર માન.જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, છોટાઉદેપુરનાઓના હુકમ નં.એમએજી/વશી/૨૯૦૨ થી ૨૯૦૩/૨૦૨૪, તા.૦૬/૦૯/૨૦૨૪ થી મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે,

**કૃત્યો**

૧. જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુરની હકુમત હેઠળના તમામ વિસ્તારમાં આવેલ હોટલો, ગેસ્ટહાઉસ કે ધર્મશાળાના માલિકો દ્વારા તેમાં રહેવા આવતા નાગરિકોને રૂમો ભાડેથી આપે ત્યારે રૂમમાં રહેતા દરેક નાગરીકોની પ્રવેશ અંગે રાખવામાં આવતા ઈલાયદા રજિસ્ટરોમાં નોંધ કરી તે દરેક વયના નાગરીકોના ઓળખના પુરાવા જેવા કે, ઓળખકાર્ડ, આધારકાર્ડ, ચૂંટણી કાર્ડ, પાન કાર્ડ વિગેરેની નકલ મેળવીને જ રૂમ ભાડેથી આપવામાં આવે તેમજ તે અંગેની જાણ ૨૪ કલાકમાં સબંધિત પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે.

૨. દરેક હોટલ/ગેસ્ટહાઉસના રીસેપ્શન કાઉન્ટર ઉપર ઈન્ટરનેટ કનેક્ટીવીટી સાથેનું કોમ્પ્યુટર, સ્કેનર રાખવામાં આવે.

૩. અમદાવાદ પોલીસ દ્વારા તૈયાર કરવામાં આવેલ Pathik (Program for analysis of traveller & hotel informatics) સોફ્ટવેર ઈન્સ્ટોલ કરાવી તેમાં રોજરોજની વિગતો અપલોડ કરી અદ્યતન રાખવામાં આવે.

**સમયગાળો**

આ હુકમ તા.૨૧/૦૪/૨૦૨૫ થી ૧૯/૦૬/૨૦૨૫ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

**સજા**

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ઈસમ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉચ્ચ કક્ષાનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓ આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો અમલ કરાવવા માટે હુકમનો ભંગ કરનાર વ્યક્તિઓને ચોક્કસ પ્રકારના કાર્યો નહી કરવા માટે ક્ષેત્રીય કામગીરી દરમિયાન પોતાને મળેલ સત્તાની રૂએ જરૂરી આદેશ કરવામાં આવતા હોય છે. જેથી ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબની ફરીયાદ લેતી વખતે મારા હુકમનો ભંગ થયેલ છે અને સાથોસાથ અધિકૃત અમલદારે પોતાની ફરિયાદમાં ખાસ ઉલ્લેખ કરવો કે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ જાહેર થયેલા પ્રતિબંધાત્મક કાર્યો થતા અટકાવવા માટે પોતે પણ હુકમ કરેલો હતો અને આ હુકમનો ભંગ કરવા બદલ ઉક્ત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ આ જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા.૨૧/૦૪/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

---

**જાહેરનામું**

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ ૧૬૩ અન્વયે બહાર પાડેલ.**

નં.એમએજી/વશી/૭૮૩/૨૦૨૫.–પોલીસ અધિક્ષકશ્રી, છોટાઉદેપુરના પત્ર ક્રમાંકઃLIB/જાહેરનામું/૭૬૧/૨૦૨૫, તા.૧૮/૦૪/૨૦૨૫ થી આગામી દિવસોમાં ધાર્મિક તેમજ રાષ્ટ્રીય તહેવારો આવનાર હોઈ, આવા તહેવારોના સમયગાળા દરમિયાન અસામાજિક તત્વો જિલ્લા વિસ્તારમાં અન્ય શહેર, રાજ્ય કે દેશમાંથી આવી કોઈના મકાન ભાડે રાખી રહેતા હોય છે. જેનાથી ગુનાહિત પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. જેથી કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુસર ભાડેથી મકાન આપતા મકાન માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે. જેથી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારૂ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું તા.૨૧/૦૪/૨૦૨૫ થી તા.૧૯/૦૬/૨૦૨૫ સુધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા માંગણી કરેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, છોટાઉદેપુરની માંગણી અન્વયે હું શૈલેષ ગોકલાણી, GAS, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર માન. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, છોટાઉદેપુરનાઓના હુકમ નં.એમએજી/વશી/૨૯૦૨ થી ૨૯૦૩/૨૦૨૪, તા.૦૬/૦૯/૨૦૨૪ થી મને મળેલ સત્તાની રૂએ કરૂ છું કે,

છોટાઉદેપુર જિલ્લા વિસ્તારમાં કોઈ વ્યક્તિ કે સંચાલકો મકાન/ઔધોગિક એકમો/ઓફિસો/દુકાનો/ગોડાઉનો/કોલ્ડ સ્ટોરેજ વિગેરે ભાડે આપે ત્યારે તથા ઘરઘાટી/ મજુરો રાખે ત્યારે સબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન ભાડે આપી શકશે નહી. ભાડે આપેલ મકાનની વિગત, ભાડૂઆત, અને સંબંધિત સંચાલક કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમ મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

| અ.નં. | મકાન માલિકનું નામ તથા ભાડે આપેલ મકાનની વિગતઃ- કયા વિસ્તારમાં, કેટલા ચો. મી. બાંધકામ? | મકાન ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ | મકાન ક્યારે ભાડે આપેલ છે તથા માસિક ભાડુ કેટલું? | જે વ્યક્તિઓને મકાન ભાડે આપેલ છે તથા ઘરઘાટી તરીકે રાખેલ હોય તો તેમના પાકા નામ, સરનામા, મોબાઈલ નંબર, ફોટા, પાસપોર્ટ, ડ્રાઈવીંગ લાઈસન્સ, પાનકાર્ડ તથા આધાર કાર્ડ પુરાવા રૂપે સાથે રાખવા | મકાન માલિકે ભાડૂઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ, સરનામું, મોબાઈલ નંબર, પાસપોર્ટ, ડ્રાઈવીંગ લાઈસન્સ તથા પાનકાર્ડ, આધાર કાર્ડ પુરાવા રૂપે સાથે રાખવા |
|---|---|---|---|---|---|

**અમલવારીનો વિસ્તાર**

જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, છોટાઉદેપુરના હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

**અમલવારીનો સમય**

સદરહું જાહેરનામું તા.૨૧/૦૪/૨૦૨૫ થી તા.૧૯/૦૬/૨૦૨૫ સુધી (બંને દિવસો સહિત)

**સજા**

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ઈસમ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉચ્ચ કક્ષાનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓ આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો અમલ કરાવવા માટે હુકમનો ભંગ કરનાર વ્યક્તિઓને ચોક્કસ પ્રકારના કાર્યો નહી કરવા માટે ક્ષેત્રીય કામગીરી દરમિયાન પોતાને મળેલ સત્તાની રૂએ જરૂરી આદેશ કરવામાં આવતા હોય છે. જેથી ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબની ફરીયાદ લેતી વખતે મારા હુકમનો ભંગ થયેલ છે અને સાથોસાથ અધિકૃત અમલદારે પોતાની ફરિયાદમાં ખાસ ઉલ્લેખ કરવો કે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ જાહેર થયેલા પ્રતિબંધાત્મક કાર્યો થતા અટકાવવા માટે પોતે પણ હુકમ કરેલો હતો અને આ હુકમનો ભંગ કરવા બદલ ઉક્ત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ આ જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા.૨૧/૦૪/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

---

**જાહેરનામું**

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ ૧૬૩ અન્વયે બહાર પાડેલ.**

નં.એમએજી/વશી/૭૮૪/૨૦૨૫.–પોલીસ અધિક્ષકશ્રી, છોટાઉદેપુરના પત્ર ક્રમાંક:LIB/જાહેરનામું/૭૫૯/૨૦૨૫, તા.૧૮/૦૪/૨૦૨૫ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં વિભિન્ન પ્રકારના મિલ્કત સંબંધી ગુનાઓ જેવા કે વાહનચોરી, ઘરફોડ ચોરી, જેવા ગુનાઓ બનતા હોય છે. જેથી જાહેર સ્થળોમાં લગાવવામાં આવેલ સી.સી.ટી.વી કેમેરા ગુનાઓ નિવારવા, ગુનાઓ શોધવા તથા ઈન્વેસ્ટીગેશનમાં ઉપયોગી અને મહત્વની કડીરૂપ બને છે.

જેથી અત્રેના છોટાઉદેપુર જિલ્લામાં જ્વેલર્સની દુકાનો તથા તમામ પ્રકારની દુકાનો, તમામ સરકારી તથા ખાનગી બેંકો, એ.ટી.એમ., ખાનગી હોસ્પિટલો, આંગડીયા પેઢી, શોપીંગ કોમ્પલેક્ષ, કોમર્શીયલ સેન્ટર આ જગ્યાઓના પાર્કિંગ/ભોંયરુ તથા ૧૦ થી વધુ સંખ્યામાં બેઠક ધરાવતા રેસ્ટોરન્ટ/ગેસ્ટ હાઉસ/લોજીંગ બોર્ડીંગ/ ધર્મશાળા/અતિથિ ગૃહ/વિશ્રામગૃહ/પેટ્રોલપંપ/બહુમાળી બિલ્ડીંગ/પાવર હાઉસ ઉપર સી.સી.ટી.વી. કેમેરા લગાડવા તથા ઉપર દર્શાવેલ જગ્યામાં પ્રવેશ થતા વ્યક્તિઓના ચહેરા સ્પષ્ટ રીતે દેખાય તથા ગાડીઓનાં નંબર પણ સ્પષ્ટ રીતે દેખાય તેવા સી.સી.ટી.વી. કેમેરા લગાવવા સારૂ તથા સી.સી.ટી.વી. નું રેકોર્ડિંગની જાળવણી દિન-૩૦ સુધી સંગ્રહ કરી શકાય તથા હોટલ/ધર્મશાળા/ગેસ્ટ હાઉસ વિગેરે જગ્યાઓએ મુસાફરોની જરૂરી આઈ.ડી./એડ્રેસ/મુલાકાતનું કારણ તથા ખાનગી વાહનના રજીસ્ટ્રેશનના નંબરોની રજીસ્ટરમાં નોંધ રહે તે સારુ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું તા.૨૬/૦૪/૨૦૨૫ થી તા.૨૪/૦૬/૨૦૨૫ સુધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા માંગણી કરેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, છોટાઉદેપુરની માંગણી અન્વયે હું શૈલેષ ગોકલાણી, GAS, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર માન.જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, છોટાઉદેપુરનાઓના હુકમ નં.એમએજી/વશી/૨૯૦૨ થી ૨૯૦૩/૨૦૨૪, તા.૦૬/૦૯/૨૦૨૪ થી મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબની જગ્યાઓ ઉપર સી.સી.ટી.વી કેમેરા ગોઠવવા આથી હુકમ કરૂ છું.

(૧) જવેલર્સની દુકાનો તથા તમામ પ્રકારની દુકાનો, સરકારી તથા ખાનગી બેંકો, એટીએમ, ખાનગી હોસ્પિટલો, આંગડીયાપેઢી, શોપીંગ કોમ્પલેક્ષ/ થિયેટર્સ/કોમર્શીયલ સેન્ટર ઉપર સિક્યુરીટીને ધ્યાને લઈ પ્રવેશ દ્વાર પર ઉપર સી.સી.ટી.વી કેમેરાની ગોઠવણી કરવી. તેમજ આ જગ્યાઓના પાર્કીંગ/ભોંયરું/તમામ માળ ઉપર સી.સી.ટી.વી કેમેરાની ગોઠવણી કરવી. જેમાં Image-color, image sensor 1/3 minimum, support-TCP/IP and remote monitoring, Resolution-600 TVL Min, Compression-H.264/MJPEG, System data storage-30 days min, With back light compensation and night vision capability વાળા સી.સી.ટી.વી કેમેરા ગોઠવવા.

(૨) ૧૦ થી વધુ સંખ્યામાં બેઠક ધરાવતા રેસ્ટોરન્ટ/ ગેસ્ટ હાઉસ/ લોજીંગ બોર્ડીંગ / ધર્મશાળા/ અતિથી ગૃહ/ વિશ્રામ ગૃહ/ પેટ્રોલ પંપ/ બહુમાળી બિલ્ડીંગ/ પાવર હાઉસ વિગેરે ઉપર સી.સી.ટી.વી કેમેરા લગાડવા, તથા ઉપર દર્શાવેલ જગ્યામાં પ્રવેશ થતા વ્યક્તિઓના ચહેરા સ્પષ્ટ રીતે દેખાય તથા ગાડીઓના નંબર પણ સ્પષ્ટ રીતે દેખાય તે રીતે સી.સી.ટી.વી કેમેરાની ગોઠવણી કરવી. સી.સી.ટી.વી કેમેરાના રેકોર્ડીંગની જાળવણી દિન-૩૦ સુધી સંગ્રહ કરવી.

(૩) હોટલ/ ધર્મશાળા/ ગેસ્ટ હાઉસ વિગેરે જગ્યાઓએ મુસાફરોની જરૂરી આઈ.ડી/ એડ્રેસ/ મુલાકાતનું કારણ તથા ખાનગી વાહનના રજીસ્ટ્રેશન નંબરોની રજીસ્ટરમાં નોંધ કરી મુસાફરોને ઉતારો આપવો.

**અમલવારીનો વિસ્તાર**

જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, છોટાઉદેપુરના હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

**અમલવારીનો સમય**

સદરહુ જાહેરનામું તા.૨૬/૦૪/૨૦૨૫ થી તા.૨૪/૦૬/૨૦૨૫ સુધી (બંને દિવસો સહિત)

**સજા**

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ઈસમ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉચ્ચ કક્ષાનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓ આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો અમલ કરાવવા માટે હુકમનો ભંગ કરનાર વ્યક્તિઓને ચોક્કસ પ્રકારના કાર્યો નહી કરવા માટે ક્ષેત્રીય કામગીરી દરમિયાન પોતાને મળેલ સત્તાની રૂએ જરૂરી આદેશ કરવામાં આવતા હોય છે. જેથી ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબની ફરીયાદ લેતી વખતે મારા હુકમનો ભંગ થયેલ છે અને સાથોસાથ અધિકૃત અમલદારે પોતાની ફરિયાદમાં ખાસ ઉલ્લેખ કરવો કે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ જાહેર થયેલા પ્રતિબંધાત્મક કાર્યો થતા અટકાવવા માટે પોતે પણ હુકમ કરેલો હતો અને આ હુકમનો ભંગ કરવા બદલ ઉક્ત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ આ જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા.૨૧/૦૪/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

---

**જાહેરનામું**

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ ૧૬૩ અન્વયે બહાર પાડેલ.**

નં.એમએજી/વશી/૭૮૫/૨૦૨૫.–પોલીસ અધિક્ષકશ્રી, છોટાઉદેપુરના પત્ર ક્રમાંક:LIB/જાહેરનામું/૭૬૦/૨૦૨૫, તા.૧૮/૦૪/૨૦૨૫ થી છોટાઉદેપુર જિલ્લામાં હાલના સંજોગો તેમજ ભૂતકાળમાં બનેલ બનાવોને ધ્યાને લેતાં જાહેર શાંતિ અને સલામતિ જાળવવા પગલાં લેવા જિલ્લામાં બનતા ગુનાઓમાં છરી, ચપ્પા, ખંજર, પાળીયા, ધારીયા, તલવાર તથા રામપુરી ચપ્પાના ઉપયોગ આવા હથિયારોથી બનેલ છે. ભવિષ્યમાં પણ આવા ગંભીર પ્રકારના ગુનાઓ બને તે શક્યતા નકારી શકાય તેમ નથી આવા ગંભીર પ્રકારના બનતા બનાવોના કારણે જાહેરશાંતિ અને સલામતિ જોખમાય નહી તે હેતુસર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે સારૂ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનું તા.૨૧/૦૪/૨૦૨૫ થી તા.૧૯/૦૬/૨૦૨૫ સુધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા માંગણી કરેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, છોટાઉદેપુરની માંગણી અન્વયે હું, શૈલેષ ગોકલાણી, GAS, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર, મા‌ન.જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, છોટાઉદેપુરનાઓના હુકમ નં.એમએજી/વશી/૨૯૦૨ થી ૨૯૦૩/૨૦૨૪, તા.૦૬/૦૯/૨૦૨૪ થી મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

**કૃત્યો**

શસ્ત્રો, ડંડા, લાકડી, લાઠી, તલવાર, ભાલા, સોટી, બંદુક, ખંજર (અઢી ઇંચથી વધારે લાંબુ છેડેથી અણી વાળુ પાનું હોય) જેવા ચપ્પા તથા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની કે અન્ય રીતે સ્વ બચાવ સિવાય સાથે રાખીને ફરવાની મનાઈ.

**વિસ્તાર**

સમગ્ર છોટાઉદેપુર જિલ્લો અથવા જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, છોટાઉદેપુરની હકુમતનો સમગ્ર વિસ્તાર

**અમલવારીનો સમયગાળો**

આ હુકમ તા.૨૧/૦૪/૨૦૨૫ થી તા.૧૯/૦૬/૨૦૨૫ (બંને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

**અપવાદ**

આ જાહેરનામું જે વ્યક્તિઓ સરકારી અથવા અર્ધ સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય અને તેમને જેના ઉપરી અધિકારીઓએ આવુ કોઈ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને લાગુ પડશે નહિ.

**સજા**

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ઈસમ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉચ્ચ કક્ષાનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓ આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત

કરવામાં આવે છે.

આ હુકમનો અમલ કરાવવા માટે હુકમનો ભંગ કરનાર વ્યક્તિઓને ચોક્કસ પ્રકારના કાર્યો નહી કરવા માટે ક્ષેત્રીય કામગીરી દરમિયાન પોતાને મળેલ સત્તાની રૂએ જરૂરી આદેશ કરવામાં આવતા હોય છે. જેથી ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબની ફરીયાદ લેતી વખતે મારા હુકમનો ભંગ થયેલ છે અને સાથોસાથ અધિકૃત અમલદારે પોતાની ફરિયાદમાં ખાસ ઉલ્લેખ કરવો કે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ જાહેર થયેલા પ્રતિબંધાત્મક કાર્યો થતા અટકાવવા માટે પોતે પણ હુકમ કરેલો હતો અને આ હુકમનો ભંગ કરવા બદલ ઉક્ત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ આ જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા.૨૧/૦૪/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

---

## જાહેરનામું

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ ૧૬૩ અન્વયે બહાર પાડેલ.**

નં.એમએજી/વશી/૭૮૬/૨૦૨૫–પોલીસ અધિક્ષકશ્રી, છોટાઉદેપુરના પત્ર ક્રમાંક:LIB/જાહેરનામું/૭૬૩/૨૦૨૫, તા.૧૮/૦૪/૨૦૨૫ થી જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, છોટાઉદેપુરના કાર્યક્ષેત્ર વિસ્તાર જેવા કે જિલ્લા કલેક્ટર કચેરી, જિલ્લા ન્યાયાલયની કચેરી, જિલ્લા પંચાયત કચેરી, જિલ્લા સેવા સદનમાં આવેલ સરકારી કચેરીઓ, તાબાની પ્રાંત કચેરીઓ, નગરપાલિકાઓ, પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીની કચેરીઓ વિગેરેમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે. આ સિવાયની અન્ય સરકારી કચેરીઓમાં પણ રોજે રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય છે. તાજેતરમાં કેટલાક બનાવો પરથી ઉક્ત તમામ કચેરીની આસપાસ તથા નજીકના સ્થળે કેટલાક ઈસમો એકલા અથવા ટોળી બનાવીને જાહેર જનતાની છેતરપીંડી કરી પૈસા પડાવે છે. અથવા તો ગેરકાયદેસરની પ્રવૃત્તિ ઉલટી સીધી વાતો કરી જહેર જાહેર જનતાને ભોળવીને કે ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી રીતે લલચાવીને કે ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી રીતે લલચાવીને કે ગેરમાર્ગે દોરીને વચેટીયા તરીકે કામ કરાવી આપવાનું જણાવતા અનઅધિકૃત વચેટીયા તરીકે કામ કરવા ઈરાદો રાખતા આવા વ્યક્તિ/ઈસમો પ્રવૃત્તિ કરી રહેલ હોવાથી આવા વ્યક્તિઓ/ઈસમોના પ્રવેશ ઉપર પ્રતિબંધ મુકવા બાબતે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનું તા.૨૧/૦૪/૨૦૨૫ થી તા.૧૯/૦૬/૨૦૨૫ જાહેરનામું પ્રસિધ્ધ કરવા માંગણી કરેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, છોટાઉદેપુરની માંગણી અન્વયે હું શૈલેષ ગોકલાણી, GAS, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર માન. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, છોટાઉદેપુરનાઓના હુકમ નં.એમએજી/વશી/૨૯૦૨ થી ૨૯૦૩/૨૦૨૪, તા.૦૬/૦૯/૨૦૨૪ થી મને મળેલ સત્તાની રૂએ આથી નીચે પ્રમાણે હુકમ કરૂ છું.

છોટાઉદેપુર જિલ્લામાં આવેલ જિલ્લા કલેક્ટર કચેરી, જિલ્લા ન્યાયાલયની કચેરી, જિલ્લા પંચાયત કચેરી, જિલ્લા સેવા સદનમાં આવેલ સરકારી કચેરીઓ, તાબાની પ્રાંત કચેરીઓ, તાલુકાની મામલતદાર કચેરીઓ, નગરપાલિકાઓ, પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીની કચેરીઓ તેમજ જ્યાં રોજે-રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના સરકારી કામ માટે આવતી હોય તેવી અન્ય તમામ સરકારી કચેરીઓમાં પોતાના સરકારી કામ માટે આવેલા હોય અથવા કામ કરતા હોય તેવા અથવા વ્યાજબી કામ સબબ આવેલા હોય તે સિવાયના અનઅધિકૃત ઈસમો કે ઈસમોની ટોળકી, સદરહુ કચેરીમાં આવતી જાહેર જનતા અરજદારને ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી લલચાવીને કે ગેરમાર્ગે દોરીને વચેટીયા તરીકે કામ કરાવી આપવાનું જણાવતા અનઅધિકૃત વચેટીયા તરીકે કામ કરવા ઈરાદો રાખતા આવા વ્યક્તિઓ/ઈસમોના પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

**અમલવારીનો વિસ્તાર**

જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, છોટાઉદેપુરના હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

**અમલવારીનો સમય**

સદરહુ હુકમ તા.૨૧/૦૪/૨૦૨૫ થી તા.૧૯/૦૬/૨૦૨૫ સુધી (બંને દિવસો સહિત)

**સજા**

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ઈસમ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉચ્ચ કક્ષાનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓ આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો અમલ કરાવવા માટે હુકમનો ભંગ કરનાર વ્યક્તિઓને ચોક્કસ પ્રકારના કાર્યો નહી કરવા માટે ક્ષેત્રીય કામગીરી દરમિયાન પોતાને મળેલ સત્તાની રૂએ જરૂરી આદેશ કરવામાં આવતા હોય છે. જેથી ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબની ફરીયાદ લેતી વખતે મારા હુકમનો ભંગ થયેલ છે અને સાથોસાથ અધિકૃત અમલદારે પોતાની ફરિયાદમાં ખાસ ઉલ્લેખ કરવો કે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ જાહેર થયેલા પ્રતિબંધાત્મક કાર્યો થતા અટકાવવા માટે પોતે પણ હુકમ કરેલો હતો અને આ હુકમનો ભંગ કરવા બદલ ઉક્ત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ આ જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા.૨૧/૦૪/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

---

**જાહેરનામું**

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ ૧૬૩ અન્વયે બહાર પાડેલ.**

નં.એમએજી/વશી/૭૮૭/૨૦૨૫.–પોલીસ અધિક્ષકશ્રી, છોટાઉદેપુરના પત્ર ક્રમાંક:LIB/જાહેરનામું/૭૬૪/૨૦૨૪, તા.૧૮/૦૪/૨૦૨૫ થી જિલ્લાના જાહેર સ્થળોએ વગર પરવાનગીએ ધરણા, રેલી, સરઘસ, દેખાવો જેવા કાર્યક્રમોમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા ન થાય, સુલેહ શાંતિનો ભંગ ન થાય, જિલ્લા/તાલુકા સેવાસદન/નગરપાલિકાએ પોતાના કામ અર્થાત નાગરીકોને કોઈ અગવડ ન પડે તે માટે જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારૂ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનું તા.૨૩/૦૪/૨૦૨૫ થી તા.૨૧/૦૬/૨૦૨૫ સુધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા માંગણી કરેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, છોટાઉદેપુરની માંગણી અન્વયે હું શૈલેષ ગોકલાણી, GAS, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર માન.જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, છોટાઉદેપુરનાઓના હુકમ નં.એમએજી/વશી/૨૯૦૨ થી ૨૯૦૩/૨૦૨૪, તા.૦૬/૦૯/૨૦૨૪ થી મને મળેલ સત્તાની રૂએ આથી નીચે પ્રમાણ હુકમ કરૂ છું.

જિલ્લા સેવા સદન છોટાઉદેપુર તથા જિલ્લાના છોટાઉદેપુર, બોડેલી, નસવાડી, જેતપુરપાવી, કવાંટ તથા સંખેડા તાલુકા સેવા સદન, છોટાઉદેપુર નગરપાલિકાની બહાર કે સદર જિલ્લા/તાલુકા સેવાસદન/નગરપાલિકા ખાતેના પરિસરથી ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં આ જાહેરનામાં અન્વયે સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવ્યા સિવાય, અનઅધિકૃત/ગેરકાયદેસર રીતે ચાર કરતાં વધુ વ્યક્તિઓએ એકી સાથે કોઈપણ જગ્યાએ ભેગા થઈને કોઈ મંડળી બનાવી ધરણા, આવેદનપત્ર આપવા, પ્રતિક ધરણા, ભુખ હડતાળ પર બેસવા, ઉપવાસ કે આમરણાંત ઉપવાસ ઉપર બેસવા, સંગઠીત થઈ રેલી કાઢવા ઉપર મનાઈ ફરમાવું છું.

**અમલવારીનો સમય**

સદરહુ હુકમ તા.૨૩/૦૪/૨૦૨૫ થી તા.૨૧/૦૬/૨૦૨૫ સુધી (બંને દિવસો સહિત)

**અમલવારીનો વિસ્તાર**

છોટાઉદેપુર જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીના હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

**અપવાદ**

આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ જેઓ ફરજ ઉપર હોય તથા સ્મશાન યાત્રા અને લગ્નના વરઘોડાને લાગુ પડતુ નથી.

**સજા**

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ ઈન્સ્પેક્ટર તથા પોલીસ સબ ઈન્સ્પેક્ટરથી ઉચ્ચ કક્ષાનો હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓ તથા મારા તાબાના એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓ આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ આ જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા.૨૧/૦૪/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

**શૈલેષ ગોકલાણી, GAS,**
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
છોટાઉદેપુર.

---

**વાંચ્યો:-**

૧) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક/એમએજી/પીઓએલ/વશી/૫૨૨/૨૫ તા.૨૯/૧/૨૦૨૫

૨) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચના પત્ર ક્રમાંક એલ.આઈ.બી/જાહેરનામુ/૧૦૨૮/૨૦૨૫ તા.૨૮/૩/૨૦૨૫

**જાહેરનામું**

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું**

ક્રમાંક:એમએજી/પીઓએલ/વશી/૧૭૮૯/૨૦૨૫ -ગુપ્તચર સંસ્થાઓના વખતો વખત પ્રસિધ્ધ થતા અહેવાલો, ઈનપુટ ભુતકાળમાં બનેલ બનાવો તેમજ વર્તમાનમાં બનતાં બનાવો/ઘટનાઓ ધ્યાને લેતાં સમાજમાં જે ભયનો માહોલ, જાનહાની માલ-મિલ્કતોને નુકશાન પહોંચાડવાની ઘટનાઓ બનતી જાય છે. આતંકવાદી પ્રવૃત્તિ સાથે સંકળાયેલ સ્ત્રી/પુરૂષ એ જે તે વિસ્તારમાં સ્લિપર સેલ તરીકે કામ કરતા હોય છે તેઓ પોતાનો ઈરાદો પાર પાડવા માટે ઘરઘાટી, કામવાળી તરીકે કામ કરવાની નોકરી મેળવતા હોય છે. ઘરઘાટી, કામવાળી મહિલાઓ જ્યાં નોકરી કરતા હોય ત્યાં મકાન માલીકની તમામ માહિતીથી વાકેફ હોય તેઓ બનાવટી કોલ દ્વારા ધમકી આપવાના, સાયબર ક્રાઈમને લગતા ગુના, ખંડણી માંગવાની,

અપશબ્દો બોલવાના, મહીલાઓની જાતિય સતામણી કરવાના તેમજ ખોટી માહિતી આપવાના કિસ્સાઓ, અપહરણ તથા ઘરફોડ ચોરીઓ, લુંટ-ધાડ, ચીલઝડપ વિગેરે જેવા ગુનાઓ આચરતાં હોય છે તેઓ સદર માલિકની અંગત માહિતી આપી અન્ય વ્યક્તિ પાસે ગુનાઓ કરાવતાં પણ હોય છે. ઘરઘાટી, કામવાળી મહિલાઓ આતંકવાદી સંસ્થાઓને અગત્યની માહિતી ભેગી કરી પહોંચાડવાનું કામ કરતાં હોય છે.

મકાન માલીક ઘરઘાટી કામવાળી મહિલાઓની જાણ પોલીસ વિભાગને ન કરતાં હોય કોગ્નીઝેબલ તેમજ મિલકત સંબંધી વિગેરે ગુનાઓ બને તેના મૂળ સુધી પહોંચતા આવા વ્યક્તિને જાણ થતી હોય છે, પરંતુ મકાન માલીક પાસે ઘરઘાટી, કામવાળી મહિલાઓની વિગતો/માહિતી ન હોવાના કારણે ચોકકસ આરોપી પકડી શકાતો નથી.

ઉક્ત બાબતોને ધ્યાને રાખી તમામ અસામાજીક પ્રવૃતિઓ ઉપર મહદઅંશે અંકુશમાં લઈ શકાય તે માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવુ જરૂરી જણાય છે.

વાસ્તે હું, એન.આર.ધાધલ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરું છું કે, ભરૂચ જીલ્લામાં તમામ મકાન માલીકો પોતાને ત્યાં ઘરઘાટી અને કામવાળી મહિલાને કોના મારફતે કામે રાખેલ તે વ્યકિતનું માન્ય ઓળખપત્ર, રહેઠાણના પુરાવા વિગેરે દસ્તાવેજો ચકાસવા તેમજ ઘરઘાટી અને કામવાળી મહિલાઓના નામ સરનામાની આ સાથે સામેલ ફોર્મ મુજબની માહિતી મકાન માલિકે પોતાની પાસે રાખવાની રહેશે તેમજ નજીકના પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાની રહેશે.

સદરહું જાહેરનામાનો અમલ હુકમની તારીખથી દિન-૬૦ સુધી રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિને ભારતીય ન્યાય સહિતા ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ કસુરવાર થશે તેમજ આ હુકમના ભંગ બદલ ફરીયાદ માંડવા હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

ગુજરાત પોલીસ અધિનયમ, ૧૯૫૧ ની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીશ્રીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા.૨૯/૩/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

---

**વાંચ્યો:-**

૧) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક/એમએજી/પીઓએલ/વશી/૫૨૦/૨૫ તા.૨૯/૧/૨૦૨૫

૨) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચના પત્ર ક્રમાંક એલ.આઈ.બી/જાહેરનામુ/૧૦૨૮/૨૦૨૫ તા.૨૮/૩/૨૦૨૫

## જાહેરનામું

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું.**

ક્રમાંકઃએમએજી/પીઓએલ/વશી/૧૭૯૦/૨૦૨૫-ગુમચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો તેમજ ભૂતકાળમાં ગુજરાતમાં થયેલ બોમ્બ બ્લાસ્ટ તથા અમુક બનાવોથી જણાયેલ છે કે ત્રાસવાદીઓ / અસામાજીક તત્વો બહારથી આવી શહેર વિસ્તારમાં ગુમ આશરો મેળવી જાહેર સલામતી તથા શાંતિનો ભંગ કરે છે. તેમજ જાહેર જનતાની જાનમાલ મિલકતને નુકશાન પહોંચાડી ગુન્હાઓ કરી નાસી છુટતા હોય છે. આમ આ તમામ ગુનાહિત કામગીરીમાં ગુન્હેગારો એક બીજાના સંપર્ક માટે મોબાઈલ ફોનનો સતત ઉપયોગ કરતા હોવાનું તેમજ મોબાઈલ ફોન/સીમકાર્ડનો ઉપયોગ કરી ગુન્હાઓ કરતા હોવાનું તપાસ એજન્સીઓની તપાસમાં બહાર આવેલ છે.

આમ આવા ગંભીર પ્રકારના ગુન્હા શોધી કાઢવા તથા અટકાવવા ગુન્હામાં વપરાયેલ મોબાઈલ ફોનના IMEI No. નું ટ્રેકીંગ કરી ગુન્હાના મૂળ સુધી પહોંચવાના પ્રયત્નો કરવામાં આવે છે. આવા ઘણા કિસ્સાઓમાં મોબાઈલ ફોન/સીમકાર્ડના વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળેલ છે કે આ મોબાઈલ ફોન કોઈ અજાણ્યા વ્યકિત પાસેથી ખરીદેલ છે. આ મોબાઈલ ફોન વાપરનારને મોબાઈલ ફોન અગાઉ ગુન્હામાં વપરાયેલ કે ચોરાયેલ હોવાની માહિતી હોતી નથી. આમ આ પ્રકારની તપાસમાં આવતાં વિધ્નોના કારણે જ્યારે જુના મોબાઈલ ફોન/સીમ કાર્ડ લેતાં કે વેચતા વખતે મોબાઈલ ફોન/સીમકાર્ડ વેચનાર તથા મોબાઈલ ફોન/ સીમકાર્ડ ખરીદનારનું નામ, સરનામુ, તથા તેની ઓળખ અંગેની હકીકત નોંધણી થાય તે સલામતીની દૃષ્ટિએ અત્યંત આવશ્યક છે.

વાસ્તે હું, એન.આર.ધાધલ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ભારતીય નાગરિક સુરક્ષા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરું છું કે, ભરૂચ જીલ્લા મહેસુલી વિસ્તારમાં જુના મોબાઈલ ફોન/સીમકાર્ડ લે વેચ કરનાર વેપારીએ મોબાઈલ ફોન સીમકાર્ડ લે-વેચ કરતા પહેલાં નીચે જણાવ્યા મુજબના કોલમ સહિતના અલગ અલગ રજીસ્ટર નિભાવવાના રહેશે. તેમજ રજીસ્ટરનો ડેટા ઓછામાં ઓછા એક વર્ષ સુધી વ્યવસ્થિત સાચવી રાખવાનો રહેશે અને આ રજીસ્ટર ચેકીંગમાં આવનાર સક્ષમ પોલીસ અધિકારીશ્રી માંગણી કરે ત્યારે બતાવવાનું રહેશે.

**જુના મોબાઈલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર**

| અ.નં. | મોબાઈલ ફોનની વિગત/કંપની | IMEI No. | મોબાઈલ વેચનાર/ખરીદનારનું નામ, સરનામાની વિગત | ID પુરૂ ની વિગત |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |

| નવા/જુના મોબાઈલ વેચાણ કરતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર | | | | |
|---|---|---|---|---|
| અ.નં. | મોબાઈલ ફોનની વિગત/કંપની | IMEI No. | મોબાઈલ વેચનાર/ખરીદનારનું નામ, સરનામાની વિગત | ID પુરૂ ની વિગત |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | | |
| | | | | |

નવું સીમકાર્ડ વેચતી વખતે વેપારીએ વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

| અ.નં. | સીમકાર્ડની વિગત / કંપનીનું નામ | સીમકાર્ડ NO | સીમકાર્ડ ખરીદનારનું નામ, સરનામાની વિગત | ID પ્રુફની વિગત | સીમકાર્ડ ખરીદનારની સહિ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| | | | | | |

સદરહું જાહેરનામાનો અમલ હુકમની તારીખથી દિન-૬૦ સુધી રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ કસુરવાર થશે તેમજ આ હુકમના ભંગ બદલ ફરીયાદ માંડવા હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૧૬૩ મુજબ પોલીસ અધિકારીશ્રીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા.૨૯/૩/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

---

**વાંચ્યો:-**

૧) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક/એમએજી/પીઓએલ/વશી/૫૨૧/૨૫ તા.૨૯/૧/૨૦૨૫

૨) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચના પત્ર ક્રમાંક એલ.આઈ.બી/જાહેરનામુ/૧૦૨૮/૨૦૨૫ તા.૨૮/૩/૨૦૨૫

## જાહેરનામું

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું**

ક્રમાંક:એમએજી/પીઓએલ/વશી/૧૭૯૧/૨૦૨૫-ભારત દેશમાં કેટલાક સ્થળે આતંકવાદ અને ત્રાસવાદ કૃત્યો બનાવો બનવા પામેલ છે.ભરૂચ જીલ્લા કક્ષાએ આવા કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ભરૂચ જીલ્લા કક્ષાએ જીલ્લા પોલીસ તંત્ર દ્વારા સાવચેતીનાં પગલા રૂપે ધનિષ્ટ ચેકીંગ તથા અનેક વિવિધ પ્રકારના પગલાંઓ લેવાઈ રહેલ છે. ત્રાસવાદીઓ દરિયાઈ માર્ગે આવી નર્મદા નદીમાં ઉપસી આવેલા ટાપુઓ તેમજ આલીયાબેટ ઉપર આવી રોકાણ કરે તેવી પુરતી શકયતા છે. અને તેઓ રાષ્ટ્ર વિરોધી તેમજ દાણચોરી જેવી ગેરકાયદેસર અને અસામાજીક પ્રવૃતિઓ કરતાં ઈસમો ને મળી નિર્જન ટાપુઓ ઉપર આશ્રય મેળવી હથિયાર કે નશાકારક પદાર્થો છુપાવે તેવી શકયતાઓ નકારી શકાય નહીં. ત્રાસવાદી જુથો/સંગઠનો ધ્વારા દેશના મહત્વના ચાવીરૂપ સંસ્થાનો તેમજ મહત્વના ધાર્મિક સ્થાનો,ભીડભાડવાળા સ્થળોએ હુમલો કરી ભાગફોડ કરવી, હિંસા કરી ભાંગફોડ કરવી, હિંસા અને ત્રાસ ફેલાવવાની શક્યતાને ધ્યાને લઈ જન સલામતી ન જોખમાય તેમજ જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય તેના માટે તકેદારીના પગલા લેવા જરૂરી જણાય છે.

ભરૂચ જીલ્લામાં નર્મદા નદીમાં સરફુદીન બેટ, દશાન બેટ, મહેગામ બેટ, વેંગણી બેટ નદીમાં ચોમાસાની સીઝન પછી પાણી ઓછું હોવાના કારણે ઉપસી આવેલાં છે. આ બેટ ઉપર કોઈ માનવ વસ્તી આવેલ નથી. જયારે દરીયા કિનારે આવેલ આલીયાબેટમાં લોકોની વસ્તી આવેલ છે.જેઓ પશુપાલન તથા માછીમારી કરે છે.આ ટાપુ કાયમી ટાપુ છે.જે હાઈ ટાઈડ તેમજ નદીમાં પુર વખતે પણ ડુબતો નથી.આલીયાબેટ, સુરફુદીન બેટ, દશાન બેટ, મહેગામ બેટ, વેગણી બેટ પર અધિકૃત કરેલ અધિકારીશ્રીની પૂર્વ મંજુરી વગર કોઈપણ અન્ય વ્યકિત પ્રવેશ કે કોઈપણ પ્રકારના બાંધકામ કે ધાર્મિક મેળાવડા ન કરે તે માટે કોઈપણ વ્યક્તિને ટાપુ પર પ્રવેશ કરતા રોકી શકાય તેમજ ગેરકાયદેસર પ્રવેશ કરનાર વ્યકિત ઉપર કાનુની પગલાં લઈ શકાય અને જરૂરી વ્યવસ્થા કરી આવી પ્રવૃતિઓ ઉપર જરૂરી નિયંત્રણો મુકવા જાહેરહિત અને જીલ્લાની સુરક્ષા માટે જરૂરી જણાય છે.

વાસ્તે હું, એન.આર.ધાધલ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરું છું કે, ભરૂચ જીલ્લામાં નર્મદા નદીમાં આવેલ સરફુદીન બેટ, દશાન બેટ, મહેગામ બેટ, વેંગણી બેટ, આલીયાબેટ પર પોલીસ વિભાગની પૂર્વ મંજુરી વગર કોઈ પણ અન્ય વ્યક્તિ પ્રવેશ કે કોઈપણ પ્રકારના બાંધકામ તથા ધાર્મિક મેળાવડા કરી શકશે નહીં.

સદરહું જાહેરનામાનો અમલ હુકમની તારીખથી દિન-૬૦ સુધી રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ કસુરવાર થશે તેમજ આ હુકમના ભંગ બદલ ફરિયાદ માંડવા હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીશ્રીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા.૨૯/૩/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

---

**વાંચ્યો:-**

૧) અત્રેની કચેરીના સુધારા જાહેરનામા ક્રમાંક/એમએજી/પીઓએલ/વશી/૫૨૩/૨૫ તા.૨૯/૧/૨૦૨૫

૨) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચના પત્ર ક્રમાંક એલ.આઈ.બી/જાહેરનામુ/૧૦૨૮/૨૦૨૫ તા.૨૮/૩/૨૦૨૫

## જાહેરનામું

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું**

ક્રમાંક:એમએજી/પીઓએલ/વશી/૧૭૯૨/૨૦૨૫ -ગુમચર સંસ્થાઓના વખતો-વખત પ્રસિધ્ધ થતાં અહેવાલો તથા વર્તમાનમાં અને ભૂતકાળમાં બનેલ આતંકવાદી તત્વો દ્વારા વિવિધ જગ્યાએ બોમ્બ બ્લાસ્ટ દ્વારા જાનહાની, માલ મિલ્કતોને નુકશાન પહોચાડી ભયનો માહોલ સર્જવાની ઘટનાઓ ઘટેલ છે. અને આ ઘટનાઓમાં મોટે ભાગે બોમ્બ બ્લાસ્ટ માટે જુની સાયકલો તેમજ જુના સ્કૂટર અને જુની કારો તથા અન્ય જુના વાહનો તથા સ્પેર પાર્ટોનો ઉપયોગ આ તત્વો દ્વારા કરાતો હોય છે, અને આ પ્રકારની અસામાજીક પ્રવૃતિઓ આચરતા તત્વો મોટે ભાગે રાજય બહારના પર પરપ્રાંતીય વિસ્તારમાંથી પ્રવેશી ભૌગોલિક પરિસ્થિતિથી વાકેફ થઈ આ પ્રકારની અસામાજીક પ્રવૃત્તિ આચરતાં હોય છે. જેના કારણે જાહેર સલામતી, સુરક્ષા તેમજ શાંતીનું વાતાવરણ જોખમાવાના કારણે સામાન્ય નાગરીકો તેમજ પ્રજામાં અસુરક્ષાનો માહોલ ફેલાય છે અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળતી હોય છે. જેથી, આ પ્રકારના તત્વોને નિયંત્રણમાં લેવા જરૂરી જણાય છે.

વાસ્તે હું, એન.આર.ધાધલ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિત-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરું છું કે, ભરૂચ જીલ્લાના સમગ્ર વિસ્તારમાં જુના સ્કૂટર અને જુની કારો તથા અન્ય જુના વાહનો તથા સ્પેર પાર્ટો ખરીદનાર/વેચનારનાઓએ નીચે જણાવેલ શરતને આધીન રહી કાર્યવાહી કરવાની રહેશે.

### ફરજિયાત કરવાની કામગીરી :-

(૧) જુની કારો તથા અન્ય જુના વાહનો-ટુ વ્હીલ, થ્રી વ્હીલ, ફોર વ્હીલ તથા સ્પેર પાર્ટો ખરીદનાર વેચનારનાઓએ નીચે મુજબની કોલમ વાઈઝની માહીતી અંગેનું રજીસ્ટર ફરજીયાતપણે નિભાવવાનું રહેશે તથા આ રજીસ્ટર પોતાની પાસે નાશ ન થાય તે રીતે રેકર્ડ રૂપે જાળવવાનું રહેશે. તેમજ ચેકીંગમાં આવનાર સક્ષમ પોલીસ અધિકારીશ્રી માંગણી કરે ત્યારે બતાવવાનું રહેશે.

| અ.નં. | વેચનારનું નામ/સરનામું અને વેચવાનું કારણ | ખરીદનારનું નામ/સરનામુ તથા મોબાઈલ નંબર | ખરીદનારનું આઈ.ડી.પ્રુફ તથા રેસીડન્ટ પ્રુફની વિગત | જુનુ ખરીદવાનું/ખરીદયા અંગેનું કારણ અને તારીખ | એન્જીન/ચેસીસ નંબર/મોડલ નંબર/રજીસ્ટ્રેશન નંબર વિગેરેની વિગત અંગેની ઝેરોક્ષ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| | | | | | |

આ જાહેરનામાનો અમલ હુકમની તારીખથી દિન-૬૦ સુધી રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ કસુરવાર થશે તેમજ આ હુકમના ભંગ બદલ ફરીયાદ માંડવા હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીશ્રીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા.૨૯/૩/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

---

**વાંચ્યો:-**

૧) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક/એમએજી/પીઓએલ/વશી/૫૨૪/૨૫ તા.૨૯/૧/૨૦૨૫

૨) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચના પત્ર ક્રમાંક એલ.આઈ.બી/જાહેરનામુ/૧૦૨૮/૨૦૨૫ તા.૨૮/૧/૨૦૨૫

## જાહેરનામું

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું**

ક્રમાંક:એમએજી/પીઓએલ/વશી/૧૭૯૩/૨૦૨૫-ગુપ્તચર સંસ્થાઓના વખતો વખત પ્રસિધ્ધ થતાં અહેવાલો તથા વર્તમાનમાં અને ભુતકાળમાં બનેલ તથા તાજેતરમાં વિવિધ જગ્યાઓએ બોમ્બ બ્લાસ્ટ દ્વારા જાનહાની, માલ-મિલ્કતોને નુકશાન પહોંચાડી ભયને માહોલ સર્જવાની ઘટનાઓ બનેલ છે, અને આ પ્રકારની અસામાજીક પ્રવૃતિઓ આચરતા તત્વો મોટે ભાગે રાજય બહારના વિસ્તારમાંથી પ્રવેશી ખાનગી વાહનોના ઉપયોગ ધ્વારા હોટલ/ગેસ્ટ હાઉસ, મોટા રેસ્ટોરન્ટ, બેકીંગ સંસ્થાઓ, એ.ટી.એમ.સેન્ટરો, મલ્ટી પ્લેક્સ થિયેટર, લોજીંગ, બોર્ડીંગ, ધર્મશાળાઓ, આંગડીયા પેઢીઓ, ઔદ્યોગિક એકમો, પેટ્રોલ પંપો, ટોલ પ્લાઝા, ધાર્મિક સ્થળો, સોના-ચાંદીની દુકાનો, કોર્મશીયલ સેન્ટરો સહીતના જાહેર સ્થળોએ રોકાણ કરી / હીલચાલ કરી ભૌગોલીક પરિસ્થિતિથી વાકેફ થઈ આ પ્રકારની પ્રવૃત્તિ આચરતા હોય છે.જેના કારણે જાહેર સલામતી સુરક્ષા તેમજ શાંતીનું વાતાવરણ જોખમાવાના કારણે આમ નાગરીકો તેમજ પ્રજમાં અસુરક્ષાનો માહોલ ફેલાય છે અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળતી હોય છે.

જેથી આ પ્રકારના તત્વોને નિયંત્રણમાં લેવા સારૂ તેઓ ઉપર સઘન દેખરેખ રાખી શકાય તેમજ આ પ્રકારની પ્રવૃતિઓના બનાવો બનતા અટકાવી શકાય તે હેતુસર ઉપરોક્ત તમામ જગ્યાઓએ સી.સી.ટી.વી. કેમરા (નાઈટવિઝન તથા હાઈડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ રાખવામાં આવે તો આતંકવાદી તત્વો દ્વારા આચરવામાં આવતી બોમ્બ બ્લાસ્ટની પ્રવૃતિને અંજામ આપતાં પહેલાં જ અંકુશમાં લઈ શકાય અને ગુનાખોરી પ્રવૃતિઓ જેવી કે ચોરી, ધાડ, લૂંટ, ચીલઝડપ જેવાં મિલ્કત સબંધી ગુનાઓ બનતાં અટકાવી શકાય અને ગુનો બન્યા પછી તેનો ભેદ ઉકેલવામાં તપાસ એજન્સીઓને મદદ મળી રહે. જેથી ઉપરોકત જણાવેલ તમામ સ્થળોએ સી.સી.ટી.વી કેમેરા (નાઈટવિઝન તથા હાઈડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સિસ્ટમ સાથે લગાડાવી ઉપરોકત તમામ પ્રવૃતિઓ ઉપર જરૂરી નિયંત્રણો મુકવા જાહેરહિત અને જીલ્લાની સુરક્ષા માટે જરૂરી જણાય છે.

જિલ્લા બાળ સુરક્ષા અધિકારી, જિલ્લા બાળ સુરક્ષા એકમ, ભરૂચએ આમુખ(૨)ના પત્રથી શીડયુઅલ H, H1 & X ડ્રગ્સનું વેચાણ કરતા તમામ મેડીકલ/ફાર્મસી સ્ટોલની અંદર તથા બહાર હહતઅ કેમેરા લગાવવા બાબતે જાહેરનામું બહાર પાડવા જણાવતા અત્રેથી પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચ પાસે અભિપ્રાય મંગાવતા તેઓના આમુખ (૩) ના પત્રથી શીડયુઅલ H,H1 & X ડ્રગ્સનું વેચાણ કરતા તમામ મેડીકલ/ફાર્મસી સ્ટોલની અંદર તથા બહાર હહતએ કેમેરા લગાવવા બાબતે જાહેરનામું બહાર પાડવા હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

વાસ્તે હું, એન.આર.ધાધલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૪ કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરું છું કે, ભરૂચ જીલ્લા સમગ્ર વિસ્તારમાં આવેલ હોટલો/ લોજ / ગેસ્ટ હાઉસો / ધર્મશાળાઓ તથા હોસ્ટેલો (ભાડાથી, રાહત દરે ચાલતી કે સખાવતથી ચાલતી તમામ સરકારી, ખાનગી કે ધાર્મિક ટ્રસ્ટની વ્યવસ્થાઓ / સંસ્થાઓ) તેમના ત્યાં રહેવા આવતા તમામ મહેમાનો / મુસાફરોની સંપૂર્ણ વિગતો જેવી કે, નામ, સરનામા, ફોન /મોબાઈલ નંબર, ફોટા, ઓળખકાર્ડ, જે વાહન લઈને આવેલ હોય તે વાહનનો રજીસ્ટ્રેશન નંબર અને કંપની / મોડલ દર્શાવતી વિગતો નિયત અને અધિકૃત કરાયેલા રજીસ્ટરોમાં રાખવા તથા ભરૂચ જિલ્લામાં આવેલ તમામ હોટલો, ટોલ પ્લાઝાઓ, પેટ્રોલપંપ ઉપરનાં ફીલીંગ સ્ટેશન, સીએનજી / એલપીજી પંપ ઉપરનાં ફીલીંગ સ્ટેશન, તથા તેની બાજુમાં આવેલ દુકાનના માલિકો, મેનેજરો, સંચાલક, ટ્રસ્ટીઓએ તથા શીડયુઅલ H, H1 & X ડ્રગ્સનું વેચાણ કરતા તમામ મેડીકલ/ફાર્મસી સ્ટોલ નીચે જણાવેલ શરતોને આધીન સી.સી. ટી.વી. કેમેરા ગોઠવવાના રહેશે.

(૧) જીલ્લામાં આવેલ તમામ હોટલ/ગેસ્ટ હાઉસ, મોટા રેસ્ટોરન્ટ, બેકીંગ સંસ્થાઓ, એ.ટી.એમ.સેન્ટરો, મલ્ટી પ્લેક્ષ થીયેટર, લોજીંગ, બોર્ડીંગ, ધર્મશાળાઓ, આંગડીયા-પેઢીઓ, મેડીકલ સ્ટોર, ઔધોગિક એકમો, ધાર્મિક સ્થળો, સોના, ચાંદીની દુકાનો, કોમર્શીયલ સેન્ટરો, પેટ્રોલ પંપ તથા હોટલો ઉપર તથા હાઈવે ઉપર આવેલ તમામ ટોલ પ્લાઝાઓ ઉપર વાહનનો રજીસ્ટ્રેશન નંબર સ્પષ્ટ રીતે દેખાય તે રીતે તેમજ વાહન ચાલક તથા તેની બાજુમાં બેઠેલી વ્યકિતઓનું વીડીયો રેકોર્ડીંગ થઈ શકે તેમજ બેંકિંગ સંસ્થાઓ, આંગડીયા પેઢીઓ, સોના-ચાંદીની દુકાનો અને કોર્મશિયલ સેન્ટરો, શીડયુઅલ H,H1 & X ડ્રગ્સનું વેચાણ કરતા તમામ મેડીકલ/ ફાર્મસી સ્ટોલમાં આવતાં-જતાં તમામ વ્યક્તિઓ સ્પષ્ટ રીતે ઓળખી શકાય તે રીતે સી.સી.ટી.વી કેમેરા, નાઈટ વિઝન કેમેરા હાઈ ડેફીનેશન સાથે ગોઠવવાના રહેશે.

(૨) સી.સી.ટી.વી કેમેરા (નાઈટવિઝન તથા હાઈ ડેફીનેશન) વીથ રોકોર્ડીંગ સિસ્ટમની વ્યવસ્થા કરવાની રહેશે.

(૩) સી.સી.ટી.વી કેમેરાનો ડેટા ઓછામાં ઓછા ૩૦ દિવસ સુધી સંગ્રહ કરવાની જવાબદારી જે તે જગ્યાના સંચાલકશ્રીની રહેશે.

(૪) ઉપરોકત જણાવેલ સ્થળોની બહારના ભાગે પી.ટી.ઝેડ કેમેરા ગોઠવવાના રહેશે.

(૫) ઉપરોક્ત જણાવેલ સ્થળોના પાર્કિંગની જગ્યાઓમાં સંપૂર્ણ જગ્યાનું કવરેજ થાય તે રીતે કેમેરા ગોઠવવાના રહેશે.

(૬) રીસેપ્શન સેન્ટર, લોબી, બેઝમેન્ટ તથા જાહેર પ્રજા માટે પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓનું સંપૂર્ણ કવરેજ થાય તે રીતે કેમેરા ગોઠવવાના રહેશે.

સદરહું જાહેરનામાનો અમલ હુકમની તારીખથી દિન-૬૦ સુધી રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ કસુરવાર થશે તેમજ આ હુકમના ભંગ બદલ ફરીયાદ માંડવા હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીશ્રીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા.૨૯/૩/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

---

**વાંચ્યો:-**

૧) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક/એમએજી/પીઓએલ/વશી/૫૨૫/૨૫ તા.૨૯/૧/૨૦૨૫

૨) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચના પત્ર ક્રમાંક એલ.આઈ.બી/જાહેરનામુ/૧૦૨૮/૨૦૨૫ તા.૨૮/૩/૨૦૨૫

## જાહેરનામું

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે**

ક્રમાંક:એમએજી/પીઓએલ/વશી/૧૭૯૫/૨૦૨૫ -ગુમચર ખાતાના અહેવાલ તથા દેશના અલગ અલગ રાજયોમાં તથા ગુજરાતમાં ભુતકાળમા બનેલા અનેક રાષ્ટ્રવિરોધી બનાવો જેવા કે ત્રાસવાદ, બોમ્બ બ્લાસ્ટ જેવાં બનાવો બનેલ છે. જે બનાવોને અંજામ આપતાં આરોપીઓ મોટે ભાગે રાજય બહારના અને જીલ્લા બહારના હોય છે. જે આરોપીઓ શરૂઆતમાં એક આમ નાગરીક તરીકે દુકાનો, એકમોમાં કામ કરવા સારૂ રોજગારી મેળવવા ના બહાને રોજગારી મેળવી રોકાઈ અને સ્થાનિક ભૌગોલીક પરિસ્થિતિથી વાકેફ થઈ અને ત્રાસવાદી, ભાંગફોડીયા પ્રવૃતિ, ચોરી, લુંટ, ધાડ, હત્યા જેવા ગંભીર પ્રકારના ગુનાઓને અંજામ આપી રોજગારી મેળવી હોય તે જગ્યાએથી નાસી જતાં હોય છે અને તપાસ કરનાર એજન્સીઓ જયારે ગુનાનો ભેદ ઉકેલવાની નજીક સુધી પહોચે ત્યારે પાછળથી જાણવા મળે છે કે ગુનો કરનાર વ્યક્તિનું પુરેપુરૂ નામ સરનામું, વતનનું સરનામું તેમજ તેને કામદાર તરીકે લાવનાર એજન્ટનું નામ સરનામું તેમજ તેના અગાઉનો પૂર્વ ઈતિહાસ વિગેરે માહિતી કામદાર તરીકે રાખનાર માલીક પાસે ઉપ્લબ્ધ હોતી નથી. જેના કારણે આવા કૃત્યો કરનાર ઈસમો ઝડપથી પકડી શકાતા નથી. અને નકકી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જીંદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે છે.

અવારનવાર એવું ધ્યાન ઉપર આવેલ છે કે અસામાજીક તત્વો વ્યવસાયિક જગ્યાઓએ નોકરીના બહાના હેઠળ આશરો મેળવી સર્વે કરી બાદમાં જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે છે. તેમજ માનવ જીંદગીની ખુમારી થાય અને જાહેર જનતાની સંપતીને નુકશાન પહોચાડવાની કોશીષ કરે છે. અને સ્થાનીક પરીસ્થિતિથી માહીતગાર થઈને તેઓની અસામાજીક પ્રવૃતિઓની અંજામ આપતા હોય છે. આવા અસામાજીક તત્વો શહેરમાં તથા જીલ્લાના અલગ અલગ વિસ્તારોમાં રાજય બહારના મજુરો, કડીયાકામ, ઈટોના ભઠ્ઠાના, હોટલ, ધાબા, રેસ્ટોરન્ટ, ગેસ્ટહાઉસમાં, રસોઈયા, ફેકટરી, કારખાના, ખાણીપીણીની દુકાનો લારી ઉપર તથા કલરકામ કરતા કારીગર તરીકે રોજગારી મેળવતા હોય છે. આવા શંકાસ્પદ વ્યકિતઓથી તંત્ર નિયમિત રીતે માહિતગાર થાય તેવા શુભ આશયથી તથા તેના ઉપર જરૂરી નિયંત્રણો મુકવા જાહેરહિત અને જીલ્લાની સુરક્ષા માટે જરૂરી જણાય છે.

વાસ્તે હું, એન.આર.ધાધલ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરું છું કે, ભરૂચ જીલ્લા મહેસુલી વિસ્તારમાં બહારના મજુરોને કામદાર તરીકે રાખનાર જે તે એકમના માલીક, એજન્ટ, દલાલ, લેબર કોન્ટ્રાક્ટર વિગેરેએ આ સાથે સામેલ રાખેલ નિયત ફોર્મમાં જરૂરી વિગતો ભરી ફરજીયાતપણે સંબંધીત પોલીસ સ્ટેશન ખાતે જમા કરાવવાનું રહેશે.

સદરહું જાહેરનામાનો અમલ હુકમની તારીખથી દિન-૬૦ સુધી રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ કસુરવાર થશે તેમજ આ હુકમના ભંગ બદલ ફરીયાદ માંડવા હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીશ્રીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા.૨૯/૩/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

---

**વાંચ્યો:-**

૧) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક/એમએજી/પીઓએલ/વશી/૫૩૩/૨૫ તા.૨૯/૧/૨૦૨૫

૨) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચના પત્ર ક્રમાંક એલ.આઈ.બી/જાહેરનામુ/૧૦૨૮/૨૦૨૫ તા.૨૮/૩/૨૦૨૫

**જાહેરનામું**

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું**

ક્રમાંક:એમએજી/પીઓએલ/વશી/૧૭૯૬/૨૦૨૫-ગુપ્તચર સંસ્થાઓના વખતો-વખત પ્રસિધ્ધ થતા અહેવાલો તથા વર્તમાન અને ભુતકાળમાં બનેલ બનાવો જોતાં, આતંકવાદી તત્વો દ્વારા વિવિધ જગ્યાઓએ બોમ્બ બ્લાસ્ટ દ્વારા જાનહાની, માલ મિલ્કતોને નુકશાન પહોંચાડી ભયનો માહોલ સર્જવાની ઘટનાઓ ઘટેલ છે, અને આ ઘટનાઓમાં મોટે ભાગે બોમ્બ બ્લાસ્ટ કરવામાં સ્લીપરસેલનો ઉપયોગ આતંકવાદી સંસ્થાઓ કરતી હોય છે. આ પ્રકારની અસામાજીક પ્રવૃતિઓ આચરતા તત્વો મોટે ભાગે રાજય બહારના, પરપ્રાંતિય વિસ્તારમાંથી પ્રવેશી ભૌગોલીક પરિસ્થિતિથી વાકેફ થઈ આ પ્રકારની પ્રવૃતિઓ આચરતાં હોય છે. અને ગમે તે રીતે ટ્રાન્સપોર્ટ માં ડ્રાઈવર/કંડકટર તરીકે નોકરી મેળવીને પોતાનો ઈરાદો પુરો કરતાં હોય છે. જેના કારણે જાહેર સલામતી સુરક્ષા તેમજ શાંતિનું વાતાવરણ જોખમાવાના કારણે આમ નાગરીકો તેમજ પ્રજામાં અસુરક્ષાનો માહોલ ફેલાય છે અને કાયદો તથા વ્યવસ્થાની પરિસ્થિતિ કથળતી હોય છે. જેથી આ પ્રકારના તત્વોને નિયંત્રણમાં લેવા માટે ટ્રાન્સપોટેશનનું કામ કરતાં માલીકો તરફથી તેમને ત્યાં જે ડ્રાઈવર તથા કંડક્ટર લકઝરી બસ તથા ટ્રક, ટેમ્પો, ટેન્કર વિગેરે વાહનો ઉપર કામ કરવા રાખવામાં આવે તો તેઓએ ભરતી કરતાં પહેલાં જે તે વ્યકિતનું પુરેપુરૂ નામ, સરનામું જેમાં હાલનું સરનામું અને મુળ વતનનું સરનામું તેમજ તેને અત્રેના જીલ્લામાં કોણ ઓળખે છે તેનું નામ સરનામું તેમજ તેનો અગાઉનો પુર્વ ઈતિહાસ વિગેરેની માહિતી ડ્રાઈવર, કંડકટર તરીકે રાખનાર માલીક પાસે ઉપલબ્ધ હોતી નથી. જેના કારણે આ ડ્રાઈવર, કંડક્ટર ઘણીવાર લાખો રૂપિયાનો માલ સમાન જે તે જગ્યાએ નહીં પહોંચાડી બીજા અન્યને સગેવગે કરીને ગમે ત્યાં વાહન મુકીને જતાં રહે છે. તેમજ આતંકવાદી સંસ્થાઓ તરફથી ડ્રાઈવર, કંડકટરને લાલચ આપી બોમ્બ બ્લાસ્ટ જેવાં બનાવો કરવામાં સ્લીપર સેલ તરીકે ઉપયોગ કરતાં હોઈ છે. અને આવા કૃત્યો કરનાર ઈસમો ગુનો કરીને ભાગી ગયા પછી ઝડપથી પકડી શકાતાં નથી. અને નકકી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જીંદગીની ખુવારી કરી સલામતી અને શાંતિનો ભંગ કરે છે.જેથી આવી પ્રવૃતિઓ ઉપર જરૂરી નિયંત્રણો મુકવા જાહેરહિત અને જીલ્લાની સુરક્ષા માટે જરૂરી જણાય છે.

વાસ્તે હું, એન.આર.ધાધલ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરું છું કે, ભરૂચ જીલ્લા મહેસુલી વિસ્તારમાં જે તે ટ્રાન્સપોર્ટના માલિકોએ આ સાથે સામેલ રાખેલ નિયત ફોર્મમાં જરૂરી વિગતો ભરી ફરજીયાતપણે સંબંધીત પોલીસ સ્ટેશન ખાતે જમા કરાવવાનું રહેશે.

સદરહું જાહેરનામાનો અમલ હુકમની તારીખ થી દિન-૬૦ સુધી રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ કસુરવાર થશે તેમજ આ હુકમના ભંગ બદલ ફરીયાદ માંડવા હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૧૬૩ મુજબ પોલીસ અધિકારીશ્રીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૨૯/૩/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

---

**વાંચ્યો:-**

૧) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક/એમએજી/પીઓએલ/વશી/૫૨૬/૨૫ તા.૨૯/૧/૨૦૨૫

૨) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચના પત્ર ક્રમાંક એલ.આઈ.બી/જાહેરનામુ/૧૦૨૮/૨૦૨૫ તા.૨૮/૩/૨૦૨૫

**જાહેરનામું**

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું**

ક્રમાંક:એમએજી/પીઓએલ/વશી/૧૭૯૭/૨૦૨૫-આમુખ (૧) ના પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચના પત્ર મુજબ ગુપ્તચર સંસ્થાઓના વખતો-વખત પ્રસિધ્ધ થતા અહેવાલો તથા વર્તમાન અને ભુતકાળમાં બનેલ બનાવો તેમજ ગેરકાયદેસરની પ્રવૃતિઓ ધ્યાને લેતાં જણાય છે કે, ભરૂચ જીલ્લામાં ઈન્ડસ્ટ્રીયલ વિસ્તાર આવેલ હોય, જેમાં રોજગારી અર્થે પરપ્રાંતીય આવીને રહે છે અને ભરૂચ જીલ્લાના જુદા જુદા પોલીસ સ્ટેશન વિસ્તારોમાં ધાડ, લૂંટ, ઘરફોડ, ચોરી જેવા મિલ્કત સબંધી ગુનાઓ અવાર નવાર બનવા પામે છે. મિલ્કત સંબંધી ગુનાઓ બનવા પાછળના કારણો પૈકીનું એક કારણ

ભંગારનો ધંધો કરનાર માણસો હોય છે. ભંગાર ઉઘરાવવાની ફેરી કરતાં ઈસમો નાની મોટી ચોરીઓ કરી ભંગાર વેચાણ કરે છે. આવા પ્રકારની ચોરીનો માલ ભંગારનો ધંધો કરનાર ઈસમો રાખતાં હોય છે. પરંતુ લોકો કાયદેસરની પ્રક્રિયામાં પડવાના લીધે આવી નાની ચોરીઓની ફરીયાદો પણ કરતાં હોતા નથી. ભંગારનો ધંધો કરનાર તેમજ ભંગારની ફેરી કરનાર માણસો પૈકી મોટાભાગના ઈસમો પરપ્રાંતીયો હોય છે અને આવા ઈસમો ગુનો કર્યા પછી પોતાના વતનમાં જતાં રહેતાં હોય છે, જેના કારણે તેઓને પકડવામાં પણ મુશ્કેલી પડે છે.

ભરૂચ જીલ્લામાં ચોરી, ધાડ, લૂંટ, મિલ્કત સંબંધી ગુનાઓ નોંધાય છે અને જેમાં ખાસ કરીને ભંગારના ધંધા સાથે સકંળાયેલા ઈસમો મિલ્કત સંબંધી ગુનાઓમાં સંડોવાયેલ છે, જેથી, કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારૂ ભરૂચ જીલ્લા વિસ્તારમાં ભંગારનો ધંધો કરતાં ઈસમો, ભંગારની ફેરી કરતાં ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલા ઈસમો ઉપર નિયંત્રણો મુકવાનું અને જાહેર સલામતી અને સુરક્ષા માટે આવી પ્રવૃતિઓ ઉપર જરૂરી નિયંત્રણો મુકવા જાહેરહિત માટે જરૂરી જણાય છે.

વાસ્તે હું, એન.આર.ધાધલ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂ એ ભરૂચ જીલ્લાના સમગ્ર વિસ્તારમાં નીચે મુજબની સુચનાની અમલવારી કરવા હુકમ કરુ છું.

(૧) ભંગારનો ધંધો કરતાં ઈસમો જે જગ્યાએ ધંધો કરે છે, તે જગ્યા જો પોતાની માલીકીની હોય તો માલીકીપણાના દસ્તાવેજો અને જો ભાડાની જગ્યા હોય તો ભાડા કરાર કરીને રાખવાના રહેશે અનેજમીનના માલીકનું ધંધા અંગેનું સંમતિપત્ર મેળવવાનું રહેશે તેમજ ગેરકાયદેસર જમીનમાં ભંગારનો ધંધો કરી શકાશે નહી.

(૨) ભંગારનો ધંધો કરતાં ઈસમો, ભંગારની ફેરી કરતાં ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમોએ મૂળ વતની હોય ત્યાંથી પોલીસ કલીયરન્સ સર્ટીફીકેટ લાવીને રાખવું તેમજ જે જગ્યાએ હાલમાં રહેતાં હોય ત્યાનું પણ પોલીસ કલીયરન્સ સર્ટીફીકેટ મેળવી રાખવાનું રહેશે.

(૩) ભંગારના ધંધામાં જેટલા માણસો કામે રાખેલ હોય, તેઓના મૂળ વતનના તેમજ જયાં રહેતા હોય ત્યાંના પોલીસ કલીયરન્સ સર્ટીફીકેટ મેળવી રાખવાનું રહેશે.

(૪) ભંગારનો ધંધો કરતાં ઈસમો, ભંગારની ફેરી કરતાં ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમો જે વિસ્તારમાં ભંગારનો ધંધો કરતાં હોય તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં આઈ.ડી.પ્રુફની નકલ આપવાની રહેશે.

૫) ભંગારનો ધંધો કરતાં ઈસમો, ભંગારની ફેરી કરતાં ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમોએ કોઈ ગુનાને લગતો અથવા શક પડતો મુદ્દામાલ તેઓના ધ્યાન ઉપર આવે ત્યારે તુરતજ પોલીસને તે બાબતની જાણ કરવાની રહેશે.

૬) ભંગારનો ધંધો કરતાં ઈસમો, ભંગારની ફેરી કરતાં ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમોએ પોતે ભંગાર જેની પાસેથી ખરીદેલ છે તે વ્યક્તિના આઈ.ડી.પ્રુફની વિગત તથા જથ્થાની વિગત વર્ણન સાથે તથા તેના સંપર્ક નંબરની માહીતી દર્શાવતું રજીસ્ટર નિભાવવાનું રહેશે.

૭) જયારે કોઈપણ વાહન વેચવા આવે ત્યારે આવા વાહનની અસલ આર.સી.બુક વિના વેચાણ કે ખરીદી કરી શકાશે નહીં તથા આવા વાહનો એન્જન નંબર તથા ચેસીસ નંબર અને રજીસ્ટ્રેશન સાથેની માહીતીની તાત્કાલિક પોલીસ સ્ટેશનમાં જાણ કરવાની રહેશે.

આ જાહેરનામાનો અમલ હુકમની તારીખ થી દિન-૬૦ સુધી રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ કસુરવાર થશે તેમજ આ હુકમના ભંગ બદલ ફરીયાદ માંડવા હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીશ્રીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૨૯/૩/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

---

**વંચાણે લીધાં :-**

૧) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક/એમએજી/પીઓએલ/વશી/૫૨૭/૨૫ તા.૨૯/૧/૨૦૨૫

૨) Notification dated: 14/02/2000 of Ministry of Env. & Forests, Govt. Of India

૩) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચના પત્ર ક્રમાંક એલ.આઈ.બી/જાહેરનામુ/૧૦૨૮/૨૦૨૫ તા.૨૮/૩/૨૦૨૫

**જાહેરનામું**

**ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ -૩૩(૧) (એન) અન્વયેનું**

ક્રમાંક:એમએજી/જાહેરનામું/વશી/૧૭૯૮/૨૦૨૫-ભરૂચ જીલ્લામાં જાહેર જગ્યાઓમાં લાઉડસ્પીકર, પબ્લીક એડ્રેસ સિસ્ટમ તેમજ ડીજીટલ સાઉન્ડ સિસ્ટમના અનિયંત્રીત ઉપયોગથી ધ્વનિ પ્રદુષણ થાય છે. જેની નાગરીકોના આરોગ્ય ઉપર વિપરીત અસર થાય છે. તેમજ ધ્વનિ પ્રદુષણના લીધે નાગરીકોના કામમાં તેમજ વિદ્યાર્થીઓના અભ્યાસમાં અડચણ ઉભી થાય છે, અને ઉપરોક્ત સાધનોના અનિયંત્રિત ઉપયોગથી સુલેહભંગ તેમજ સાંપ્રદાયિક કોમી હિંસાના બનાવો બને છે. આથી રહેણાંક વિસ્તાર તથા અવર જવર કરનારાઓને હરકત/ અગવડ ત્રાસ જોખમ, ભય નુકશાન થતું અટકાવવા સારૂ જાહેર જગ્યાઓમાં લાઉડ સ્પીકર, પબ્લીક એડ્રેસ સિસ્ટમ તેમજ ડીજીટલ સાઉન્ડ સિસ્ટમના અનિયંત્રિત ઉપયોગ ઉપર મનાઈ ફરમાવતુ જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે હું એન.આર.ધાધલ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ ભરૂચ સને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ (સને ૧૯૫૧ નાં ૨૨ માં)અધિનિયમની કલમ ૩૩ ની પેટા કલમ ૧ ના પેટા કલોઝ (એન) અન્વયે મળેલ સત્તાની રૂએ નીચે મુજબ પ્રતિબંધાત્મક આદેશ ફરમાવુ છું.

૧) ડી.જે./ લાઉડસ્પીકર અથવા પબ્લિક એડ્રેસ સિસ્ટમના સાધનો બનાવનાર/વેચનાર/ ખરીદનાર/ભાડે આપનાર/ભાડે લેનાર વ્યકિત/સંસ્થાઓએ આ કામ કરતા પોતાના કર્મચારીઓ તથા કાર્યક્રમ અંગેની જે-તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં સંપૂર્ણ વિગતો સાથેની માહિતી વખતો વખત આપવાની રહેશે.

૨) આ રીતે ડી.જે./ લાઉડસ્પીકર અથવા પબ્લિક એડ્રેસ સિસ્ટમનો ઉપયોગ કરતી વખતે નામદાર સુપ્રીમ કોર્ટના વખતો વખતના ચુકાદાના નિર્દેશો ઘોંઘાટ ઉત્પન્ન કરતા અને નીપજાવતા સ્ત્રોતોના નિયંત્રણ અને નિયમન માટે ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ-૧૯૮૬ ની કલમ-૬ તથા ૨૫ હેઠળ ધ્વનિ પ્રદૂષણ(નિયમન અને નિયંત્રણ) નિયમો ૨૦૦૦ સંદર્ભ-૨ તારીખઃ ૧૪/૦૨/૨૦૦૦ ના રોજ જાહેરનામું પ્રસિધ્ધ કરેલ છે, જેમાં તારીખ ૧૧/૦૧/૨૦૨૧ ના રોજ આ નિયમમાં સુધારો કરવામાં આવેલ છે. જે પ્રમાણે ધ્વનિ પ્રદૂષણ નિયમો ૨૦૦૦ અન્વયે ધ્વનિની માત્રાના ધોરણે નીચે મુજબ નકકી કરવામાં આવેલ રજીસ્ટર પણ નિભાવવાનું રહેશે અને નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

| ભાડે લઈ જનારની વિગત | | | | | | ડી.જે.સાધનોની વિગત | | | વિગત | | ભાડે લઈ જનારની સહી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અ.નં. | ભાડે લેનારનું નામ | સરનામું | મો.નં. | હેતુ | વિસ્તાર | ડી.જે../લાઉડ સ્પીકરની વિગત | સ્પીકર એમ્પલી ફાયરની સંખ્યા | કેપેસીટી (ડી.બી) | ભાડે આપ્યાની તારીખ | સમય | |
| | | | | | | | | | | | |

(૩) જાહેર સ્થળોની વ્યાખ્યા નકકી કરાયેલ છે અને જાહેર સ્થળનો કબજો ધરાવનાર ધ્વારા લાઉડ સ્પીકર સિસ્ટમનું તથા અન્ય સાધનોથી ઉત્પન થતા અવાજની માત્રા જે તે વિસ્તારની નિયત માત્રા કરતા વધવી ન જોઈએ, જે અંગે પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

(૪) ઉપર મુજબ ખાનગી સ્થળે થતી કાર્યવાહીના કારણે જે તે વિસ્તારની નિયત માત્રા કરતા ધ્વનિની માત્રા વધવી ન જોઈએ.

(૫) કોઈ ઓડીટોરીયમ કોન્ફરન્સ હોલ કોમ્યુનિટી હોલ કે ખાનગી મકાન જેવા બંધ સ્થળો વિગેરેમાં માઈક સિસ્ટમ અંદરના ભાગે વગાડવા ઉપર કોઈ પ્રતિબંધ નથી પરંતુ તેનો અવાજ જે તે સ્થળેથી બહાર જવો જોઈએ નહી.

(૬) ધાર્મિક સ્થળોમાં કલાક: ૦૬/૦૦ થી કલાક ૨૧/૦૦ સુધી વગર પરવાનગીએ લાઉડ સ્પીકર વાંજિત્રો પબ્લીક એડ્રેસ સિસ્ટમનો ઉપયોગ કરી શકાશે. પરંતુ તેનો અવાજ એ રીતે મર્યાદિત કરેલો હોવો જોઈએ કે સંકુલની હદની બહાર જવો ન જોઈએ.

(૭) લગ્નના વરઘોડા કે અન્ય કોઈ કાર્યક્રમમાં કલાકઃ ૦૬/૦૦ થી કલાકઃ ૨૨/૦૦ દરમ્યાન લાઉડ સ્પીકર અથવા ડી.જે. સિસ્ટમનો ઉપયોગ સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી લઈને કરી શકાશે.

**વિસ્તાર:**

ભરૂચ જીલ્લાનો સમગ્ર વિસ્તાર

**અમલવારી સમયગાળો:**

સદરહું જાહેરનામાનો અમલ હુકમની તારીખ થી ૬૦ દિવસ સુધી.

**શિક્ષા**

સદરહું હુકમના ભંગ બદલ ધ્વનિ પ્રદુષણ રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) નિયમ-૨૦૦૦, ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૨૯૨ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૧૩૧ મુજબ ઉપરોક્ત માલિક, ભાગીદાર, મેનેજર, સંચાલકની વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તેમજ આ હુકમના ભંગ બદલ ફરિયાદ માડવા પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૯/૩/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

---

**વાંચ્યો:-**

૧) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક/એમએજી/પીઓએલ/વશી/૫૨૮/૨૫ તા.૨૯/૧/૨૦૨૫

૨) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચના પત્ર ક્રમાંક એલ.આઈ.બી/જાહેરનામુ/૧૦૨૮/૨૦૨૫ તા.૨૮/૩/૨૦૨૫

**જાહેરનામું**

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું**

ક્રમાંક:એમએજી/પીઓએલ/વશી/૧૭૯૯/૨૦૨૫ -ગુપ્તચર સંસ્થાના અહેવાલ તથા અગાઉ પુલવામા ખાતે સી.આર.પી.એફ.ના કાફલા ઉપર થયેલ આતંકવાદી હુમલો, અસામાજીક તત્વો દ્વારા જમ્મુ કાશ્મીર ખાતે થયેલ બોમ્બ બ્લાસ્ટ તથા મહારાષ્ટ્ર રાજયના પુના શહેરના ભરચક વિસ્તાર જંગલી મહારાજ રોડ ઉપર લગભગ ૪૦ મીનીટના સમયગાળામાં અને ફક્ત એક કિલો મીટરના દાયરામા "Low Intensity"ના ચાર સીરીયલ બ્લાસ્ટ કરવાનો પ્રયત્ન કરવામાં આવેલ તથા તે બોમ્બ એ.ટી.એસ.ધ્વારા ડીફયુઝ કરવામાં આવેલ, તદઉપરાંત નવી દીલ્હી ખાતે માનનીય વડાપ્રધાનશ્રીના નિવાસસ્થાન નજીક ઈઝરાઈલી એમ્બેસીના વાહન ઉપર તા.૧૩/૦૨/૨૦૧૨ના રોજ આતંકવાદી હુમલો કરવામાં આવેલ, તેમજ તા.૦૭/૦૯/૨૦૧૧ના રોજ દિલ્હી હાઈકોર્ટના બહારના ભાગે બોમ્બ બ્લાસ્ટ થયેલ તથા ગુજરાત રાજયમાં ૧૭ જગ્યાએ બોમ્બ બ્લાસ્ટ થયેલ છે. અમદાવાદ શહેર સુરત શહેરમાં જુલાઈ-૨૦૦૮મા થયેલ બોમ્બ ધડાકા ઉપરથી જણાય છે કે આવા ત્રાસવાદી, અસામાજીક તત્વો શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારામાં ગુપ્ત આશરો મેળવી પોતે નકકી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જીદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે.

આવાં ત્રાસવાદી,અસામાજીક તત્વો રહેણાંક તથા ઔધોગીક વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે.તેમજ માનવ જીંદગીની ખુમારી અને જાહેર જનતાની સંપતીને નુકશાન પહોચાડવાની કોશિષ કરે છે. આ માટે ત્રાસવાદી અસામાજીક તત્વો જીલ્લા શહેર તથા અલગ અલગ વિસ્તારોમાં મજુરો, કડીયાકામ, ઈટોના ભઠ્ઠાના, હોટલ, ધાબા, રેસ્ટોરન્ટ, ગેસ્ટહાઉસમાં રસોઈયા, ફેક્ટરી, કારખાના, ખાણીપીણીની દુકાનો લારી ઉપર તથા કલરકામ કરતા કારીગર તરીકે રોજગારી આપી રહેણાંક તથા ઔધોગિક વિસ્તારોમાં મકાન/એકમ ભાડે રાખી રહેતાં હોય છે અને કામદાર તરીકે રાખતાં હોય છે તેવું અગાઉ બનેલા કિસ્સાઓમા જાણવાં મળ્યું છે. જેથી જીલ્લાના અલગ અલગ મકાનો, એકમો તથા દુકાનો ભાડે આપતા માલીકો આવા શંકાસ્પદ વ્યકિતઓથી તંત્રને નિયમીત રીતે માહિતગાર કરે તેવા શુભ આશયથી તથા જો તેમ ન કરે તો તેના ઉપર જરૂરી નિયંત્રણો મુકવા જાહેરહિત અને જીલ્લાની સુરક્ષા માટે જરૂરી જણાય છે.

વાસ્તે હું, એન.આર.ધાધલ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરું છું કે, ભરૂચ જીલ્લા મહેસુલી વિસ્તારમાં અલગ અલગ મકાનો, એકમો તથા દુકાનો ભાડે આપતા માલીકો વિગેરેએ આ સાથે સામેલ રાખેલ નિયત ફોર્મમાં જરૂરી વિગતો ભરી ફરજીયાતપણે સંબંધીત પોલીસ સ્ટેશન ખાતે જમા કરાવવાનું રહેશે.

આ જાહેરનામાનો અમલ હુકમની તારીખથી ૬૦ દિવસ સુધી કરવાનો રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિને ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ -૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે તેમજ આ હુકમના ભંગ બદલ ફરીયાદ માંડવા હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરની કથાના પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીશ્રીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા.૨૯/૩/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

---

**વાંચ્યો:-**

૧) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક/એમએજી/પીઓએલ/વશી/૫૨૯/૨૫ તા.૨૯/૧/૨૦૨૫

૨) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચના પત્ર ક્રમાંક એલ.આઈ.બી/જાહેરનામુ/૧૦૨૮/૨૦૨૫ તા.૨૮/૩/૨૦૨૫

**જાહેરનામું**

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું**

ક્રમાંક:એમએજી/પીઓએલ/વશી/૧૮૦૦/૨૦૨૫-હાલના પ્રવર્તમાન સંજોગોને ધ્યાને લેતાં ભરૂચ જીલ્લાના વિસ્તારોમાં કેટલાક ઈસમો ઢોર માટે રસ્તા ઉપર ઘાસચારો વેચતા હોવાનું ધ્યાને આવેલ છે તેમજ રસ્તા પર રખડતા ઢોરો જોવા મળે છે. જે બાબતે લોકોના સ્વાસ્થ અને જાહેર માર્ગ પરની સલામતીને ભયરૂપ છે. જેથી માર્ગ અકસ્માત નિવારવા અને જાહેર જનતાની સલામતી હેતુસર ભરૂચ જીલ્લા વિસ્તારના જાહેર માર્ગો, ફુટપાથ તથા જાહેર સ્થળો ઉપર કોઈપણ વ્યક્તિ દ્વારા ઘાસચારાનું વેચાણ કરવા તથા જાહેરમાં પશુઓને ઘાસચારો નાંખવા તેમજ જાહેરમાં પશુઓને રાખવા કે ખુલ્લા રખડતાં મુકવા બાબતે પ્રતિબંધ મુકવો જરૂરી જણાતો હોઈ, રખડતાં ઢોરોનો ઉપદવ અટકાવવા બાાબતનું જાહેરનામું સમગ્ર ભરૂચ જીલ્લાના વિસ્તાર માટે પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચે આમુખ(૨)ના પત્રથી દરખાસ્ત રજુ કરેલ છે.

વાસ્તે, હું એન.આર.ધાધલ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ભરૂચ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ ૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, માર્ગ અકસ્માત નિવારવા અને જાહેર જનતાના આરોગ્ય અને સલામતીના હેતુ માટે સમગ્ર ભરૂચ જીલ્લા વિસ્તારના જાહેર માર્ગો, ફુટપાથ તથા જાહેર સ્થળો ઉપર કોઈપણ વ્યક્તિ ધ્વારા ઘાસચારાનું વેચાણ કરવા, જાહેરમાં પશુઓને ઘાસચારો નાંખવા તેમજ જાહેરમાં પશુઓને રાખવા કે ખુલ્લા રખડતાં મુકવા બાબતે પ્રતિબંધ ફરમાવતો હુકમ કરું છું.

**:- શિક્ષા -:**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિને ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ ગુનાને પાત્ર થશે. તેમજ આ હુકમના ભંગ બદલ ફરીયાદ માંડવા હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામું હુકમની તારીખથી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૨૯/૩/૨૦૨૫ના રોજ મારી સહી તથા સીકકો કરી આપ્યો છે.

---

**વાંચ્યો:-**

૧) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક/એમએજી/પીઓએલ/વશી/૫૩૧/૨૫ તા.૨૯/૧/૨૦૨૫

૨) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચના પત્ર ક્રમાંક એલ.આઈ.બી/જાહેરનામુ/૧૦૨૮/૨૦૨૫ તા.૨૮/૩/૨૦૨૫

**જાહેરનામું**

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું.**

ક્રમાંક:એમએજી/પીઓએલ/વશી/૧૮૦૧/૨૦૨૫ -આમુખ (૨)ના પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચના પત્ર અન્વયે હાલના પ્રર્વતમાન સંજોગો તથા ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો અને ભૂતકાળમાં બનેલ બનાવો તેમજ વિદેશી નાગરીકો દ્વારા કરેલ ગેરકાયદેસરની પ્રવૃતિઓ તેમજ ભુતકાળમાં બનેલ બનાવો ધ્યાને લેતાં તેમજ અનુભવે જણાય છે કે, વિદેશથી આવતા નાગરીકોની માહિતી આપતુ જાહેરનામું પ્રસિધ્ધ કરવુ ખુબજ જરૂરી છે. વિદેશથી આવતા આવા નાગરીકો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે તથા હોટેલ, લોજ, બોર્ડીંગ વિગેરે જગ્યાનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓ ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. જેથી વિદેશી નાગરીકોને ભાડેથી મકાન, હોટેલ, લોજ, બોર્ડીંગમાં આશરો આપતા માલિકો ઉપર નિયંત્રણો મુકવાનું અને જાહેર સલામતી અને સુરક્ષા માટે આવી પ્રવૃતિઓ ઉપર જરૂરી નિયંત્રણો મુકવા જાહેરહિત માટે જરૂરી જણાય છે.

વાસ્તે હું, એન.આર.ધાધલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ ૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ ભરૂચ જીલ્લાના સમગ્ર વિસ્તારમાં નીચે મુજબની સુચનાની અમલવારી કરવા હુકમ કરું છું.

૧. ભરૂચ જીલ્લા વિસ્તારના મકાન, હોટેલ, લોજ, બોર્ડીંગ, ગેસ્ટ હાઉસ વિગેરે મિલકતો વિદેશી નાગરીકોને ભાડેથી આપતા માલિકો કોઈપણ વિદેશી વ્યક્તિને ભાડે આપે ત્યારે તેની જાણ 24 કલાકમાં પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચની કચેરી એલ.આઈ.બી.શાખા ખાતે ફોરેનર્સ બ્રાંચમાં

તેમજ સંબધીત પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે. તેમજ નીચે જણાવેલ શરતો સિવાય કોઈપણ વિદેશી વ્યક્તિને હોટેલ, લોજ,બોર્ડીંગ વિગેરે મિલકત માલિકો ભાડે આપી શકશે નહી.

૨. હોટેલ, લોજ, બોર્ડીંગમાં વિદેશી નાગરીક આવે ત્યારે તેના પાસપોર્ટ, વિઝા અને ભારતમાં આવ્યા અંગેની વિગતો સહિતની કોપી લેવી અને રેકર્ડમાં રાખવી.

૩. વિદેશી નાગરીકના પાસપોર્ટ, વિઝા અને ભારતમાના સરનામા અને વિદેશી નાગરીક તરીકે નોંધણી કરાવેલ હોય તો રેસીડેન્સીયલ પરમીટની કોપી મેળવવી અને રેકોર્ડમાં રાખવી.

૪. વિદેશી નાગરીકોને લગતા સી-ફોર્મ નિયમ મુજબ સી-ફોર્મ ફોરેનર્સ રજીસ્ટ્રેશન રૂલ્સ સને ૧૯૩૯ મુજબના નમુના મુજબ ફોર્મ પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચની એલ.આઈ.બી.શાખા ખાતે ફોરેનર્સ બ્રાંચમાં ૨૪-કલાકમાં રીપોર્ટ સહિત રજુ કરવાના રહેશે.

૫. અજાણ્યા વિદેશી નાગરીકોને હોટેલ, લોજ, બોર્ડીંગ કે મકાનો ભાડેથી આપવા નહી.

૬. વિદેશી વિઝીટરનું બુકીંગ કરાવનારના નામ, સરનામાં, ટેલીફોન સહિતના નકકર પુરાવા મેળવી રેકર્ડમાં રાખવાના રહેશે.

૭. ભરૂચ જિલ્લામાં વિદેશી નાગરીક કઈ જગ્યાએ કયા કામ માટે કોને કોને મળવાના છે? કેટલો સમય રોકાવાના છે? તેની સંપૂર્ણ વિગત મેળવવી અને રેકર્ડમાં રાખવી.

૮. કોઈપણ વિદેશી મુસાફરની શંકાસ્પદ હલચલ જણાય તો તાત્કાલિક સંબધીત પોલીસ સ્ટેશન ને જાણ કરવી.

૯. હોટેલ, લોજ,બોર્ડીંગમાં સી.સી.ટી.વી.કેમેરાની વ્યવસ્થા રાખવી અને સી.સી.ટી.વી. રેકોર્ડીંગના બેક અપને ત્રણ માસ સુધી રાખવાનું રહેશે.

૧૦. હોટેલ, લોજ, બોર્ડીંગ, ગેસ્ટ હાઉસ, ધર્મ શાળામાં રોકાણ માટે આવતા વિદેશી નાગરીકો જે વાહનમાં આવે તે વાહનનો પ્રકાર, રજીસ્ટ્રેશન નંબર રજીસ્ટરમાં નોંધવાનો રહેશે. જો પબ્લીક ટ્રાન્સપોર્ટમાં આવેલ હોય તો તે મુજબ રજીસ્ટરમાં નોંધ કરવાની રેહશે.

૧૧. વિદેશી નાગરીકોના મોબાઈલ નંબર રજીસ્ટરમાં નોંધવાના રહેશે.

આ જાહેરનામાનો અમલ હુકમની તારીખ થી દિન-૬૦ સુધી રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૨૨૩ હેઠળ કસુરવાર થશે તેમજ આ હુકમના ભંગ બદલ ફરીયાદ માંડવા હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીશ્રીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ ૨૯/૩/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો છે.

---

**વાંચ્યો:-**

૧) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક/એમએજી/પીઓએલ/વશી/૫૩૦/૨૫ તા.૨૯/૧/૨૦૨૫

૨) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચના પત્ર ક્રમાંકઃએલ.આઈ.બી/જાહેરનામુ/૧૦૨૮/૨૫ તા.૨૮/૩/૨૦૨૫

## જાહેરનામું

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે.**

ક્રમાંક:એમએજી/પીઓએલ/વશી/૧૮૦૩/૨૦૨૫.-ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે. પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચએ આમુખ-(૨) થી અત્રેના આમુખ-(૧) ના જાહેરનામાની મુદત પુર્ણ થયેલ હોઈ જીલ્લામાં આવેલ પ્રોહીબીટેડ એરીયા અને આંતરીક સલામતીને અસર કરે તેવા અન્ય સંવેદનશીલ વિસ્તારોને 'નો ડ્રોન ઝોન' જાહેર કરવા બાબતે જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત રજુ કરેલ છે. જે અન્વયે ભારત સરકારશ્રી તરફથી બહાર પાડવામાં આવેલ CAR (Civil Aviation Requirement) નિયમનની સેકશન ૨.૨ માં પ્રોહીબિટેડ એરીયા અંગેની વ્યાખ્યા આપવામાં આવેલ છે તથા CAR નિયમનની સેકશન ૧૩ મુજબ કયાં કયાં વિસ્તારમાં ડ્રોન ઉડાડવાની મનાઈ કરવામાં આવેલ છે, જે લગત સુચનાઓ કરવામાં આવેલ છે, CAR નિયમનમાં આપેલ ઉપરોકત સેકશનની વિગતોનું Unmanned Aircraft System Rules-2021 ની સેકશન-૨ માં વ્યાખ્યા તથા સેકશન-૩૭ માં ઓપરેશન એરિયાનું પુનરાવર્તન કરવામાં આવેલ છે.

ગૃહ વિભાગ, ભારત સરકારના પત્ર ક્રમાંક:VI-23014/209/IND/2018-VS, તા.૨૬/૦૨/૨૦ થી વાયટલ ઈન્સ્ટોલેશન એરીયા અને આંતરીક સલામતીને અસર કરે તેવા અન્ય સંવેદનશીલ વિસ્તારોને 'નો ડ્રોન ઝોન' જાહેર કરવા માટે સુચનો કરવામાં આવેલ છે.જે અનુસંધાને ગૃહ વિભાગ, ગુજરાત સરકારશ્રીના પત્ર ક્રમાંક:SB-1/KAV/102018/GOI-317,તારીખ:૦૬/૦૭/૨૦૨૧ થી પણ ઉપરોકત વિગતે સુચનો કરવામાં આવેલ છે.

સદરહું બાબતે ભારત સરકાર તરફથી તા.૧૦/૦૫/૨૦૧૯ ના રોજ એસ.ઓ.પી બહાર પાડવામાં આવેલ છે, જેની સેકશન ૧૬-ડી માં જે જોગવાઈ કરવામાં આવેલ છે, તે અનુસાર કાર્યવાહી હાથ ધરવા અને પ્રોહીબિટેડ એરિયા અને આંતરિક સલામતીને અસર કરે તેવા અન્ય સંવેદનશીલ વિસ્તારોને 'નો ડ્રોન ઝોન' જાહેર કરવા જરૂરી કાર્યવાહી હાથ ધરવા જરૂરી સુચના કરવામાં આવેલ છે. જે અન્વયે આમુખ-(૧) થી પ્રસિધ્ધ કરવામાં આવેલ જાહેરનામાની મુદત વધારવી આવશ્યક જણાય છે.

વાસ્તે, હું એન.આર.ધાધલ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ અધિકારની રૂ એ ફરમાવું છું કે, રેડ તથા યલો કેટેગરી વાઈઝ આ સાથે સામેલ પત્રક મુજબ યુનિટ નં.૧ થી ૯૩ મુજબના તમામ વાયટલ ઈન્સ્ટોલેશન આંતરિક સલામતીને અસર કરે તેવા અને સંવેદનશીલ વિસ્તારોને 'નો ડ્રોન ઝોન' જાહેર કરી ડ્રોન કે રીમોટથી કંટ્રોલ કરાતાં એરીયલ મિસાઈલ કે પેરાગ્લાઈડર રીમોટ કંટ્રોલ, માઈકો લાઈટ એરક્રાફ્ટ ચલાવવાની મનાઈ ફરમાવતો હુકમ કરું છું.

**શિક્ષા**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમના ભંગ બદલ ફરીયાદ માંડવા હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાનો અમલ હુકમની તારીખથી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આજ તા.૨૯/૩/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

---

**વાંચ્યો:-**

૧) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક/એમએજી/પીઓએલ/વશી/૫૩૨/૨૫ તા.૨૯/૧/૨૦૨૫

૨) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચના પત્ર ક્રમાંકઃએમએજી/જાહેરનામુ/વશી/૧૦૨૮/૨૫ તા.૨૮/૩/૨૦૨૫

**જાહેરનામું**

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનું**

ક્રમાંક-એમએજી/પીઓએલ/વશી/૧૮૦૨/૨૦૨૫-ભરૂચ જીલ્લામાં મોટા પ્રમાણમાં ઔદ્યોગિક એકમો આવેલ હોય કેમીકલ કંપનીઓનો ગેસ જો સસામાજીક તત્વો દ્વારા બોમ્બથી બ્લાસ્ટ કરવામાં આવે તો આખા ભરૂચ જીલ્લાની પ્રજા તંત્રના જાનમાલને નુકશાન થઈ શકે તેમ છે. જેથી જીલ્લામાં આવેલ જી.આઈ.ડી.સી.ની કંપનીઓ મોટા ઉદ્યોગો, ટોલટેક્ષ, સોસાયટીઓ, રહેણાંક, વિસ્તારો હોટલો,બેંક, એ.ટી, એમ, રિસોર્ટ, ફરવાના સ્થળે, ધાર્મિક સ્થળો, મેળાઓ, શોપીંગ મોલ, સ્કુલો, કોલેજો, સરકારી તેમજ ખાનગી સંસ્થાઓ વિગેરે ઉપર સુરક્ષા કર્મચારીઓને રાખવામાં આવે છે, જે સુરક્ષા કર્મચારીઓ પ્રાઈવેટ સિકયુરીટી એજન્સીઓ તરફથી લાયસન્સ મેળવ્યા પછી ભરતી કરીને જે તે કંપની તેમજ હોટલો વિગેરે ઉપર સપ્લાય કરે છે અને તે અંગેની જાણ જે તે પોલીસ સ્ટેશનમાં તેમજ એસ.ઓ.જી ભરૂચમાં કરતા નથી. જેથી હવે પછીથી કોઈપણ પ્રાઈવેટ સિક્યુરીટી એજન્સીઓએ પોતાને ત્યા ભરતી કરેલ સિક્યુરીટી ગાર્ડ, સિક્યુરીટી ગનમેન અને સુપરવાઈઝરના બાયોડેટા તૈયાર કરી તેમજ તેઓનુ વેટીફીકેશન ફોર્મ વિગતવારનું ભરી તેની સાથે તેના વતનના પુરાવા તરીકે આધાર કાર્ડની ઝેરોક્ષ કોપી સામેલ રાખી તે પછી જ જેતે ગાર્ડ, ગનમેન અને સુપરવાઈઝરનું વેરીફીકેશન કરાવ્યા પછી જે તેઓને કોઈપણ કંપની, મોટા ઉદ્યોગો, ટોલટેક્ષ સોસાયટીઓ, વિસ્તારો હોટલો, બેંક, એ.ટી.એમ રહેણાંક રિસોર્ટ, ફરવાના સ્થળો, ધાર્મિક સ્થળે, મેળાઓ, શોપીંગ મોલ, સ્કુલો, કોલેજો, સરકારી તેમજ ખાનગી સંસ્થાઓ વિગેરેએ પણ ગાર્ડ, ગનમેન અને સુપરવાઈઝરને પોતાને ત્યા નોકરી ઉપર રાખતાં પહેલાં તેઓનું વેરીફીકેશન થયેલું હોય તેને જ નોકરી ઉપર રાખવાના રહેશે.

પ્રાઈવેટ સિક્યુરીટી એજન્સીઓ દ્વારા જવાનોની ભરતી કરી અલગ-અલગ સ્થળો જેવા કે કંપનીઓ, મોટા ઉદ્યોગો, ટોલટેક્ષ સોસાયટીઓ, રહેણાક વિસ્તારો, હોટલ,બેંક, એ.ટી.એમ, રિસોર્ટ, ફરવાના સ્થળો, ધાર્મિક સ્થળો, મેળાઓ, શોપીંગમોલ, સ્કુલો, કોલેજો, સરકારી તેમજ ખાનગી સંસ્થાઓ વિગેરે સ્થળોએ સિકયુરીટી-સલામતી સાચવવાન. હેતુસર ઓન પેમેન્ટ સિક્યુરીટી જવાનો ફાળવવામાં આવે છે અને આ જવાનો સિક્યુરીટી-સલામતીની ફરજો અદા કરતી વેળા તેનો ગેરલાભ લઈ લુંટ, ધાડ, ચોરી અને બીજા ગંભીર શરીર સંબંધીત ગુનાઓ, કોગ્નીઝેબલ ગુનાઓ તેમજ રાષ્ટ્ર વિરૂધ્ધના ગુનાઓ પણ આચરી નાસી ભાગી જતા હોય છે.આથી આ પ્રવૃત્તિ ગુનાહીત કૃત્યો અટકાવવા અતિ આવશ્યક છે.

વાસ્તે હું એન.આર.ધાધલ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરું હું કે, ભરૂચ જીલ્લામાં પ્રાઈવેટ સિક્યુરીટી એજન્સીએ જે સ્થળોએ સિક્યુરીટી જવાનની ફાળવણી કરે છે તે તમામ જવાનોની સંપૂર્ણ બાયોડેટા ફોટા સહિતની માહીતી જે તે પોલીસ સ્ટેશન અને પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચના નિયંત્રણ હેઠળ આવતી સ્પેશ્યલ ઓપરેશન ગૃપ (S.O.G) કસક પોલીસ ચોકી, પહેલો માળ, ભરૂચની કચેરીએ જાણ કરવાની રહેશે.

આ જાહેરનામાનો અમલ હુકમની તારીખથી દિન-૬૦ સુધી રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ કસુરવાર થશે તેમજ આ હુકમના ભંગ બદલ ફરીયાદ માંડવા હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીશ્રીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા.૨૯/૩/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

---

**આમુખ:-**

(૧) જિલ્લા કૉ-ઓર્ડિનેટર અને કલેક્ટરશ્રી, ભરૂચનાં પત્ર ક્રમાંક:મકમ-૨/GPSC/વશી/૨૯૯ થી ૩૦૯, તા.૧૭/૦૪/૨૦૨૫

## જાહેરનામુ

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે**

ક્રમાંક:એમએજી/GPSCપરીક્ષા/જાહેરનામુ/વશી/૧૯૮૬/૨૦૨૫.- ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર દ્વારા આગામી તારીખ:૨૦/૦૪/૨૦૨૫ રવિવારનાં રોજ ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧, ગુજરાત મુલ્કી સેવા વર્ગ-૧/૨ અને ગુજરાત નગરપાલિકા મુખ્ય અધિકારી સેવા વર્ગ-૨ (જા. ક્ર:૨૪૦/૨૦૨૪-૨૫) જગ્યાઓ માટેની પ્રિલિમિનરી લેખિત પરીક્ષા યોજાનાર છે. સદરહું પરીક્ષા અત્રેનાં ભરૂચ જિલ્લામાં કુલ-૦૮ પરીક્ષા કેન્દ્રો ખાતે યોજાનાર છે. સદર પરીક્ષા કેન્દ્રની નજીક આવેલાં ઝેરોક્ષ સેન્ટરોનાં કારણે વિદ્યાર્થીઓ કાપલીઓ તેમજ ઝેરોક્ષ નકલોનો ઉપયોગ કરે, કરાવે અને તેના પરિણામે પરીક્ષામાં ગેરરીતિઓ થવાનો સંભવ રહે છે. જેથી પરીક્ષા કેન્દ્રની ૧૦૦ મીટરની હદ વિસ્તારમાં આવેલાં તમામ ઝેરોક્ષ સેન્ટરો ઉપરોક્ત જણાવેલ પરીક્ષાની તારીખ દરમ્યાન સવારનાં ૦૮:૦૦ કલાકથી બપોરનાં ૧૬:૦૦ કલાક સુધી બંધ રાખવા જિલ્લા કૉ-ઓર્ડિનેટર અને કલેક્ટરશ્રી, ભરૂચે આમુખ-૧ થી દરખાસ્ત કરેલ છે.

સબબ આમુખ-૧ નાં પત્ર સંદર્ભે પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરનાં હદ વિસ્તારમાં આવેલાં તમામ ઝેરોક્ષ સેન્ટરો ચાલુ રાખવા પર પ્રતિબંધ મુકવાનું આવશ્યક જણાતું હોય નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

વાસ્તે, હું એન.આર.ધાધલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ અધિકારની રૂએ હુકમ કરી ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર દ્વારા આગામી તારીખ:૨૦/૦૪/૨૦૨૫ રવિવારનાં રોજ ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧, ગુજરાત મુલ્કી સેવા વર્ગ-૧/૨ અને ગુજરાત નગરપાલિકા મુખ્ય અધિકારી સેવા વર્ગ-૨ (જા.ક્ર:૨૪૦/૨૦૨૪-૨૫) જગ્યાઓ માટેની પ્રિલિમિનરી લેખિત પરીક્ષા યોજાનાર છે. સદરહું પરીક્ષા અત્રેનાં ભરૂચ જિલ્લામાં કુલ-૦૮ પરીક્ષા કેન્દ્રો ખાતે યોજાનાર હોય તા.૨૦/૦૪/૨૦૨૫ નાં સવારનાં ૦૮:૦૦ કલાકથી બપોરનાં ૧૬:૦૦ કલાક સુધી ભરૂચ જિલ્લાનાં પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરનાં હદ વિસ્તારમાં આવેલ ઝેરોક્ષ સેન્ટરો બંધ રાખવા આદેશ ફરમાવુ છું.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર રહેશે. આ જાહેરનામાનાં ભંગ બદલ ફરીયાદ માંડવા પોલીસ હેડ કોન્સ્ટેબલથી ઉતરતી કક્ષાનાં ન હોય તેવા પોલીસ ખાતાનાં કર્મચારીશ્રી/અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૭/૦૪/૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

---

**આમુખ:-**

(૧) જિલ્લા કૉ-ઓર્ડિનેટર અને કલેક્ટરશ્રી, ભરૂચનાં પત્ર ક્રમાંક:મકમ-૨/GPSC/વશી/૨૯૯ થી ૩૦૯, તા.૧૭/૦૪/૨૦૨૫

## જાહેરનામુ

**ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (આર) (૩) અન્વયે**

ક્રમાંક:એમએજી/GPSCપરીક્ષા/જાહેરનામુ/વશી/૧૯૮૮/૨૦૨૫.-ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર દ્વારા આગામી તારીખ:૨૦/૦૪/૨૦૨૫ રવિવારનાં રોજ ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧, ગુજરાત મુલ્કી સેવા વર્ગ-૧/૨ અને ગુજરાત નગરપાલિકા મુખ્ય અધિકારી સેવા વર્ગ-૨ (જા. ક્ર:૨૪૦/૨૦૨૪-૨૫) જગ્યાઓ માટેની પ્રિલિમિનરી લેખિત પરીક્ષા યોજાનાર છે. સદરહું પરીક્ષા અત્રેનાં ભરૂચ જિલ્લામાં કુલ-૦૮ પરીક્ષા કેન્દ્રો

ખાતે યોજાનાર છે. પરીક્ષા કેન્દ્રોની આસપાસ મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવાનાં કારણે પરીક્ષાર્થીઓને પરીક્ષાની તૈયારી કરવામાં ખલેલ પહોંચે તેમ છે. અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પર આની ખૂબજ પ્રતિકૂળ અસર પડે તેમ છે અને વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડે તેમ છે તેમજ ધ્વનિ પ્રદૂષણ પણ થાય છે. જેથી તા.૨૦/૦૪/૨૦૨૫ નાં રોજ સવારનાં ૦૮:૦૦ કલાકથી બપોરનાં ૧૬:૦૦ કલાક સુધી પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરનાં હદ વિસ્તારમાં બેફામ તથા મનસ્વી રીતે મોટા અવાજે લાઉડ સ્પીકર, વાજીંત્રો તથા ડી.જે.સિસ્ટમ વગાડવા પર પ્રતિબંધ મુકવા અંગે જિલ્લા કૉ-ઓર્ડિનેટર અને કલેક્ટરશ્રી, ભરૂચે આમુખ-૧ થી જણાવેલ છે.

સબબ આમુખ-૧ નાં પત્ર સંદર્ભે પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરનાં હદ વિસ્તારમાં બેફામ તથા મનસ્વી રીતે મોટા અવાજે લાઉડ સ્પીકર, વાજીંત્રો તથા ડી.જે.સિસ્ટમ વગાડવા પર પ્રતિબંધ મુકવાનું આવશ્યક જણાતું હોય નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

વાસ્તે, હું એન.આર.ધાધલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (આર) (૩) થી મળેલ સત્તાની રૂએ હુકમ કરી ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર દ્વારા આગામી તારીખ:૨૦/૦૪/૨૦૨૫ રવિવારનાં રોજ ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧, ગુજરાત મુલ્કી સેવા વર્ગ-૧/૨ અને ગુજરાત નગરપાલિકા મુખ્ય અધિકારી સેવા વર્ગ-૨ (જા.ક્ર:૨૪૦/૨૦૨૪-૨૫) જગ્યાઓ માટેની પ્રિલિમિનરી લેખિત પરીક્ષા યોજાનાર છે. સદરહું પરીક્ષા અત્રેનાં ભરૂચ જિલ્લામાં કુલ-૦૮ પરીક્ષા કેન્દ્રો ખાતે યોજાનાર હોય તા.૨૦/૦૪/૨૦૨૫ નાં સવારનાં ૦૮:૦૦ કલાકથી બપોરનાં ૧૬:૦૦ કલાક સુધી પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરનાં હદ વિસ્તારમાં કોઈએ પણ બેફામ તથા મનસ્વી રીતે મોટા અવાજે લાઉડ સ્પીકર, વાજીંત્રો તથા ડી.જે.સિસ્ટમ વગાડવા પર પ્રતિબંધ ફરમાવું છું.

**શિક્ષા**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર રહેશે. આ જાહેરનામાનાં ભંગ બદલ ફરીયાદ માંડવા પોલીસ હેડ કોન્સ્ટેબલથી ઉતરતી કક્ષાનાં ન હોય તેવા પોલીસ ખાતાનાં કર્મચારીશ્રી/અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ પર આજ રોજ તા.૧૭/૦૪/૨૦૨૫ નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

---

**આમુખ:-**

(૧) જિલ્લા કૉ-ઓર્ડિનેટર અને કલેક્ટરશ્રી, ભરૂચનાં પત્ર ક્રમાંક:મકમ-૨/GPSC/વશી/૨૯૯ થી ૩૦૯, તા.૧૭/૦૪/૨૦૨૫

**જાહેરનામુ**

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે**

ક્રમાંક:એમએજી/GPSC પરીક્ષા/જાહેરનામુ/વશી/૧૯૮૩/૨૦૨૫.-ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર દ્વારા આગામી તારીખ:૨૦/૦૪/૨૦૨૫ રવિવારનાં રોજ ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧, ગુજરાત મુલ્કી સેવા વર્ગ-૧/૨ અને ગુજરાત નગરપાલિકા મુખ્ય અધિકારી સેવા વર્ગ-૨ (જા.ક્ર:૨૪૦/૨૦૨૪-૨૫) જગ્યાઓ માટેની પ્રિલિમિનરી લેખિત પરીક્ષા યોજાનાર છે. સદરહું પરીક્ષા અત્રેનાં ભરૂચ જિલ્લામાં કુલ-૦૮ પરીક્ષા કેન્દ્રો ખાતે યોજાનાર છે. સદરહું પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓને પરીક્ષા આપવામાં અડચણ કે નુકશાન ન થાય તેમજ સુલેહશાંતિનો ભંગ કે હુલ્લડ કે બખેડો અટકાવી શકાય તથા પરીક્ષાર્થીઓ અસામાજીક તત્વોનાં ત્રાસ-ભય વિના પરીક્ષા આપી શકે તે હેતુસર ઉપરોક્ત જણાવેલ પરીક્ષાની તારીખ દરમ્યાન પરીક્ષા કેન્દ્રની ફરતે ૧૦૦ મીટરની હદમાં પરીક્ષાર્થી સિવાયની કોઈપણ વ્યક્તિ કે વ્યક્તિઓને પ્રવેશ કરવા પર પ્રતિબંધ મુકવા અંગે જિલ્લા કૉ-ઓર્ડિનેટર અને કલેક્ટરશ્રી, ભરૂચે આમુખ-૧ થી દરખાસ્ત કરેલ છે.

સબબ આમુખ-૧ નાં પત્ર સંદર્ભે પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરનાં હદ વિસ્તારમાં પરીક્ષાર્થી સિવાયની કોઈપણ વ્યક્તિ કે વ્યક્તિઓને પ્રવેશ કરવા પર પ્રતિબંધ મુકવાનું આવશ્યક જણાતું હોય નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

વાસ્તે, હું એન.આર.ધાધલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ અધિકારની રૂએ હુકમ કરી ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર દ્વારા આગામી તારીખ:૨૦/૦૪/૨૦૨૫ રવિવારનાં રોજ ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧, ગુજરાત મુલ્કી સેવા વર્ગ-૧/૨ અને ગુજરાત નગરપાલિકા મુખ્ય અધિકારી સેવા વર્ગ-૨ (જા.ક્ર:૨૪૦/૨૦૨૪-૨૫) જગ્યાઓ માટેની પ્રિલિમિનરી લેખિત પરીક્ષા યોજાનાર છે. સદરહું પરીક્ષા અત્રેનાં ભરૂચ જિલ્લામાં કુલ-૦૮ પરીક્ષા કેન્દ્રો ખાતે યોજાનાર હોય તા.૨૦/૦૪/૨૦૨૫ નાં સવારનાં ૦૮:૦૦ કલાકથી બપોરનાં ૧૬:૦૦ કલાક સુધી પરીક્ષા કેન્દ્રોની ફરતે ૧૦૦ મીટરનાં હદ વિસ્તારમાં પરીક્ષાર્થી તેમજ નિયુક્ત કરેલ અધિકૃત વ્યક્તિઓ સિવાયની કોઈપણ વ્યક્તિ કે વ્યક્તિઓનાં સમુહને પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરુ છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહિં.

(૧) પરીક્ષાની કામગીરી સાથે કોઈપણ રીતે સંકળાયેલ તમામ ફરજ પરનાં અધિકારીશ્રી/ કર્મચારીશ્રી

(૨) પરીક્ષા ખંડમાં પાણી પીવડાવવાની કામગીરી કરતાં અધિકૃત વ્યક્તિઓને.

(૩) ફરજ પરનાં પોલીસ કર્મચારીઓ તથા ગૃહ રક્ષક દળની વ્યક્તિઓને.

(૪) આકસ્મિક તપાસણીમાં આવતી અધિકૃત તમામ ટૂકડીઓને.

**શિક્ષા**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર રહેશે. આ જાહેરનામાનાં ભંગ બદલ ફરીયાદ માંડવા પોલીસ હેડ કોન્સ્ટેબલથી ઉતરતી કક્ષાનાં ન હોય તેવા પોલીસ ખાતાનાં કર્મચારીશ્રી/અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૭/૦૪/૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

---

**આમુખ:-**

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ભરૂચનાં પત્ર ક્રમાંક: જા.નં.પરક્ષ/CGMS/૨૦૨૫/૨૧૯૦-૯૧, તા.૦૮/૦૪/૨૦૨૫

**જાહેરનામું**

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે**

ક્રમાંક:એમએજી/CGMS પરીક્ષા/જાહેરનામુ/વશી/૧૯૫૬/ ૨૦૨૫.-રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા આગામી તારીખ:૧૨/૦૪/૨૦૨૫ શનિવારનાં રોજ મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ (CGMS) જાહેર પરીક્ષા-૨૦૨૫ યોજાનાર છે. સદરહું પરીક્ષા અત્રેનાં ભરૂચ જિલ્લામાં કુલ-૬૦ પરીક્ષા કેન્દ્રો ખાતે યોજાનાર છે. સદરહું પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓને પરીક્ષા આપવામાં અડચણ કે નુક્શાન ન થાય તેમજ સુલેહશાંતિનો ભંગ કે હુલ્લડ કે બખેડો અટકાવી શકાય તથા પરીક્ષાર્થીઓ અસામાજીક તત્વોનાં ત્રાસ-ભય વિના પરીક્ષા આપી શકે તે હેતુસર ઉપરોક્ત જણાવેલ પરીક્ષાની તારીખ દરમ્યાન પરીક્ષા કેન્દ્રની ફરતે ૧૦૦ મીટરની હદમાં પરીક્ષાર્થી સિવાયની કોઈપણ વ્યક્તિ કે વ્યક્તિઓને પ્રવેશ કરવા પર પ્રતિબંધ મુકવા અંગે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ભરૂચે આમુખ-૧ થી દરખાસ્ત કરેલ છે.

સબબ આમુખ-૧ ની દરખાસ્ત સંદર્ભે પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરનાં હદ વિસ્તારમાં પરીક્ષાર્થી સિવાયની કોઈપણ વ્યક્તિ કે વ્યક્તિઓને પ્રવેશ કરવા પર પ્રતિબંધ મુકવાનું આવશ્યક જણાતુ હોય નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

વાસ્તે, હું એન.આર.ધાધલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ અધિકારની રૂએ હુકમ કરી રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા આગામી તારીખ:૧૨/૦૪/૨૦૨૫ શનિવારનાં રોજ મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ (CGMS) જાહેર પરીક્ષા-૨૦૨૫ યોજાનાર છે. સદરહું પરીક્ષા અત્રેનાં ભરૂચ જિલ્લામાં કુલ-૬૦ પરીક્ષા કેન્દ્રો ખાતે યોજાનાર હોય તા.૧૨/૦૪/૨૦૨૫ નાં સવારનાં ૦૮:૦૦ કલાકથી બપોરનાં ૧૫:૦૦ કલાક સુધી પરીક્ષા કેન્દ્રોની ફરતે ૧૦૦ મીટરનાં હદ વિસ્તારમાં પરીક્ષાર્થી તેમજ નિયુક્ત કરેલ અધિકૃત વ્યક્તિઓ સિવાયની કોઈપણ વ્યક્તિ કે વ્યક્તિઓનાં સમુહને પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરુ છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહિં.

(૧) પરીક્ષાની કામગીરી સાથે કોઈપણ રીતે સંકળાયેલ તમામ ફરજ પરનાં અધિકારીશ્રી/ કર્મચારીશ્રી

(૨) પરીક્ષા ખંડમાં પાણી પીવડાવવાની કામગીરી કરતાં અધિકૃત વ્યક્તિઓને.

(૩) ફરજ પરનાં પોલીસ કર્મચારીઓ તથા ગૃહ રક્ષક દળની વ્યક્તિઓને.

(૪) આકસ્મિક તપાસણીમાં આવતી અધિકૃત તમામ ટૂકડીઓને.

**શિક્ષા**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર રહેશે. આ જાહેરનામાનાં ભંગ બદલ ફરીયાદ માંડવા પોલીસ હેડ કોન્સ્ટેબલથી ઉતરતી કક્ષાનાં ન હોય તેવા પોલીસ ખાતાનાં કર્મચારીશ્રી/અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૦/૦૪/૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

---

**આમુખ:-**

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ભરૂચનાં પત્ર ક્રમાંક: જા.નં.પરક્ષ/CGMS/૨૦૨૫/૨૧૯૦-૯૧, તા.૦૮/૦૪/૨૦૨૫

**જાહેરનામું**

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે**

ક્રમાંક:એમએજી/CGMS પરીક્ષા/જાહેરનામુ/વશી/૧૯૫૫/ ૨૦૨૫.-રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા આગામી તારીખ:૧૨/૦૪/૨૦૨૫ શનિવારનાં રોજ મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ (CGMS) જાહેર પરીક્ષા-૨૦૨૫ યોજાનાર છે. સદરહું પરીક્ષા અત્રેનાં ભરૂચ જિલ્લામાં કુલ-૬૦ પરીક્ષા કેન્દ્રો ખાતે યોજાનાર છે. સદર પરીક્ષા કેન્દ્રની નજીક આવેલાં ઝેરોક્ષ સેન્ટરોનાં કારણે વિદ્યાર્થીઓ કાપલીઓ તેમજ ઝેરોક્ષ નકલોનો ઉપયોગ કરે, કરાવે અને તેના પરિણામે પરીક્ષામાં ગેરરીતિઓ થવાનો સંભવ રહે છે. જેથી પરીક્ષા કેન્દ્રની ૧૦૦ મીટરની હદ વિસ્તારમાં આવેલાં તમામ ઝેરોક્ષ સેન્ટરો ઉપરોક્ત જણાવેલ પરીક્ષાની તારીખ દરમ્યાન સવારનાં ૦૮:૦૦ કલાકથી બપોરનાં ૧૫:૦૦ કલાક સુધી બંધ રાખવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ભરૂચે આમુખ-૧ થી દરખાસ્ત કરેલ છે.

સબબ આમુખ-૧ ની દરખાસ્ત સંદર્ભે પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરનાં હદ વિસ્તારમાં આવેલાં તમામ ઝેરોક્ષ સેન્ટરો ચાલુ રાખવા પર પ્રતિબંધ મુકવાનું આવશ્યક જણાતુ હોય નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

વાસ્તે, હું એન.આર.ધાધલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ અધિકારની રૂએ હુકમ કરી રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા આગામી તારીખ:૧૨/૦૪/૨૦૨૫ શનિવારનાં રોજ મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ (CGMS) જાહેર પરીક્ષા-૨૦૨૫ યોજાનાર છે. સદરહું પરીક્ષા અત્રેનાં ભરૂચ જિલ્લામાં કુલ-૬૦ પરીક્ષા કેન્દ્રો ખાતે યોજાનાર હોય તા.૧૨/૦૪/૨૦૨૫ નાં સવારનાં ૦૮:૦૦ કલાકથી બપોરનાં ૧૫:૦૦ કલાક સુધી ભરૂચ જિલ્લાનાં પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરનાં હદ વિસ્તારમાં આવેલ ઝેરોક્ષ સેન્ટરો બંધ રાખવા આદેશ ફરમાવુ છું.

**શિક્ષા**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર રહેશે. આ જાહેરનામાનાં ભંગ બદલ ફરીયાદ માંડવા પોલીસ હેડ કોન્સ્ટેબલથી ઉતરતી કક્ષાનાં ન હોય તેવા પોલીસ ખાતાનાં કર્મચારીશ્રી/અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૦/૦૪/૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

---

**આમુખ:-**

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ભરૂચનાં પત્ર ક્રમાંક: જા.નં.પરક્ષ/CGMS/૨૦૨૫/૨૧૯૦-૯૧, તા.૦૮/૦૪/૨૦૨૫

**જાહેરનામુ**

**ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (આર) (૩) અન્વયે**

ક્રમાંક:એમએજી/CGMS પરીક્ષા/જાહેરનામુ/વશી/૧૯૫૪/૨૦૨૫.-રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા આગામી તારીખ:૧૨/૦૪/૨૦૨૫ શનિવારનાં રોજ મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ (CGMS) જાહેર પરીક્ષા-૨૦૨૫ યોજાનાર છે. સદરહું પરીક્ષા અત્રેનાં ભરૂચ જિલ્લામાં કુલ-૬૦ પરીક્ષા કેન્દ્રો ખાતે યોજાનાર છે. પરીક્ષા કેન્દ્રોની આસપાસ મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવાનાં કારણે પરીક્ષાર્થીઓને પરીક્ષાની તૈયારી કરવામાં ખલેલ પહોંચે તેમ છે. અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પર આની ખૂબજ પ્રતિકૂળ અસર પડે તેમ છે અને વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડે તેમ છે તેમજ ધ્વનિ પ્રદૂષણ પણ થાય છે. જેથી તા.૧૨/૦૪/૨૦૨૫ નાં રોજ સવારનાં ૦૮:૦૦ કલાકથી બપોરનાં ૧૫:૦૦ કલાક સુધી પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરનાં હદ વિસ્તારમાં બેફામ તથા મનસ્વી રીતે મોટા અવાજે લાઉડ સ્પીકર, વાજીંત્રો તથા ડી.જે.સિસ્ટમ વગાડવા પર પ્રતિબંધ મુકવા અંગે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ભરૂચે આમુખ-૧ થી દરખાસ્ત કરેલ છે.

સબબ આમુખ-૧ ની દરખાસ્ત સંદર્ભે પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરનાં હદ વિસ્તારમાં બેફામ તથા મનસ્વી રીતે મોટા અવાજે લાઉડ સ્પીકર, વાજીંત્રો તથા ડી.જે.સિસ્ટમ વગાડવા પર પ્રતિબંધ મુકવાનું આવશ્યક જણાતુ હોય નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

વાસ્તે, હું એન.આર.ધાધલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (આર) (૩) થી મળેલ સત્તાની રૂએ હુકમ કરી રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા આગામી તારીખ:૧૨/૦૪/૨૦૨૫ શનિવારનાં રોજ મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ

સ્કોલરશીપ (CGMS) જાહેર પરીક્ષા-૨૦૨૫ યોજાનાર છે. સદરહું પરીક્ષા અત્રેનાં ભરૂચ જિલ્લામાં કુલ-૬૦ પરીક્ષા કેન્દ્રો ખાતે યોજાનાર હોય તા.૧૨/૦૪/૨૦૨૫ નાં સવારનાં ૦૮:૦૦ કલાકથી બપોરનાં ૧૫:૦૦ કલાક સુધી પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરનાં હદ વિસ્તારમાં કોઈએ પણ બેફામ તથા મનસ્વી રીતે મોટા અવાજે લાઉડ સ્પીકર, વાજીંત્રો તથા ડી.જે.સિસ્ટમ વગાડવા પર પ્રતિબંધ ફરમાવું છું.

**શિક્ષા**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર રહેશે. આ જાહેરનામાનાં ભંગ બદલ ફરીયાદ માંડવા પોલીસ હેડ કોન્સ્ટેબલથી ઉતરતી કક્ષાનાં ન હોય તેવા પોલીસ ખાતાનાં કર્મચારીશ્રી/અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ પર આજ રોજ તા.૧૦/૦૪/૨૦૨૫ નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

---

**આમુખ:-**

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ભરૂચનાં પત્ર ક્રમાંક: જા.નં.પરક્ષ/CGMS/૨૦૨૫/૨૧૯૦-૯૧, તા.૦૮/૦૪/૨૦૨૫

**જાહેરનામુ**

**ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (આર) (૩) અન્વયે**

ક્રમાંક:એમએજી/CGMS પરીક્ષા/જાહેરનામુ/વશી/૧૯૫૪/૨૦૨૫.-રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા આગામી તારીખ:૧૨/૦૪/૨૦૨૫ શનિવારનાં રોજ મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ (CGMS) જાહેર પરીક્ષા-૨૦૨૫ યોજાનાર છે. સદરહું પરીક્ષા અત્રેનાં ભરૂચ જિલ્લામાં કુલ-૬૦ પરીક્ષા કેન્દ્રો ખાતે યોજાનાર છે. પરીક્ષા કેન્દ્રોની આસપાસ મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવાનાં કારણે પરીક્ષાર્થીઓને પરીક્ષાની તૈયારી કરવામાં ખલેલ પહોંચે તેમ છે. અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પર આની ખૂબજ પ્રતિકૂળ અસર પડે તેમ છે અને વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડે તેમ છે તેમજ ધ્વનિ પ્રદૂષણ પણ થાય છે. જેથી તા.૧૨/૦૪/૨૦૨૫ નાં રોજ સવારનાં ૦૮:૦૦ કલાકથી બપોરનાં ૧૫:૦૦ કલાક સુધી પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરનાં હદ વિસ્તારમાં બેફામ તથા મનસ્વી રીતે મોટા અવાજે લાઉડ સ્પીકર, વાજીંત્રો તથા ડી.જે.સિસ્ટમ વગાડવા પર પ્રતિબંધ મુકવા અંગે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ભરૂચે આમુખ-૧ થી દરખાસ્ત કરેલ છે.

સબબ આમુખ-૧ ની દરખાસ્ત સંદર્ભે પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરનાં હદ વિસ્તારમાં બેફામ તથા મનસ્વી રીતે મોટા અવાજે લાઉડ સ્પીકર, વાજીંત્રો તથા ડી.જે.સિસ્ટમ વગાડવા પર પ્રતિબંધ મુકવાનું આવશ્યક જણાતુ હોય નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

વાસ્તે, હું એન.આર.ધાધલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (આર) (૩) થી મળેલ સત્તાની રૂએ હુકમ કરી રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા આગામી તારીખ:૧૨/૦૪/૨૦૨૫ શનિવારનાં રોજ મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ (CGMS) જાહેર પરીક્ષા-૨૦૨૫ યોજાનાર છે. સદરહું પરીક્ષા અત્રેનાં ભરૂચ જિલ્લામાં કુલ-૬૦ પરીક્ષા કેન્દ્રો ખાતે યોજાનાર હોય તા.૧૨/૦૪/૨૦૨૫ નાં સવારનાં ૦૮:૦૦ કલાકથી બપોરનાં ૧૫:૦૦ કલાક સુધી પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરનાં હદ વિસ્તારમાં કોઈએ પણ બેફામ તથા મનસ્વી રીતે મોટા અવાજે લાઉડ સ્પીકર, વાજીંત્રો તથા ડી.જે.સિસ્ટમ વગાડવા પર પ્રતિબંધ ફરમાવું છું.

**શિક્ષા**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર રહેશે. આ જાહેરનામાનાં ભંગ બદલ ફરીયાદ માંડવા પોલીસ હેડ કોન્સ્ટેબલથી ઉતરતી કક્ષાનાં ન હોય તેવા પોલીસ ખાતાનાં કર્મચારીશ્રી/અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ પર આજ રોજ તા.૧૦/૦૪/૨૦૨૫ નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

---

**વાંચ્યો:-**

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, મા.મ.વિભાગ રાજ્ય, ભરૂચનાં પત્ર ક્રમાંક:પીબી-૨/અંક્લેશ્વર/અંક્લેશ્વર-રાજપીપળા/૨૦૮૩/૨૦૨૫, તા.૦૫/૦૪/૨૦૨૫

(૨) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચનાં પત્ર નંબર: એલ.આઈ.બી./અભિપ્રાય/૧૬૬૬/૨૦૨૫, તા.૧૫/૦૪/૨૦૨૫

## જાહેરનામું

**ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે**

ક્રમાંક:એમએજી/જાહેરનામું/વશી/૨૦૦૨/૨૦૨૫.-કાર્યપાલક ઈજનેરશ્રી, મા.મ.વિભાગ રાજ્ય, ભરૂચે આમુખ-૧ થી કન્સ્ટ્રક્શન ઓફ ફોર લેન ઓફ અંક્લેશ્વર-રાજપીપળા રોડ કી.મી.૦/૦ થી ૧૪/૦૦ સી.સી.રોડને રાજપીપળા ચોકડીથી જોઈનીંગ જી.આઈ.ડી.સી. રોડને ૨૮ (અઠ્ઠાવીસ) દિવસ માટે વાહન વ્યવહાર રોડ બ્લોક આપવા બાબતે જાહેરનામું પ્રસિધ્ધ કરવા અંગે રજુઆત કરેલ હતી. સદર બાબતે અત્રેથી પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચનો અભિપ્રાય મંગાવતા ઉપરોક્ત આમુખ-૨ થી સદરહું બાબતે નીચે જણાવ્યા મુજબનાં રૂટ પર વાહન વ્યવહાર ડાયવર્ટ કરી જાહેરનામું પ્રસિધ્ધ કરવા બાબતે હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

(૧) ભરૂચથી અંક્લેશ્વર જી.આઈ.ડી.સી. તરફ જવા માટે રાજપીપળા ચોકડીથી ઓવરબ્રીજ થઈને દેસાઈ પેટ્રોલપંપથી સલ્ફયુરીક ચોકડી તરફ જતા રસ્તા પર વાહન વ્યવહાર પસાર કરવાનો રહેશે.

(૨) અંક્લેશ્વર જી.આઈ.ડી.સી.માંથી બહાર જવા માટે અંક્લેશ્વર વાલીયા રોડ થઈને વાલીયા ચોકડી તરફ જતા રસ્તા પર વાહન વ્યવહાર પસાર કરવાનો રહેશે.

(૩) સુરતથી અંક્લેશ્વર જી.આઈ.ડી.સી. તરફ જવા માટે વાલીયા ચોકડીથી અંક્લેશ્વર-વાલીયા રોડ તરફ થઈ અંક્લેશ્વર જી.આઈ.ડી.સી.માં જતા રસ્તા પર વાહન વ્યવહાર પસાર કરવાનો રહેશે.

વાસ્તે, હું એન.આર.ધાધલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ગુજરાત પોલીસ અધિનિયમ,૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મળેલ સત્તાની રૂએ આદેશ કરું છું કે, હુકમની તારીખથી અંક્લેશ્વર-રાજપીપળા રોડ કી.મી.૦/૦ થી ૧૪/૦૦ સી.સી.રોડને રાજપીપળા ચોકડીથી જોઈનીંગ જી.આઈ.ડી.સી. રોડને હુકમની તારીખથી ૨૮ (અઠ્ઠાવીસ) દિવસ માટે વાહન વ્યવહાર રોડ બ્લોક આપવા બાબતે ઉપરોક્ત જણાવ્યા પ્રમાણેનાં રૂટ પર વાહન વ્યવહાર ડાયવર્ટ કરવા આથી હુકમ કરવામાં આવે છે.

### શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર રહેશે. આ જાહેરનામાનાં ભંગ બદલ ફરીયાદ માંડવા પોલીસ હેડ કોન્સ્ટેબલથી ઉતરતી કક્ષાનાં ન હોય તેવા પોલીસ ખાતાનાં કર્મચારીશ્રી/અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૭/૦૪/૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

---

**વાંચ્યો:-**

(૧) પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી, એલ.આઈ.બી., ભરૂચનાં પત્ર ક્રમાંક:એલ.આઈ.બી./અભિપ્રાય/૩૫૨૭/૨૦૨૪, તા.૦૭/૦૯/૨૦૨૪

## જાહેરનામુ

**ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે**

ક્રમાંક:એમએજી/જાહેરનામું/વશી/૬૭૩૧/૨૦૨૫.-આમુખ-૧ થી પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી, એલ.આઈ.બી., ભરૂચે જણાવ્યા મુજબ રાજપારડી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ સારસા માતાજીનાં મંદિરે ભાદરવા સુદ પાંચમ (સમાપાંચમ) તા.૦૮/૦૯/૨૦૨૫ રવિવારનાં રોજ ભાતીગળ મેળો ભરાતો હોય જેમાં ઝગડીયા, નેત્રંગ તાલુકાની તેમજ નર્મદા જીલ્લાનાં દર્શનાર્થીઓની ભારે ભીડ થતી હોય સદર મેળો રાજપારડી-નેત્રંગ રોડ ઉપર આશરે ૦૨ (બે) કિ.મી. જેટલા અંતર સુધી મેળો ભરાતો હોય જેમાં આશરે ૧૫,૦૦૦ થી ૨૦,૦૦૦ જેટલી જનમેદની ભેગી થતી હોય જેમાં નાના-મોટા લારી ગલ્લાંઓ તેમજ ફેરિયાઓ નાની મોટી દુકાનો રાજપારડી-નેત્રંગ રોડ ઉપર રોડની બન્ને સાઈડ ઉભી કરતાં હોય જેના કારણે મોટા વાહનો તેમજ ફોર-વ્હિલર/ટૂ વ્હિલરની અવર-જવર માટે ખુબ જ મુશ્કેલી થતી હોય જેથી અક્સ્માત થવાની સંભાવના પણ રહેતી હોય દર વર્ષની જેમ ચાલુ વર્ષમાં પણ સદર મેળો તા.૦૮/૦૯/૨૦૨૫નાં કલાક ૦૭:૦૦ થી કલાક ૨૪:૦૦ સુધી ભરાનાર હોય સદર મેળામાં ભારે વાહનો તથા ફોર વ્હિલર/ ટૂ વ્હિલર વાહનો ઉપરોક્ત સમયગાળા દરમ્યાન નેત્રંગ તરફથી આવતા વાહનો ડાયવર્ટ થઈ નવા માલજીપુરા ત્રણ રસ્તાથી આમલઝર ગામનાં બસ સ્ટેન્ડ થઈ જી.એમ.ડી.સી. કંપની રોડ થઈ રાજપારડી માધવપુરા ત્રણ રસ્તા થઈ રાજપારડી તરફ ડાયવર્ટ કરવા તેમજ રાજપારડીથી નેત્રંગ તરફ જતાં વાહનો રાજપારડી માધવપુરા ત્રણ રસ્તા થઈ જી.એમ.ડી.સી. કંપની રોડ થઈ આમલઝર ગામનાં બસ

સ્ટેન્ડ થઈ નવા માલજીપુરા ત્રણ રસ્તા ઉપર આવી નેત્રંગ તરફ ડાયવર્ટ કરવા બાબતે જાહેરનામું પ્રસિધ્ધ કરવા બાબતે અત્રે રજુઆત કરેલ છે.

વાસ્તે, હું એન.આર.ધાધલ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ગુજરાત પોલીસ અધિનિયમ,૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મળેલ સત્તાની રૂ એ આદેશ કરી રાજપારડી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ સારસા માતાજીનાં મંદિરે ભાદરવા સુદ પાંચમ (સમાપાંચમ) તા.૦૮/૦૯/૨૦૨૫ રવિવારનાં રોજ ભાતીગળ મેળો ભરાતો હોય જેમાં ઝગડીયા, નેત્રંગ તાલુકાની તેમજ નર્મદા જીલ્લાનાં દર્શનાર્થીઓની ભારે ભીડ થતી હોય તા.૦૮/૦/૨૦૨૫નાં રોજ કલાક ૦૭:૦૦ થી કલાક ૨૪:૦૦ સુધી નેત્રંગ તરફથી આવતા વાહનો ડાયવર્ટ થઈ નવા માલજીપુરા ત્રણ રસ્તાથી આમલઝર ગામનાં બસ સ્ટેન્ડ થઈ જી.એમ.ડી.સી. કંપની રોડ થઈ રાજપારડી માધવપુરા ત્રણ રસ્તા થઈ રાજપારડી તરફ ડાયવર્ટ કરવા તેમજ રાજપારડીથી નેત્રંગ તરફ જતાં વાહનો રાજપારડી માધવપુરા ત્રણ રસ્તા થઈ જી.એમ.ડી.સી. કંપની રોડ થઈ આમલઝર ગામનાં બસ સ્ટેન્ડ થઈ નવા માલજીપુરા ત્રણ રસ્તા ઉપર આવી નેત્રંગ તરફ ડાયવર્ટ કરવા આથી હુકમ કરવામાં આવે છે.

**શિક્ષા**

આ જાહેરનામાનાં આદેશનું ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તા.૦૭/૦૯/૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

---

**હુકમ**

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે**

ક્રમાંકઃએમએજી/ચૂંટણી- ૨૦૨૫ /વશી/૭૬૯/૨૦૨૫.-ગુજરાત રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરનાં અખબારીયાદી ક્રમાંક: ચટણ- સ્થા-સ્વ- ૧૩(૬)-૦૧૨૦૨૫-ક તા.૨૧/૦૧/૨૦૨૫ થી સ્વરાજય એકમોની પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકો અંગે રાજયની મહાનગરપાલિકા/નગરપાલિકા/જિલ્લા/તાલુકા પંચાયતની ચૂંટણી-૨૦૨૫ નો કાર્યક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ ભરૂચ જિલ્લામાં નગરપાલિકા જંબુસર વોર્ડ નંબર-૧ બેઠકની પેટા ચૂંટણી, જિલ્લા પંચાયત (૧-આછોદ) બેઠકની પેટા ચૂંટણી તથા હાંસોટ તાલુકા પંચાયત (૧૨-પંડવાઈ) બેઠકની પેટા ચૂંટણી માટે મતદાન તારીખઃ૧૬/૦૨/૨૦૨૫ અને મતગણતરી તારીખ: ૧૮/૦૨/૨૦૨૫ નાં રોજ નકકી કરવામાં આવેલ છે. જેથી નિયત કરેલા મતદાન મથકોએ મતદાન સરળ અને શાંતિપૂર્ણ થાય અને તેમાં કોઈ અવરોધ પેદા થાય નહિ તે માટે તેમજ આ નિયત કરેલા મતદાન કેન્દ્રોએ જુદાજુદા પક્ષના લોકો / ટેકેદારો / કાર્યકરો એકઠાં થાય ત્યારે એકબીજા વચ્ચે સંઘર્ષ તથા જાહેર સુલેહશાંતિ તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારું નિયત કરેલ મતદાન મથકોની આજુબાજુના ૨૦૦ મીટરના વિસ્તારમાં ચાર કરતાં વધુ માણસોએ ભેગા નહિં થવા માટે તેમજ ચૂંટણીના કામે ઉપયોગમાં લેવાનાર ઉપરોકત નિયત સ્થળોએ આવેલ મતદાન કેન્દ્રોનાં મકાનોમાં બિનઅધિકૃત વ્યકિતઓ દાખલ થાય નહિં તે માટે જરુરી પગલાં લેવાપાત્ર જણાય છે.

વાસ્તે હું એન.આર.ધાધલ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા- ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મળેલ સત્તાની રૂએ આથી ફરમાવુ છું કે, તા.૧૬/૦૨/૨૦૨૫ નાં ૦૦:૦૦ કલાકથી ૨૪:૦૦ કલાક સુધી અને જો પુનઃ મતદાન યોજવાનું થાય તો જે મતદાન મથકોએ પુનઃમતદાન યોજવાનું હોય તેવા મતદાન મથકોએ તા. ૧૭/૦૨/૨૦૨૫ ના ૦૦:૦૦ કલાક થી ૨૪:૦૦ કલાક સુધી ચૂંટણી અંગેની કામગીરી માટેનાં નિયત કરેલા મતદાન મથકોએ મતદાનની કામગીરી પૂરી થાય તે સુધીના સમય તેમજ મતદાનને લગતી અન્ય કામગીરી પૂર્ણ થાય તે સમય સુધી નીચે મુજબ આદેશ કરૂ છું.

૧) ભરૂચ જીલ્લાના જંબુસર નગરપાલિકા વોર્ડ નં. ૧ની બેઠકમાં આવેલ સમગ્ર વિસ્તાર, જિલ્લા પંચાયત (૧-આછોદ) ની બેઠકમા માં આવેલ સમગ્ર વિસ્તાર અને હાંસોટ તાલુકા પંચાયત (૧૨-પંડવાઈ) ની બેઠકમા આવેલ સમગ્ર વિસ્તારના નિયત કરવામાં આવેલ મતદાન મથકોના ૨૦૦ મીટરના વિસ્તારમાં ચાર (૪) કરતા વધારે માણસોએ ભેગા થવું નહિં, તેમજ ઉપરોકત સ્થળોએ ચૂંટણી કામ માટે ઉપયોગમાં લેવાનાર મકાનો તથા તેના કમ્પાઉન્ડની ૨૦૦ મીટરના વિસ્તારની અંદર બિનઅધિકૃત વ્યકિત/વ્યકિતઓએ પ્રવેશ કરવો નહિ.

૨) મતદાન મથકની ૨૦૦ મીટરના અંતર સુધીમાં કોઈપણ મંડપ બાંધવો નહી અને મતદાન મથકની ૨૦૦ મીટર બહારના વિસ્તારમાં એકજ મંડપ બાંધી શકાશે અને તેમાં એક ટેબલ તથા બે ખુરશી જ રાખી શકાશે. આ ટેબલ પર ઉમેદવાર તથા પક્ષનું નામ અને નિશાન સાથેનું ફકત એક જ બેનર ૩ ફુટ × ૪ ૧/૨ ફુટ સાઈઝનું મૂકી શકાશે. આવા મંડપ બાંધવા માંગતાં ઉમેદવારે જગ્યા અંગે સ્થાનિક સત્તા મંડળની લેખિત પરવાનગી મેળવી અને સબંધિત ચૂંટણી અધિકારીશ્રીઓને જાણ કરવાની રહેશે. મંજૂરી મેળવેલ ટેબલ-ખુરશી ટ્રાફિકને અવરોધ ન થાય તે રીતે મૂકવાના રહેશે.

૩) મતદાન કરીને આવેલ મતદારને મંડપમાં ભેગા/એકત્ર થવાની છૂટ રહેશે નહીં. વધુમાં હું આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહિ.

૧) ચૂંટણી અંગેની કામગીરીમાં રોકવામાં આવેલ ચૂંટણી ફરજ માટેના સરકારી અધિકારી અને કર્મચારીઓને.

૨) કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે ફરજ ઉપર મુકાયેલ પોલીસ અધિકારી / કર્મચારી તથા હોમગાર્ડને.

૩) સંબંધિત ચૂંટણીના ઉમેદવારો/ચૂંટણી એજન્ટ/મતદાન એજન્ટને તથા ચૂંટણી અધિકારીશ્રીઓ તથા ચૂંટણીપંચ દ્વારા અધિકૃત કરવામાં આવે તે વ્યકિતઓને.

૪) સ્થળે ફરજ પર હાજર પોલીસ અધિકારીશ્રી દ્વારા અધિકૃત કરવામાં આવે તેને,

૫) ચૂંટણી માટે મતદાર યાદીમાં નોંધાયેલ માન્ય મતદારોની મતદાન સમયેની હરોળને.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ કસુરવાર થશે તેમજ આ હુકમના ભંગ બદલ ફરીયાદ માંડવા પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તારીખ- ૧૦/૦૨/૨૦૨૫ નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

---

**હુકમ**

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે**

ક્રમાંક:એમએજી/ચૂંટણી- ૨૦૨૫ /વશી/૭૭૦/૨૦૨૫.-ગુજરાત રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરનાં અખબારીયાદી ક્રમાંક:ચટણ-સ્થા-સ્વ-૧૩(૬)-૦૧૨૦૨૫-ક તા.૨૧/૦૧/૨૦૨૫ થી સ્થાનિક સ્વરાજય એકમોની પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકો અંગે રાજયની મહાનગરપાલિકા/ નગરપાલિકા/ જિલ્લા/તાલુકા પંચાયતની ચૂંટણી-૨૦૨૫ નો કાર્યક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ ભરૂચ જિલ્લામાં નગરપાલિકા જંબુસર વોર્ડ નંબર-૧ બેઠકની પેટા ચૂંટણી, જિલ્લા પંચાયત (૧-આછોદ) બેઠકની પેટા ચૂંટણી તથા હાંસોટ તાલુકા પંચાયત (૧૨-પંડવાઈ) બેઠકની પેટા ચૂંટણી માટે મતદાન તારીખ:૧૬/૦૨/૨૦૨૫ અને મતગણતરી તારીખ:૧૮/૦૨/૨૦૨૫ નાં રોજ નકકી કરવામાં આવેલ છે. જે અંતર્ગત મતદાનના દિવસે વાહનોનાં ઉપયોગ ઉપર દેખરેખ રાખવા તથા મતદારો માટે વાહનોનો દૂરોપયોગ કરી મતદારોને અયોગ્ય રીતે રીઝવવામાં ન આવે તથા સદર ચૂંટણીઓ ન્યાયી વાતાવરણમાં નિષ્પક્ષ રીતે યોજાય તે માટે મતદાનના દિવસે વાહનોનાં ઉપયોગ ઉપર નિયંત્રણ રાખવુ જરુરી જણાય છે. જો મતદાનના દિવસે વાહનોના ઉપયોગ પર નિયંત્રણ રાખવામાં ન આવે તો તેના દુરુપયોગના કારણે સામાન્ય જન-માનસ ઉપર વિપરીત અસર થાય તેમજ પ્રતિસ્પર્ધી ઉમેદવારો ઉપર સાચી ખોટી ફરિયાદો થવાનો પુરતો અવકાશ રહે છે. પરિણામે એક બીજા જુથો વચ્ચે મનદુ:ખ થવાની અને ઘર્ષણ ઉભું થવાની પુરતી સંભાવના રહે છે. જેથી તેમ થતુ અટકાવવા માટે તેમજ આગામી પેટા ચૂંટણી દરમ્યાન ઉપયોગમાં લેવામાં આવતાં વાહનોનો દુરુપયોગ થતો અટકાવવાના હેતુથી સાવચેતીના પગલાં લેવા અનિવાર્ય જણાય છે.

વાસ્તે હું એન.આર.ધાધલ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મળેલ અધિકારની રૂએ નીચે પ્રમાણે હુકમ ફરમાવું છું.

(૧) કોઈપણ રાજકીય પક્ષો કે બિન રાજકીય પક્ષો કે તેમના ઉમેદવારો અગર અપક્ષ ઉમેદવારો કે તેઓના ચૂંટણી એજન્ટ દ્વારા અથવા તેમની સંમતીથી બીજી કોઈપણ વ્યકિત દ્વારા મતદાનના દિવસે,

(ક) મતદારોને મતદાન મથક સુધી લાવવા અને મતદાન મથક ખાતેથી લઈ જવાની મફત સગવડ માટે વાહનો ભાડે રાખવા કે મેળવવા અથવા એ રીતે વાહનોનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

(ખ) આગામી સ્થાનિક સ્વરાજયની પેટા ચૂંટણી દરમ્યાન ઉમેદવાર-મતદાનના દિવસે નીચે પ્રમાણેના વાહનોનો ઉપયોગ કરવા હકકદાર રહેશે.

(૧) ઉમેદવાર પોતાના ઉપયોગ માટે સમગ્ર મતદાર વિભાગ પૂરતું એક જ વાહનની સબંધિત ચૂંટણી અધિકારી પોતે અથવા તેમના દ્વારા અધિકૃત કરેલ સક્ષમ અધિકારીશ્રી પાસે નોંધણી કરાવીને ઉપયોગ કરી શકશે અને સદરહું વાહનની નોંધણી કરાવ્યાનો આધાર વર્ણન સાથે રાખવાનો રહેશે.

(૨) આ ઉપરાંત ઉમેદવારના ચૂંટણી એજન્ટ/કાર્યકરોના ઉપયોગ માટે સમગ્ર પૂરતા એક વાહનની સબંધિત ચૂંટણી અધિકારી પોતે અથવા તેમના દ્વારા અધિકૃત કરેલ સક્ષમ અધિકારીશ્રી પાસે નોંધણી કરાવીને ઉપયોગ કરી શકશે અને સદરહું વાહનની નોંધણી કરાવ્યાનો આધાર વર્ણન સાથે રાખવાનો રહેશે.

(૩) ખાનગી વ્યકિત કે ઉમેદવાર એજન્ટ પાર્ટીના સભ્યો વિગેરે પરવાનગી વગરના વાહનોનો ઉપયોગ કરી શકશે નહીં.

આવા વાહનોની ઓળખ સહેલાઈથી પ્રસ્થાપિત થઈ શકે અને ઉમેદવારને બિન જરૂરી અસુવિધા ઉભી ન થાય તે માટે મતદાનના દિવસે ઉપરોકત (ખ)(૧)(૨)(૩) માં દર્શાવેલ વાહનો સદર પેટા ચૂંટણીના ઉમેદવારોએ ચૂંટણી અધિકારીશ્રી અથવા આ કામે તેઓશ્રી દ્વારા અધિકૃત કરવામાં આવેલ હોય તેવા સક્ષમ સત્તાધિકારીશ્રી પાસે આવા વાહનો રજીસ્ટર કરાવવાના રહેશે, અને રજીસ્ટર કરાવેલ વાહનો પરત્વેના પરમીટ તેઓની પાસેથી મેળવીને વાહનોની ઉપર સહેલાઈથી દેખાઈ આવે તે રીતે વિન્ડસ્કીન ઉપર ડાબી તરફ ઉપરની બાજુ સહેલાઈથી જોઈ શકાય તેમ લગાવવાનો રહેશે. સદરહું પરમીટ લગાવ્યા સિવાય સદરહું વાહનનો ઉપયોગ કરી શકશે નહિ.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ કસુરવાર થશે તેમજ આ હુકમના ભંગ બદલ ફરીયાદ માંડવા પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો અમલ ભરૂચ જીલ્લાનાં જંબુસર નગરપાલિકા વોર્ડ નં.૧ની બેઠકમાં આવેલ સમગ્ર વિસ્તાર, જિલ્લા પંચાયત (૧-આછોદ) ની

બેઠકમાં આવેલ સમગ્ર વિસ્તાર અને હાંસોટ તાલુકા પંચાયત (૧૨-પંડવાઈ) ની બેઠકમાં આવેલ સમગ્ર વિસ્તાર તા.૧૬/૦૨/૨૦૨૫ નાં દિવસ તથા પુનઃમતદાન યોજવાનું થાય તો તા.૧૭/૦૨/૨૦૨૫ સુધી કરવાનો રહેશે.

આજરોજ તા. ૧૦ /૦૨/૨૦૨૫ નાં દિને મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનતાની જાણ તથા અમલ માટે હુકમ પ્રસિધ્ધ કર્યો.

---

**હુકમ**

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે**

ક્રમાંકઃએમએજી/ચૂંટણી- ૨૦૨૫ /વશી/૭૭૧/૨૦૨૫.-ગુજરાત રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરનાં અખબારીયાદી -ક્રમાંક:ચટણ-સ્થા-સ્વ-૧૩(૬)-૦૧૨૦૨૫-ક તા. ૨૧/૦૧/૨૦૨૫ થી સ્થાનિક સ્વરાજય એકમોની પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકો અંગે રાજયની મહાનગરપાલિકા/ નગરપાલિકા/ જિલ્લા/તાલુકા પંચાયતની પેટા ચૂંટણી-૨૦૨૫ નો કાર્યક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ ભરૂચ જિલ્લામાં નગરપાલિકા જંબુસર વોર્ડ નંબર-૧ બેઠકની પેટા ચૂંટણી, જિલ્લા પંચાયત (૧-આછોદ) બેઠકની પેટા ચૂંટણી તથા હાંસોટ તાલુકા પંચાયત (૧૨-પંડવાઈ) બેઠકની પેટા ચૂંટણી માટે મતદાન તારીખઃ ૧૬/૦૨/૨૦૨૫ અને મતગણતરી તારીખઃ૧૮/૦૨/૨૦૨૫ નાં રોજ નકકી કરવામાં આવેલ છે. લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૨૬ ની જોગવાઈ મુજબ તથા ભારતીય ચૂંટણી પંચના આદેશ ક્રમાંક:૪૬૪/ આઈએનસીટી/૦૭/ પીએલએન/૧/૪૮૩/૫૧૭/સીઈઓ., તારીખ-૦૮/૦૧/૨૦૦૭ નાં પેરા નં. ૨ માં આપેલ સૂચના અનુસાર મતદાન પૂરું થવા માટે નિયત સમય સાથે પૂરા થતાં ૪૮:૦૦ કલાકનાં સમયગાળામાં ચૂંટણી પ્રચાર બંધ કરવા ઠરાવેલ છે. વધુમાં ઉમેદવારો તેમનાં ચૂંટણી મતવિસ્તાર બહારનાં સમર્થકોને ચૂંટણી પ્રચાર માટે એકત્ર કરી કામે લગાડે છે. પરંતુ પ્રચારનો સમયગાળો પૂરો થયા પછી મતદાર વિભાગમાં ચૂંટણી પ્રચાર થઈ શકે નહીં એ હકીકતને ધ્યાનમાં લેતાં રાજકીય પદાધિકારીઓ / પક્ષના કાર્યકરો / સરઘસ કાઢનારાઓ / ચૂંટણી પ્રચારકો વગેરે કે જેઓને મતદાર વિભાગની બહારથી લાવવામાં આવ્યા હોય અને જેઓ મતદાર વિભાગનાં મતદારો ન હોય, તેઓએ ચૂંટણી પ્રચારનાં અંત પછી મતદાર વિભાગમાં હાજર રહે તો ચૂંટણી ન્યાયી અને મુકત રીતે થવા ઉપર અસર પડે છે, જેથી કાયદો અને વ્યવસ્થા જોખમાય છે.

વાસ્તે હું એન.આર.ધાધલ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મળેલ સત્તાની રૂએ ભરૂચ જીલ્લાનાં જંબુસર નગરપાલિકા વોર્ડ નં.૧ની બેઠકમાં આવેલ સમગ્ર વિસ્તાર, જિલ્લા પંચાયત (૧-આછોદ) ની બેઠકમા માં આવેલ સમગ્ર વિસ્તાર અને હાંસોટ તાલુકા પંચાયત (૧૨-પંડવાઈ) ની બેઠકમા આવેલ સમગ્ર વિસ્તાર માટે નીચે મુજબ પ્રતિબંધ ફરમાવુ છું.

(૧) મતદાન પુર્ણ થવા માટે નિયત થયેલ સમય પૂરો થવાના ૪૮:૦૦ કલાક પહેલાથી મતદાન પુર્ણ થતા સુધી ચૂંટણી પ્રચાર કરવા ઉપર,

(૨) કોઈ પણ રાજકીય પક્ષ, ઉમેદવાર, તેના ચૂંટણી એજન્ટ, કાર્યકરો કે સમર્થકોએ કે અન્ય કોઈ વ્યકિતએ સ્થાનિક સ્વરાજયની પેટા ચૂંટણી-૨૦૨૫ નાં મતદાન દિવસ તા.૧૬/૦૨/૨૦૨૫ નાં રોજ મતદાન પૂરું થવાનો ૪૮ કલાક પહેલાથી મતદાન પૂર્ણ થાય ત્યાં સુધી રાજકીય પ્રકારના તમામ શોર્ટ મેસેજ (એએમએસ) મોકલવા ઉપર આથી પ્રતિબંધ ફરમાવું છું.

(૩) પ્રચારનો સમયગાળો પૂર્ણ થયાં બાદ રાજકીય પદાધિકારીઓ / પક્ષના કાર્યકરો /- સરઘસ કાઢનારાઓ/ચૂંટણી પ્રચારકો વિગેરે કે જેઓને મતદાર વિભાગની બહારથી લાવવામાં આવ્યાં હોય અને જેઓ તે મતદાર વિભાગનાં મતદારો ન હોય તેઓએ ચૂંટણી પ્રચારના અંત પછી મતદાર વિભાગમાં હાજર રહેવા ઉપર પ્રતિબંધ મુકુ છું.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાત્મક પોલીસ કાર્યવાહી કરવાને પાત્ર ઠરશે. તેમજ આ હુકમના ભંગ બદલ ફરીયાદ માંડવા પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ તા. ૧૪/૦૨/૨૦૨૫નાં રોજ ૧૮:૦૦ કલાકથી તા.૧૬/૦૨/૨૦૨૫ નાં રોજ ૧૮:૦૦ કલાક સુધી અમલમાં રહેશે તેમજ જો પુનઃ મતદાન કરવાનું થાય તો પુનઃ મતદાનની તા. ૧૭/૦૨/૨૦૨૫ ના રોજ ૧૮-૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

આજ રોજ તા. ૧૦ /૦૨/૨૦૨૫ નાં રોજ મારી સહી તથા સિકકો કરી આપી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિદ્ધ કર્યો.

---

**હુકમ**

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે**

ક્રમાંકઃએમએજી/ચૂંટણી-૨૦૨૫/વશી/૭૭૨/૨૦૨૫.-ગુજરાત રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરનાં અખબારી યાદી ક્રમાંક : ચટણ-સ્થા-સ્વ-૧૩(૬)-૦૧૨૦૨૫-ક તા. ૨૧/૦૧/૨૦૨૫ થી સ્થાનિક સ્વરાજય એકમોની પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકો અંગે રાજયની મહાનગરપાલિકા/ નગરપાલિકા/જિલ્લા/તાલુકા પંચાયતની ચૂંટણી-૨૦૨૫ નો કાર્યક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ ભરૂચ જિલ્લામાં નગરપાલિકા જંબુસર વોર્ડ નંબર-૧ બેઠકની પેટા ચૂંટણી, જિલ્લા પંચાયત (૧-આછોદ) બેઠકની પેટા ચૂંટણી તથા હાંસોટ તાલુકા પંચાયત (૧૨-પંડવાઈ) બેઠકની પેટા ચૂંટણી

માટે મતદાન તારીખઃ૧૬/૦૨/૨૦૨૫ અને મતગણતરી તારીખઃ ૧૮/૦૨/૨૦૨૫ નાં રોજ નકકી કરવામાં આવેલ છે. સ્થાનિક સ્વરાજયની પેટા ચૂંટણી-૨૦૨૫ ની મત ગણતરી સમયે સુલેહ શાંતિ જળવાઈ રહે, ચૂંટણી પ્રકિયા ન્યાયી અને મુકત વાતાવરણમાં યોજાય તેમજ કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને કાયદો અને વ્યવસ્થાની પરીસ્થિતિ જળવાઈ રહે તે હેતુસર નિયત કરેલ મત ગણતરી સ્થળનાં બિલ્ડીંગનાં કમ્પાઉન્ડની દિવાલની આજુબાજુનાં ૧૦૦ મીટર ઘેરાવામાં ચાર થી વધુ વ્યકિતઓને ભેગા થવા ઉપર તેમજ મોબાઈલ તથા સેલ્યુલર ફોન લઈને હરવા ફરવાની કે પ્રવેશ કરવા કે તેનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

વાસ્તે હું એન.આર.ધાધલ, GAS અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ ૧૬૩ હેઠળ મળેલ સત્તાની રૂ એ નીચે જણાવેલ વિસ્તારમાં તા. ૧૮/૦૨/૨૦૨૫ નાં રોજ કલાક ૦૫:૦૦ થી મત ગણતરી પૂર્ણ થાય ત્યાં સુધી નીચેના સ્થળોએ મત ગણતરી બિલ્ડીંગના કમ્પાઉન્ડની દિવાલની આજુબાજુનાં ૧૦૦ મીટરના ઘેરાવામાં ૪(ચાર) કરતા વધારે વ્યકિતઓને એકત્ર થવા, સભા ભરવા કે સરઘસ કાઢવા ઉપર તેમજ મોબાઈલ તથા સેલ્યુલર ફોન લઈને હરવા ફરવા કે પ્રવેશ કરવા કે તેનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ મુકવા ફરમાવુ છું.

**:પ્રતિબંધિત વિસ્તાર:**

ભરૂચ જીલ્લાના જંબુસર નગરપાલિકા વોર્ડ નં. ૧ની બેઠક માટે, જિલ્લા પંચાયત (૧-આછોદ) ની બેઠક માટે તથા હાંસોટ તાલુકા પંચાયત (૧૨-પંડવાઈ) ની બેઠક માટેની પેટા ચૂંટણી માટે નિયત કરેલ મત ગણતરી સ્થળનાં કમ્પાઉન્ડની દિવાલની ૧૦૦ મીટરનાં વિસ્તારનાં ઘેરાવામાં.

**:: અપવાદ ::**

સરકારી અધિકારી/કર્મચારી તથા પોલીસ અધિકારી / કર્મચારી કે જે ચૂંટણી મતગણતરી અંગેની ફરજ ઉપર હોય અને ગણતરીની વ્યવસ્થા સાથે સંકળાયેલા હોય તેમજ ચૂંટણી અધિકારીશ્રી,મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, પોલીસ અધિકારીશ્રી દ્વારા અધિકૃત કરે તે વ્યકિતઓને ઉપરોકત પ્રતિબંધ માંથી મુકિત આપવામાં આવે છે.

**:: શિક્ષા ::**

આ હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ તથા ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તથા આ હુકમના ભંગ બદલ ફરીયાદ માંડવા પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તારીખ- ૧૦/૦૨/૨૦૨૫ નાં રોજ મારી સહી તથા સિકકો કરી આપેલ છે.

---

**હુકમ**

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે**

ક્રમાંકઃએમએજી/ચૂંટણી-૨૦૨૫ /વશી/૭૭૩/૨૦૨૫.-ગુજરાત રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરનાં અખબારીયાદી ક્રમાંકઃચટણ-સ્થા-સ્વ-૧૩(૬)-૦૧૨૦૨૫-ક તા.૨૧/૦૧/૨૦૨૫ થી સ્વરાજય એકમોની પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકો અંગે રાજયની મહાનગરપાલિકા/ નગરપાલિકા/ જિલ્લા/તાલુકા પંચાયતની ચૂંટણી-૨૦૨૫ નો કાર્યક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ ભરૂચ જિલ્લામાં નગરપાલિકા જંબુસર વોર્ડ નંબર-૧ બેઠકની પેટા ચૂંટણી, જિલ્લા પંચાયત (૧-આછોદ) બેઠકની પેટા ચૂંટણી તથા હાંસોટ તાલુકા પંચાયત (૧૨-પંડવાઈ) બેઠકની પેટા ચૂંટણી માટે મતદાન તારીખઃ૧૬/૦૨/૨૦૨૫ અને મતગણતરી તારીખઃ ૧૮/૦૨/૨૦૨૫ નાં રોજ નક્કી કરવામાં આવેલ છે. તે અનુસાર ભારતના નિર્વાચન આયોગ બંધારણની કલમ-૩૨૪ હેઠળ મળેલ સત્તાની રૂએ મતદાન કેન્દ્રોની અંદર અને નજીક ૧૦૦ મીટરની ત્રિજયામાં કોઈપણ વ્યકિતને સેલફોન લઈ જવા અંગે પ્રતિબંધ મુકવા જરૂરી જણાય છે.

સબબ મુકત અને ન્યાયી રીતે ચૂંટણી યોજાય તેમજ ચૂંટણી પ્રકિયા દરમ્યાન સુલેહ શાંતિનો ભંગ /થતો અટકાવી શકાય, તેમજ મતદાન કેન્દ્રો ખાતે મતદાનનાં દિવસે તા. ૧૬/૦૨/૨૦૨૫ નાં રોજ ચૂંટણી પ્રચાર થતો અટકાવવા અને કાયદો અને વ્યવસ્થા જાળવવા મતદાન કેન્દ્રોની અંદર તથા તેની ૧૦૦ મીટરની ત્રિજયામાં કોઈપણ વ્યકિતને મોબાઈલ, સેલ્યુલર ફોન-પેજર, કોર્ડલેસ ફોન અને વાયરલેસ સેટ / વોકીટોકી સાથે પ્રવેશવા ઉપર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

વાસ્તે હું એન.આર.ધાધલ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી અમોને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે,

ભરૂચ જીલ્લાના જંબુસર નગરપાલિકા વોર્ડ નં. ૧ની બેઠકમાં આવેલ સમગ્ર વિસ્તાર, જિલ્લા પંચાયત (૧-આછોદ) ની બેઠકમાં આવેલ

સમગ્ર વિરતાર અને હાંસોટ તાલુકા પંચાયત (૧૨-પંડવાઈ) ની બેઠકમા આવેલ સમગ્ર વિસ્તારમાં આવેલ તમામ મતદાન કેન્દ્રોની અંદર તથા તેની ૧૦૦ મીટરની ત્રિજયામાં કોઈપણ વ્યકિત મતદાનનાં દિવસે મોબાઈલ, સેલ્યુલર ફોન-પેજર, કોર્ડલેસ ફોન અને વાયરલેસ સેટ / વોકીટોકી સાથે લઈ જઈ શકશે નહિ અથવા તેનો ઉપયોગ કરી શકાશે નહિ.

આ આદેશનો ભંગ કરીને જો કોઈ વ્યકિત પાસે મોબાઈલ, સેલ્યુલર ફોન-પેજર, કોર્ડલેસ ફોન અને વાયરલેસસેટ/ વોકીટોકી જેવા સાધનો મળી આવશે તો સ્થળ પરના સુરક્ષા અધિકારીઓ આ સાધનો જપ્ત કરી શકશે.

આ હુકમનાં નિયંત્રણ કાયદો અને વ્યવસ્થાના ચાર્જ ધરાવતા અધિકારીઓ સુરક્ષા અધિકારીઓ. ચૂંટણી પંચે નિમેલા નિરીક્ષકો, મતદાનમથકનાં ચૂંટણીની ફરજમાં રોકાયેલા અધિકારીશ્રી /કર્મચારીશ્રીઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ કસુરવાર થશે તેમજ આ હુકમના ભંગ બદલ ફરીયાદ માંડવા પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો અમલ ભરૂચ જીલ્લાનાં જંબુસર નગરપાલિકા વોર્ડ નં. ૧ ની બેઠકમાં આવેલ સમગ્ર વિસ્તાર, જિલ્લા પંચાયત (૧-આછોદ) ની બેઠકમાં આવેલ સમગ્ર વિસ્તાર અને હાંસોટ તાલુકા પંચાયત (૧૨-પંડવાઈ) ની બેઠકમા આવેલ સમગ્ર વિસ્તારમાં તા. ૧૬/૦૨/૨૦૨૫ નાં દિવસ તથા પુનઃમતદાન યોજવાનું થાય તો તેવા મતદાન મથકોએ તા. ૧૭/૦૨/૨૦૨૫ સુધી કરવાનો રહેશે.

આજ રોજ તા. ૧૦/૦૨/૨૦૨૫ નાં રોજ મારી સહી કરી અને સિક્કો કરી આપ્યો.

---

## જાહેરનામું

### ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે

**વિષયઃ-** તા.૧૩/૪/૨૦૦૪ના નામ.સુપ્રિમ કોર્ટના આદેશ મુજબ ચૂંટણી અંગેની જાહેરાતો ટી.વી. ચેનલો તથા ખાનગી ચેનલોમાં પ્રસારીત કરવા પર નિયમન બાબત.

ક્રમાંકઃએમએજી/પેટા ચૂટણી/વશી/૭૯૧/૨૦૨૫.- ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરનાં અખબારી યાદી ક્રમાંક: ચટણ-સ્થા-સ્વ-૧૩(૬)-૦૧૨૦૨૫-ક, તા.૨૧/૦૧/૨૦૨૫થી સ્થાનિક સ્વરાજ્ય એકમોની પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકો અંગે રાજ્યની મહાનગરપાલિકા/ નગરપાલિકા/ જિલ્લા/તાલુકા પંચાયતની ચૂંટણી-૨૦૨૫નો કાર્યક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ ભરૂચ જિલ્લામાં નગરપાલિકા જંબુસર વોર્ડ નંબર-૧ બેઠકની પેટા ચૂંટણી, જિલ્લા પંચાયત (૧-આછોદ) બેઠકની પેટા ચૂંટણી તથા હાંસોટ તાલુકા પંચાયત (૧૨-પંડવાઈ) બેઠકની પેટા ચૂંટણી માટે મતદાન તારીખઃ૧૬/૦૨/૨૦૨૫ અને મતગણતરી તારીખઃ૧૮/૦૨/૨૦૨૫નાં રોજ નક્કી કરવામાં આવેલ છે. સ્થાનિક સ્વરાજ્યની પેટા ચૂંટણી-૨૦૨૫ અન્વયે રાજકીય પક્ષો, ઉમેદવારો તેમજ તેમના કાર્યકરો દ્વારા આદર્શ આચારસંહિતા તથા ચૂંટણી કાયદાનો ભંગ થતો હોય તેવી જાહેરાતો ટી.વી. ચેનલો તથા ખાનગી ચેનલોમાં પ્રસારીત કરાવવામાં આવતી હોય છે. જેનું નિયમન કરવાં માટે નામ સુપ્રિમ કોર્ટના તા.૧૩/૪/૨૦૦૪ના આદેશ મુજબ ચૂંટણી અંગેની જાહેરાતો ટી.વી. ચેનલો તથા ખાનગી ચેનલોમાં પ્રસારીત કરવા પર નિયમન કરવું જરૂરી જણાય છે.

વાસ્તે હું એન.આર.ધાધલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ આદેશ કરું છું કે, સ્થાનીક સ્વરાજ્ય પેટા ચૂંટણી-૨૦૨૫ અન્વયે રાજકીય પક્ષો, ઉમેદવારો તેમજ તેમના કાર્યકરો દ્વારા આદર્શ આચારસંહિતા તથા ચૂંટણી કાયદાનો ભંગ થતો હોય તેવી જાહેરાતો ટી.વી. ચેનલો તથા ખાનગી ચેનલોમાં પ્રસારીત ન થાય તે માટે ટી.વી. ચેનલ તથા ખાનગી ચેનલ દ્વારા ચૂંટણી પ્રચાર કરવા ઈચ્છતા રાજકીય પક્ષો, ઉમેદવારો કે તેમના કાર્યકરોએ જાહેરાતની સ્ક્રિપ્ટ સાથે નાયબ માહિતી નિયામકશ્રી, ભરૂચને અરજી કરવાની રહેશે અને એમ.સી.એમ.સી. કમિટિ દ્વારા જાહેરાત સ્વિકૃત થયા બાદ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી દ્વારા જાહેરાત પ્રસિધ્ધ કરવા માટે મંજુરી આપવામાં આવશે. આથી જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીની પરવાનગી વગર ટી.વી. ચેનલો તથા ખાનગી ચેનલોમાં ચૂંટણી અંગેની જાહેરાત પ્રસારીત કરી શકાશે નહિં.

**-:શિક્ષાઃ-**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર રહેશે. આ જાહેરનામાનાં ભંગ બદલ ફરીયાદ માંડવા પોલીસ હેડ કોન્સ્ટેબલથી ઉતરતી કક્ષાનાં ન હોય તેવા પોલીસ ખાતાનાં કર્મચારીશ્રી/અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

**-:હદ વિસ્તારઃ-**

આ જાહેરનામું ભરૂચ જિલ્લાના જે વિસ્તારમાં ચૂંટણી થનાર છે તે હદ વિસ્તારમાં લાગુ પડશે.

આ જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખથી તા:૨૧/૦૨/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ: ૧૦/૦૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

---

**જાહેરનામુ**

**ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે**

ક્રમાંક:એમએજી/હોળી-ધૂળેટી જાહેરનામું/વશી/૧૩૮૯/૨૦૨૫.-ભરૂચ જિલ્લામાં પ્રતિવર્ષની માફક ચાલુ વર્ષે પણ તા.૧૩/૦૩/૨૦૨૫ થી તા.૧૪/૦૩/૨૦૨૫ નાં રોજ હોળી-ધૂળેટીનો પર્વ ઉજવવામાં આવનાર છે. હોળી-ધૂળેટીનાં દિવસે એકબીજા પર અબીલ, ગુલાલ નાંખી સદર પર્વ ઉત્સાહથી ઉજવાય છે. અનુભવે જણાયેલ છે કે, ધૂળેટીનાં દિવસે અમુક લોકો દ્વારા ઝટપટ પાવડર જેવા કેમિકલ્સનો છૂટથી ઉપયોગ કરવામાં આવે છે. ઝટપટ પાવડરમાં સમાવિષ્ટ ઝેરી કેમિકલ્સ તથા અન્ય કેમિકલ્સથી સ્વાસ્થ્ય પર વિપરીત અસર થાય છે તેમજ જાહેર રસ્તાઓ પર ધૂળેટીનો પર્વ ઉજવવાથી ટ્રાફિકને પણ અડચણ થાય છે. આ ઉપરાંત કેટલાક લોકો દ્વારા બળજબરી પૂર્વક રંગ તથા કીચડ છાંટવામાં આવે છે, જેના કારણે સુલેહ શાંતિનો ભંગ થવાની સંભાવના રહે છે. જાહેર રસ્તા ઉપર અવર-જવર કરતાં વાહન ચાલકો પાસેથી ખોટી રીતે પૈસા ઉઘરાવવામાં આવતા હોય જેના પર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું એન.આર.ધાધલ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ગુજરાત પોલીસ અધિનિયમ,૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) અન્વયે મળેલ સત્તાની રૂએ ભરૂચ જિલ્લામાં તા.૧૩/૦૩/૨૦૨૫ થી તા.૧૪/૦૩/૨૦૨૫ સુધી હોળી-ધૂળેટી નાં તહેવાર દરમિયાન ઝટપટ પાવડર જેવા શરીરને નુક્શાન કરતાં કેમિકલ રંગનો ઉપયોગ કરવા પર તથા જાહેર રસ્તા-માર્ગો પર ધૂળેટી રમવા પર તથા જાહેર જનતા પર બળજબરીપૂર્વક રંગ તથા કીચડ છાંટવા પર તેમજ જાહેર રસ્તા ઉપર અવર-જવર વાહનો ચાલકો પાસેથી પૈસા ઉઘરાવવા પર આથી પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

**શિક્ષા**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર રહેશે. આ જાહેરનામાનાં ભંગ બદલ ફરીયાદ માંડવા પોલીસ હેડ કોન્સ્ટેબલથી ઉતરતી કક્ષાનાં ન હોય તેવા પોલીસ ખાતાનાં કર્મચારીશ્રી/અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૧/૦૩/૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

---

**આમુખ:-**

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ભરૂચનાં પત્ર ક્રમાંક: મા-૨/પરક્ષ/ગુજકેટ/૨૦૨૫/૧૯૪૯-૫૦, તા.૧૭/૦૩/૨૦૨૫

**હુકમ**

**ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (આર) (૩) અન્વયે.**

ક્રમાંક:એમએજી/ગુજકેટ/વશી/૧૫૮૯/૨૦૨૫.-ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા આગામી તારીખ:૨૩/૦૩/૨૦૨૫ રવિવારનાં રોજ ગુજકેટ પરીક્ષા યોજાનાર છે. સદરહું પરીક્ષા અત્રેનાં ભરૂચ જિલ્લામાં વિવિધ પરીક્ષા કેન્દ્રો ખાતે ખાતે યોજાનાર છે. પરીક્ષા કેન્દ્રોની આસપાસ મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવાનાં કારણે પરીક્ષાર્થીઓને પરીક્ષાની તૈયારી કરવામાં ખલેલ પહોંચે તેમ છે. અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પર આની ખૂબજ પ્રતિકૂળ અસર પડે તેમ છે અને વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડે તેમ છે તેમજ ધ્વનિ પ્રદૂષણ પણ થાય છે. જેથી તા.૨૩/૦૩/૨૦૨૫ નાં રોજ સવારનાં ૦૮:૦૦ કલાકથી સાંજનાં ૦૮:૦૦ કલાક સુધી પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરનાં હદ વિસ્તારમાં બેફામ તથા મનસ્વી રીતે મોટા અવાજે લાઉડ સ્પીકર, વાજીંત્રો તથા ડી.જે.સિસ્ટમ વગાડવા પર પ્રતિબંધ મુકવા અંગે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ભરૂચે આમુખ-૧ થી દરખાસ્ત કરેલ છે.

સબબ આમુખ-૧ ની દરખાસ્ત સંદર્ભે પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરનાં હદ વિસ્તારમાં બેફામ તથા મનસ્વી રીતે મોટા અવાજે લાઉડ સ્પીકર, વાજીંત્રો તથા ડી.જે.સિસ્ટમ વગાડવા પર પ્રતિબંધ મુકવાનું આવશ્યક જણાતુ હોય નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

વાસ્તે, હું એન.આર.ધાધલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (આર) (૩) થી મળેલ સત્તાની રૂએ હુકમ કરી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા આગામી તારીખ:૨૩/૦૩/૨૦૨૫ રવિવારનાં રોજ ગુજકેટ પરીક્ષા યોજાનાર છે. સદરહું પરીક્ષા અત્રેનાં ભરૂચ જિલ્લામાં વિવિધ પરીક્ષા કેન્દ્રો ખાતે યોજાનાર હોય તા.૨૩/૦૩/૨૦૨૫ નાં સવારનાં ૦૮:૦૦ કલાકથી સાંજનાં ૦૮:૦૦ કલાક સુધી પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરનાં હદ વિસ્તારમાં કોઈએ પણ બેફામ તથા મનસ્વી રીતે મોટા અવાજે લાઉડ સ્પીકર, વાજીંત્રો તથા ડી.જે.સિસ્ટમ વગાડવા પર પ્રતિબંધ ફરમાવું છું.

**શિક્ષા**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર રહેશે. આ જાહેરનામાનાં ભંગ બદલ

ફરીયાદ માંડવા પોલીસ હેડ કોન્સ્ટેબલથી ઉતરતી કક્ષાનાં ન હોય તેવા પોલીસ ખાતાનાં કર્મચારીશ્રી/અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ પર આજ રોજ તા.૨૦/૦૩/૨૦૨૫ નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

---

**આમુખ:-**

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ભરૂચનાં પત્ર ક્રમાંક:મા-૨/પરક્ષ/ગુજકેટ/૨૦૨૫/૧૯૪૯-૫૦, તા.૧૭/૦૩/૨૦૨૫

**જાહેરનામું**

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે**

ક્રમાંક:એમએજી/ગુજકેટ/વશી/૧૫૯૦/૨૦૨૫.-ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક બોર્ડ, ગાંધીનગર દ્વારા આગામી તા.૨૩/૦૩/૨૦૨૫ નાં રોજ ગુજકેટની પરીક્ષા યોજાનાર છે. જે અંતર્ગત અત્રેનાં ભરૂચ જિલ્લામાં સદરહું પરીક્ષા જુદા જુદા પરીક્ષા કેન્દ્રો ખાતે યોજાનાર છે. સદરહું પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓને પરીક્ષા આપવામાં અડચણ કે નુકશાન ન થાય તેમજ સુલેહશાંતિનો ભંગ કે હુલ્લડ કે બખેડો અટકાવી શકાય તથા પરીક્ષાર્થીઓ અસામાજીક તત્વોનાં ત્રાસ-ભય વિના પરીક્ષા આપી શકે તે હેતુસર ઉપરોક્ત જણાવેલ પરીક્ષાની તારીખ દરમ્યાન પરીક્ષા કેન્દ્રની ફરતે ૧૦૦ મીટરની હદમાં પરીક્ષાર્થી સિવાયની કોઈપણ વ્યક્તિ કે વ્યક્તિઓને પ્રવેશ કરવા પર પ્રતિબંધ મુકવા અંગે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ભરૂચે આમુખ-૧ થી દરખાસ્ત કરેલ છે.

સબબ આમુખ-૧ ની દરખાસ્ત સંદર્ભે પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરનાં હદ વિસ્તારમાં પરીક્ષાર્થી સિવાયની કોઈપણ વ્યક્તિ કે વ્યક્તિઓને પ્રવેશ કરવા પર પ્રતિબંધ મુકવાનું આવશ્યક જણાતુ હોય નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

વાસ્તે, હું એન.આર.ધાધલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ અધિકારની રૂએ હુકમ કરી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક બોર્ડ, ગાંધીનગર દ્વારા આગામી તા:૨૩/૦૩/૨૦૨૫ નાં રોજ ગુજકેટની પરીક્ષા યોજાનાર હોય સદરહું પરીક્ષા અન્વયે ભરૂચ જિલ્લામાં તા.૨૩/૦૩/૨૦૨૫ નાં રોજ સવારનાં ૦૮:૦૦ કલાકથી સાંજનાં ૦૮:૦૦ કલાક સુધી પરીક્ષા કેન્દ્રોની ફરતે ૧૦૦ મીટરનાં હદ વિસ્તારમાં પરીક્ષાર્થી તેમજ નિયુક્ત કરેલ અધિકૃત વ્યક્તિઓ સિવાયની કોઈપણ વ્યક્તિ કે વ્યક્તિઓનાં સમુહને પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરુ છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહિં.

(૧) પરીક્ષાની કામગીરી સાથે કોઈપણ રીતે સંકળાયેલ તમામ ફરજ પરનાં અધિકારીશ્રી/ કર્મચારીશ્રી

(૨) પરીક્ષા ખંડમાં પાણી પીવડાવવાની કામગીરી કરતાં અધિકૃત વ્યક્તિઓને.

(૩) ફરજ પરનાં પોલીસ કર્મચારીઓ તથા ગૃહ રક્ષક દળની વ્યક્તિઓને.

(૪) આકસ્મિક તપાસણીમાં આવતી અધિકૃત તમામ ટૂકડીઓને.

**શિક્ષા**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર રહેશે. આ જાહેરનામાનાં ભંગ બદલ ફરીયાદ માંડવા પોલીસ હેડ કોન્સ્ટેબલથી ઉતરતી કક્ષાનાં ન હોય તેવા પોલીસ ખાતાનાં કર્મચારીશ્રી/અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૦/૦૩/૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

---

**વંચાણે લીધો:-**

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ભરૂચનાં પત્ર ક્રમાંક:જા.નં./મા-૨/પરક્ષ/ગુજકેટ/૨૦૨૫/૧૯૪૯-૫૦, તા.૧૭/૦૩/૨૦૨૫

**જાહેરનામું**

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે**

ક્રમાંક:એમએજી/ગુજકેટ/વશી/૧૫૯૧/૨૦૨૫.-ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક બોર્ડ, ગાંધીનગર દ્વારા આગામી તા.૨૩/૦૩/૨૦૨૫ સુધી ગુજકેટની પરીક્ષા યોજાનાર છે. જે અંતર્ગત અત્રેનાં ભરૂચ જિલ્લામાં સદરહું પરીક્ષા જુદા-જુદા પરીક્ષા કેન્દ્રો ખાતે

યોજાનાર છે. સદર પરીક્ષા કેન્દ્રની નજીક આવેલાં ઝેરોક્ષ સેન્ટરોનાં કારણે વિદ્યાર્થીઓ કાપલીઓ તેમજ ઝેરોક્ષ નકલોનો ઉપયોગ કરે, કરાવે અને તેના પરિણામે પરીક્ષામાં ગેરરીતિઓ થવાનો સંભવ રહે છે. જેથી પરીક્ષા કેન્દ્રની ૧૦૦ મીટરની હદ વિસ્તારમાં આવેલાં તમામ ઝેરોક્ષ સેન્ટરો ઉપરોક્ત જણાવેલ પરીક્ષાની તારીખ દરમ્યાન સવારનાં ૦૮:૦૦ કલાકથી સાંજનાં ૦૮:૦૦ કલાક સુધી બંધ રાખવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ભરૂચે આમુખ-૧ થી દરખાસ્ત કરેલ છે.

સબબ આમુખ-૧ ની દરખાસ્ત સંદર્ભે પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરનાં હદ વિસ્તારમાં આવેલાં તમામ ઝેરોક્ષ સેન્ટરો ચાલુ રાખવા પર પ્રતિબંધ મુકવાનું આવશ્યક જણાતુ હોય નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

વાસ્તે, હું એન.આર.ધાધલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ અધિકારની રૂએ હુકમ કરી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક બોર્ડ, ગાંધીનગર દ્વારા આગામી તા.૨૩/૦૩/૨૦૨૫ નાં રોજ ગુજકેટની પરીક્ષા યોજાનાર હોય સદરહું પરીક્ષા અન્વયે ભરૂચ જિલ્લામાં તા.૨૩/૦૩/૨૦૨૫ નાં રોજ સવારનાં ૦૮:૦૦ કલાકથી સાંજનાં ૦૮:૦૦ કલાક સુધી ભરૂચ જિલ્લાનાં પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરનાં હદ વિસ્તારમાં આવેલ ઝેરોક્ષ સેન્ટરો બંધ રાખવા આદેશ ફરમાવુ છું.

**શિક્ષા**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર રહેશે. આ જાહેરનામાનાં ભંગ બદલ ફરીયાદ માંડવા પોલીસ હેડ કોન્સ્ટેબલથી ઉતરતી કક્ષાનાં ન હોય તેવા પોલીસ ખાતાનાં કર્મચારીશ્રી/અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૦/૦૩/૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

---

**વાંચ્યો:-**

(૧) એડી.જનરલ મેનેજર,(ઓ & એમ),ભરૂચ દહેજ રેલ્વે કંપની લિ.નાં પત્ર ક્રમાંક:LC/BH-DHF/Maint/7, Date:28/2/2025

(૨) એડી.જનરલ મેનેજર,(ઓ & એમ),ભરૂચ દહેજ રેલ્વે કંપની લિ.નાં પત્ર ક્રમાંક:LC/BH-DHF/Maint/6, Date:28/2/2025

(૩) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચનાં પત્ર નંબર: એલ.આઈ.બી./અભિપ્રાય/૯૧૪/૨૦૨૫ તા.૨૦/૦૩/૨૦૨૫

(૪) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચનાં પત્ર નંબર: એલ.આઈ.બી./અભિપ્રાય/૯૧૫/૨૦૨૫ તા.૨૦/૦૩/૨૦૨૫

**જાહેરનામુ**

**ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે**

ક્રમાંક:એમએજી/જાહેરનામું/વશી/૧૬૨૧/૨૦૨૫.-એડી.જનરલ મેનેજર,(ઓ & એમ),ભરૂચ દહેજ રેલ્વે કંપની લિ. દ્વારા આમુખ-૧ અને ૨ થી જંબુસર બાયપાસ ખાતે આવેલ રેલ્વે ફાટક (5-A અને 5-B) બંધ કરવા બાબતનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અંગે રજુઆત કરેલ હતી.

જંબુસર બાયપાસ ખાતે આવેલ રેલ્વે ફાટક પર રીપેરીંગ કામ કરવુ જરૂરી હોય જંબુસર બાયપાસ ચોકડી ખાતે આવેલ રેલ્વે ફાટક બંધ કરવા માટે અને નાના-મોટા વાહનો વધુ પ્રમાણમાં આવતાં હોય તેનું રૂટ ડાયવર્ઝન કરવા અંગે આમુખ-૩ તથા આમુખ-૪ થી જાહેરનામું પ્રસિધ્ધ કરવા બાબતે હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

સબબ આમુખ-૩ અને ૪ થી આપેલ અભિપ્રાય મુજબ નીચે જણાવેલ સમય મુજબ રૂટ ડાયવર્ટ કરવા પાત્ર થાય છે.

**પરિશિષ્ટ**

| અ.નં. | તારીખ અને સમય | બંધ કરવામાં આવનાર રેલ્વે ફાટક | ડાયવર્ટ વાહન વ્યવહાર રૂટ |
|---|---|---|---|
| ૧ | તા.૨૧/૦૩/૨૦૨૫ ના ૯.૦૦ કલાક થી તા.૨૩/૩/૨૦૨૫ ના ૧૮.૦૦ કલાક સુધી | જંબુસર ચોકડી થી શેરપુરા-શ્રવણ ચોકડી તરફ જતા વાહનો વાળુ ફાટક નંબર 5-B | જંબુસર ચોકડી થી મનુબર ચોકડી ઓવરબ્રીજ ઉપર થઈ શેરપુરા ચોકડી થઈ શ્રવણ ચોકડી તરફ વાહન ડાયવર્ટ કરવા |
| ૨ | તા.૨૫/૦૩/૨૦૨૫ ના ૯.૦૦ કલાક થી તા.૨૭/૩/૨૦૨૫ ના ૧૮.૦૦ કલાક સુધી | શ્રવણ ચોકડી-શેરપુરા ચોકડી-મનુબર ચોકડી તરફ જતા વાહનો વાળુ ફાટક નંબર 5-A | શ્રવણ ચોકડી થી શેરપુરા ચોકડી થઈ જંબુસર બાયપાસ બ્રીજ ઉપર થઈ મનુબર ચોકડી થઈ બ્રીજની નીચે થઈ વાહન ડાયવર્ટ કરવા |

વાસ્તે, હું એન.આર.ધાધલ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ગુજરાત પોલીસ અધિનિયમ,૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મળેલ સત્તાની રૂએ હુકમની તારીખથી ઉપર જણાવેલ પરિશિષ્ટ મુજબ જાહેર જનતાની સુવિધા અને સલામતી માટે રૂટ ડાયવર્ઝન કરવા આથી હુકમ કરવામાં આવે છે.

**શિક્ષા**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર રહેશે. આ જાહેરનામાનાં ભંગ બદલ ફરીયાદ માંડવા પોલીસ હેડ કોન્સ્ટેબલથી ઉતરતી કક્ષાનાં ન હોય તેવા પોલીસ ખાતાનાં કર્મચારીશ્રી/અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા. ૨૦/૦૩/૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

**જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા**

**વંચાણે લીધા :-**

(૧) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૬૨/૨૦૧૧/એન.એસ.વી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧/૦૭/૨૦૧૧.

(૩) અત્રેની કચેરીના તા.૧૯/૧૨/૨૦૨૪ ના પત્રનં.ઉખસ/ફડચ/૦૧/ક /૨૪૮/૨૦૨૪થી કરેલ વચગાળાનો આદેશ.

**પ્રસ્તાવના**

જા.નં.ઉખસ/ફડચ/૦૧/ક/૨૧/૩૧૪/૨૦૨૫. આમુખ(૧) થી વંચાણે લીધેલ જોગવાઈઓ અન્વયે મંડળીના કાર્યવાહકોને સાંભળવાની તક આપવા માટે અને મંડળીની કામગીરી સુધારણા માટે સમય આપતો આમુખ(૩) થી વચગાળાનો આદેશ કરવામાં આવેલ. સદર આદેશ અન્વયે મંડળીના કાર્યવાહકો દ્વારા મંડળીને ચલાવવા માટે તેમજ ઉદ્દેશો મુજબ કાર્યરત કરવા માટે કોઈ રસ દાખવેલ નથી, અથવા પ્રત્યુત્તર આપેલ નથી કે જવાબ રજુ કરેલ નથી. આમ, સદર મંડળી ચલાવવા માટે મંડળીના કાર્યવાહકોને રસ ન હોવાનું પ્રથમ દ્રિષ્ટએ ફલિત થાય છે. જેથી અમોને મળેલી સત્તા અન્વયે નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

**અંતિમ આદેશ**

હું એસ.એન.ઝાલા, જિલ્લા રજિસ્ટ્રાર, સ.મં., પાટણ આમુખ-૨ થી મને મળેલ સત્તાની રૂએ ધી નાનીચંદુર સેવા સેવા સહકારી મંડળી લી., મુ.નાનીચંદુર, તા.સમી, જિ.પાટણની નોંધણી નં.૩૦૦૨૫ અને નોંધણી તા.૨૮/૦૫/૧૯૬૦ને અત્રેની કચેરીના આમુખ નં. ૩ અન્વયે તા૧૯/૧૨/૨૦૨૪ના ફડચામાં લઈ જવાના વચગાળાના આદેશને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ (૩) હેઠળ બહાલી આપીને મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરુ છુ. તથા સદર કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે ધી મહેસાણા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી.. મહેસાણા ની નિમણૂક કરુ છુ અને આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રીએ ફડચાની કામગીરી આદેશની તારીખથી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે. તેમજ ફડચા ફી નિયત ધોરણે સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

પાટણ તા: ૧૧મી ફેબ્રુઆરી ૨૦૨૫

---

**વંચાણે લીધા :-**

(૧) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૬૨/૨૦૧૧/એન.એસ.વી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧/૦૭/૨૦૧૧.

(૩) અત્રેની કચેરીના તા.૧૯/૧૨/૨૦૨૪ ના પત્રનં.ઉખસ/ફડચ/૦૧/ક /૨૪૪/૨૦૨૪થી કરેલ વચગાળાનો આદેશ.

**પ્રસ્તાવના**

જા.નં.ઉખસ/ફડચ/૦૧/ક/૨૦/૩૧૫/૨૦૨૫. આમુખ(૧) થી વંચાણે લીધેલ જોગવાઈઓ અન્વયે મંડળીના કાર્યવાહકોને સાંભળવાની તક આપવા માટે અને મંડળીની કામગીરી સુધારણા માટે સમય આપતો આમુખ(૩) થી વચગાળાનો આદેશ કરવામાં આવેલ. સદર આદેશ અન્વયે મંડળીના કાર્યવાહકો દ્વારા મંડળીને ચલાવવા માટે તેમજ ઉદ્દેશો મુજબ કાર્યરત કરવા માટે કોઈ રસ દાખવેલ નથી, અથવા પ્રત્યુત્તર આપેલ નથી કે જવાબ રજુ કરેલ નથી. આમ, સદર મંડળી ચલાવવા માટે મંડળીના કાર્યવાહકોને રસ ન હોવાનું પ્રથમ દ્રિષ્ટએ ફલિત થાય છે. જેથી અમોને મળેલી સત્તા અન્વયે નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

**અંતિમ આદેશ**

હું એસ.એન.ઝાલા, જિલ્લા રજિસ્ટ્રાર, સ.મં.,પાટણ આમુખ-૨ થી મને મળેલ સત્તાની રૂએ ધી સોટાવડ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. મુ.સોટાવડ, તા.સરસ્વતી, જિ.પાટણની નોંધણી નં.૪૪૬૫૩ અને નોંધણી તા.૨૦/૦૨/૨૦૧૬ને અત્રેની કચેરીના આમુખ નં.૩ અન્વયે તા૧૯/૧૨/૨૦૨૪ના ફડચામાં લઈ જવાના વચગાળાના આદેશને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ (૩)હેઠળ બહાલી આપીને મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરુ છુ. તથા સદર કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સ.મં, પાટણ ની નિમણૂક કરુ છુ અને આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રીએ ફડચાની કામગીરી આદેશની તારીખથી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે. તેમજ ફડચા ફી નિયત ધોરણે સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

પાટણ તા: ૧૧મી ફેબ્રુઆરી ૨૦૨૫

---

**વંચાણે લીધા :-**

(૧) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૬૨/૨૦૧૧/એન.એસ.વી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા.૨૧/૦૭/૨૦૧૧.

(૩) અત્રેની કચેરીના તા.૧૬/૦૮/૨૦૨૪ ના પત્રનં.ઉખસ/ફડચ/૦૧/ ક /૧૮૧/૨૦૨૪થી કરેલ વચગાળાનો આદેશ.

**પ્રસ્તાવના**

જા.નં.સસમ/૦૧/ક/૧૯/૩૧૬/૨૦૨૫. આમુખ(૧) થી વંચાણે લીધેલ જોગવાઈઓ અન્વયે મંડળીના કાર્યવાહકોને સાંભળવાની તક આપવા માટે અને મંડળીની કામગીરી સુધારણા માટે સમય આપતો આમુખ(૩) થી વચગાળાનો આદેશ કરવામાં આવેલ. સદર આદેશ અન્વયે મંડળીના કાર્યવાહકો દ્વારા અત્રેની કચેરીએ તા.૧૪/૦૯/૨૦૨૪ના રોજ જવાબ રજુ કરેલ, જે જવાબ સાથે કોઈ આધારપુરાવા રજુ કરેલ નહિ, જેથી અત્રેની કચેરીના તા.૧૮/૧૨/૨૦૨૪ના પત્રનં.સસમ/૦૧/ક/૨૩૭/૨૦૨૪થી જરૂરી આધારપુરાવા દિન-૦૭માં અત્રે રજુ કરવા જણાવેલ. પરંતુ મંડળીના કાર્યવાહકો તરફથી કોઈ જ આધારપુરાવા રજુ કરેલ નથી. જેથી અમોને મળેલી સત્તા અન્વયે નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

**અંતિમ આદેશ**

હું એસ.એન.ઝાલા, જિલ્લા રજિસ્ટ્રાર, સ.મં.,પાટણ આમુખ-૨ થી મને મળેલ સત્તાની રૂએ ધી ભદ્રાડા સેવા સહકારી મંડળી લી. મુ.ભદ્રાડા, તા.સમી, જિ.પાટણ જેનો નોંધણી નં.સે.૧૦૦૫૧ અને નોંધણી તા.૦૨/૦૫/૧૯૬૭ને અત્રેની કચેરીના આમુખ નં.૩ અન્વયે તા૧૬/૦૮/૨૦૨૪ના ફડચામાં લઈ જવાના વચગાળાના આદેશને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭(૩) હેઠળ બહાલી આપીને મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરુ છુ. તથા સદર કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે ધી મહેસાણા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી.મહેસાણાની નિમણૂક કરુ છુ અને આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રીએ ફડચાની કામગીરી આદેશની તારીખથી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે. તેમજ ફડચા ફી નિયત ધોરણે સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

પાટણ તા: ૧૧મી ફેબ્રુઆરી ૨૦૨૫

---

**વંચાણે લીધા :-**

(૧) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ ની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૬૨/૨૦૧૧/એન.એસ.વી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા.૨૧/૦૭/૨૦૧૧.

(૩) અત્રેની કચેરીના તા.૧૭/૦૩/૨૦૨૩ ના પત્રનં.ઉખસ/ફડચ/૦૧/ક /૧૦૫/૨૦૨૩ થી કરેલ વચગાળાનો આદેશ.

**પ્રસ્તાવના**

જા.નં.સસમ/૦૧/ક/૧૮/૩૧૭/૨૦૨૫ આમુખ(૧) થી વંચાણે લીધેલ જોગવાઈઓ અન્વયે મંડળીના કાર્યવાહકોને સાંભળવાની તક આપવા માટે અને મંડળીની કામગીરી સુધારણા માટે સમય આપતો આમુખ(૩) થી વચગાળાનો આદેશ કરવામાં આવેલ. સદર આદેશ અન્વયે મંડળીના કાર્યવાહકો દ્વારા અત્રેની કચેરીએ જવાબ રજુ કરેલ, જે જવાબ સાથે કોઈ આધારપુરાવા રજુ કરેલ નહિ, જેથી અત્રેની કચેરીના તા.૧૯/૧૨/૨૦૨૪ના પત્રનં.સસમ/૦૧/ક/૨૩૯/૨૦૨૪થી જરૂરી આધારપુરાવા અત્રે રજુ કરવા જણાવેલ. પરંતુ મંડળીના કાર્યવાહકો તરફથી કોઈ જ આધારપુરાવા રજુ કરેલ નથી. જેથી અમોને મળેલી સત્તા અન્વયે નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

**અંતિમ આદેશ**

હું એસ.એન.ઝાલા, જિલ્લા રજિસ્ટ્રાર, સ.મં.,પાટણ આમુખ-૨ થી મને મળેલ સત્તાની રૂએ શ્રી મીઠાધરવા મજુર કામદાર સહકારી મંડળી લી. મુ.મીઠાધરવા, તા.ચાણસ્મા, જિ.પાટણ જેનો નોંધણી નં.૭૦૩૨ અને નોંધણી તા.૧૮/૦૧/૧૯૮૨ને અત્રેની કચેરી-ના આમુખ નં.૩ અન્વયે તા૧૭/૦૩/૨૦૨૩ના ફડચામાં લઈ જવાના વચગાળાના આદેશને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭(૩) હેઠળ બહાલી આપીને મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરુ છુ. તથા સદર કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સ.મં, પાટણની નિમણૂક કરુ છુ અને આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રીએ ફડચાની કામગીરી આદેશની તારીખથી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે. તેમજ ફડચા ફી નિયત ધોરણે સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

પાટણ તા: ૧૧મી ફેબ્રુઆરી ૨૦૨૫

**એસ.એન.ઝાલા**
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ, પાટણ

---

ક્રમાંકઃનધણ/ટીએપી/સે(મ)-૪૯૫૮૯/૩૫૬/૬૭૩/સને–૨૦૨૪ આથી જાહેર કરવામાં છે કે, સિધ્ધી કલસ્ટર લેવલ વિવિધલક્ષી સહકારી મંડળી લી., મુ.પો.ધાસીયામેઢા, તા.સોનગઢ, જિ.તાપીને

સને ૧૯૬૧નો ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

તાપી વ્યારા, તા: ૧૨મી ડિસેમ્બર, ૨૦૨૫.

---

ક્રમાંકઃનધણ/ટીએપી/સે(મ)-૪૯૫૯૦/૩૫૨/૬૭૨/સને–૨૦૨૪ આથી જાહેર કરવામાં છે કે, જય સ્વામી નારાયણ કલસ્ટર લેવલ વિવિધલક્ષી સહકારી મંડળી લી., મુ.પો.ડોલવણ, તા.ડોલવણ, જિ.તાપીને

સને ૧૯૬૧નો ગુજરાતના કાયદા-૧૦(ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

તાપી વ્યારા, તા: ૧૨મી ડિસેમ્બર, ૨૦૨૫.

**ડી.એમ.પટેલ**
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, તાપી (વ્યારા)

---

**નોંધણીનું પ્રમાણપત્ર**

નોંધણી ક્રમાંક: REG/AHD/SA(HAA)/21625/2025 આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી હરિઓમ એલીગન્સ કો.ઓપ.કોમર્શિયલ એન્ડ હાઉસિંગ સર્વિસ સોસાયટી લિ., મુ.ગોધાવી, તા. સાણંદ, જિ.અમદાવાદ

(સને-૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા: ૧૧મી ફેબ્રુઆરી ૨૦૨૫.

**વી.આર. કપુરીયા**
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ (હાઉસિંગ)
અમદાવાદ

---

નોંધણી નંબરઃ-જા.નં.નધણ/૦૧/ઘ-૨/એનએવી/SE-49019/175/૨૦૨૫ જાહેર કરે છે કેઃ- એકતા કલસ્ટર લેવલ ફેડએશન ગણદેવી મહિલા

સહકારી મંડળી લી. મુ.પો.વડસાંગળ., તા.ગણદેવી., જિ.નવસારી

સને ૧૯૬૨નો ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

નવસારી, તા: ૦૭મી ફેબ્રુઆરી ૨૦૨૫

---

નોંધણી નંબર:-જા.નં.નધણ/૦૧/ઘ-૨/એનએવી/SE-49020/178/૨૦૨૫ જાહેર કરે છે કે:- શકિત કલસ્ટર સખી સંઘ મહિલા સહકારી મંડળી લી. મુ.પો.ચીમનપાડા., તા.ખેરગામ ., જિ.નવસારી

સને ૧૯૬૨નો ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

નવસારી, તા: ૦૭મી ફેબ્રુઆરી ૨૦૨૫

---

નોંધણી નંબર:-જા.નં.નધણ/૦૧/ઘ-૨/એનએવી/SE-49021/172/૨૦૨૫ જાહેર કરે છે કે:- પ્રકૃતિ કલસ્ટર સંગઠન સહકારી મંડળી લી. મુ.પો.આમડપોર., તા.નવસારી., જિ.નવસારી

સને ૧૯૬૨નો ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

નવસારી, તા: ૦૭મી ફેબ્રુઆરી ૨૦૨૫

**ડી.એમ.પટેલ**
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ,
નવસારી

---

**વંચાણે લીધા :-**

(૧) સુચિત સોસાયટીના મુખ્ય પ્રયોજક શ્રીએ તા.૧૫/૨/૨૦૨૩ રજુ થયેલ સુચિત ધી મેડી પ્લસ કોમર્શીયલ સર્વિસ સોસાયટી લિ., મુ.મકરબાની નોંધણી દરખાસ્ત

(૨) સુ. મંડળી દ્વારા રજુ થયેલ નોંધણી દરખાસ્ત અન્વયે મંડળીની નોંધણી અંગે તા.૨૮/૪/૨૦૨૩ ના પત્રથી નોંધણી અંગે કરેલ જાણ કરતો પત્ર

(૩) ચેરમેનશ્રી/સેક્રેટરીશ્રી, ધી મેડી પ્લસ કોમર્શીયલ સર્વિસ સોસાયટી લિ.,મુ.મકરબા, તા.વેજલપુર, જિ.અમદાવાદની તા.૧૫/૨/૨૦૨૪ના રોજથી નોંધણી પ્રમાણપત્રમાં સુધારો કરી આપવા અંગે આધાર પૂરાવાસહ કરેલ અરજી

(૪) અત્રેના તા.૧/૫/૨૦૨૪ ના જા.ક: નધણ/૦૧/ક-૨/૪૬૨/સને ૨૦૨૪ થી વડી કચેરીને નોંધણી પ્રમાણપત્ર સુધારો કરી આપવા કરેલ દરખાસ્ત

(૫) રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ ગુ.રા ગાંધીનગરના તા.૨/૯/૨૦૨૪ ના ઈસરકાર પત્ર RCOS/0732/08/2024 થી નોંધણી પ્રમાણપત્ર સુધારા બાબતે હુકમ કરવા જાણ અંગેનો પત્ર

(૬) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ ગાંધીનગરનું તા.૨૧/૦૭/૨૦૧૧ના રોજનું જાહેરનામું ક્રમાંક: જીએચકેએચ/૫૧/૨૦૧૧/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/સીએચ, તા.૧/૧/૨૦૧૬ના રોજનું જાહેરનામું ક્રમાંક :જીએચકેએચ/૧/૨૦૧૬/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/સીએચથી પ્રાપ્ત થયેલ સત્તાઓ તથા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુ.રા, ગાંધીનગર કચેરીના તા.૨૪/૮/૨૦૨૨ ના કાર્યાલય આદેશ ધરમ/૦૧/ઓ.એસ./છ/૧૦૧૮/૨૦૨૨ થી નકકી કરેલ જોબ ચાર્ટ

**પ્રસ્તાવના**

જા.ક: નધણ/૦૧/ક-૨/૯૫૩/૨૦૧૨સને ૨૦૨૪.–ધી મેડી પ્લસ કોમર્શીયલ સર્વિસ સોસાયટી લિ., મુ.મકરબા, તા.વેજલપુર, જિ.અમદાવાદએ ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ,૧૯૬૧ની કલમ-૯ અન્વયે તા.૨૮/૪/૨૦૨૩ના રોજ નોંધણી ક્રમાંક: REG/AHD/SA(co)/17809/2023 નોંધાયેલ કો-ઓ.સર્વિસ સો.લિ. છે. જેથી મંડળીનો વહિવટ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ તથા મંડળીના મંજુર થયેલ પેટા નિયમની જોગવાઈને આધિન આ કાર્યાલય ના સીધા નિયંત્રણ હેઠળ આવે છે.

વંચાણે લીધેલ ક્રમાંક: (૧) થી ધી મેડી પ્લસ કોમર્શીયલ સર્વિસ સોસાયટી લિ.,મુ.મકરબાના ચેરમેન/સેક્રેટરીશ્રીએ દ્વારા તારીખ:૧૫/૨/૨૦૨૪ ના રોજ અત્રેની કચેરીને લખેલ પત્રની સાથે સોસાયટીના તા૨૧/૨/૨૦૨૪ ના વ્યવસ્થા કમિટી બેઠકના ઠરાવ-૨ની નકલ સાથે રજુઆત કરી સોસાયટીની નોંધણી સમયે રજુ થયેલ દરખાસ્તમાં અપલોડ થયેલ વિગતોના આધારે નોંધણી પ્રમાણપત્રમાં ''THE MEDI PLUS COMMERCIAL SERVICE SOCIETY LIMITED" નામનુ ઈસ્યુ થયેલ પ્રમાણપત્રમાં ''THE MEDI PLUS COMMERCIAL CO-OP. SERVICE SOCIETY LIMITED" નામનો સુધારો કરી આપવાની દરખાસ્ત કરેલ છે. ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ,૧૯૬૧ની કલમ-૧૫માં મંડળીના નામમાં સુધારો કરવા અંગેની જોગવાઈઓ છે, જે મુજબ મંડળી તેની સાધારણ સભામાં બહુમતિથી ઠરાવ પસાર કરીને નામમાં સુધારો કરી શકે છે. પરતું મેડી પ્લસ કોમર્શીયલ સર્વિસ સોસાયટી લિ દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક: (૧)થી નામ સુધારા બાબતેની દરખાસ્ત મુજબ સોસાયટીના નામમાં આઈ.એફ.પોર્ટલ ઉપર અપલોડ થયેલ વિગતોમાં શરતચુકથી ''CO-OP" શબ્દ ''missing" થયેલ હોવાથી તે મુજબ આઈ.ઓફ. પોર્ટલ ઉપર જનરેટ થયેલ પ્રમાણપત્રમા ''CO-OP" શબ્દ લખાઈ આવેલ નથી, એટલે કે ગુજરાત સરકારી મંડળીઓ અધિનિયમ,૧૯૬૧ ની કલમ-૧૫ મુજબ સોસાયટી તેનુ નામ સુધારવા નથી પરંતુ જનરેટ થયેલ પ્રમાણપત્રમા નામ સુધારો કરાવવા માંગે છે. વંચાણે લીધેલ ક્રમાંક: (૩) બાબતેના નામ સુધારી આપવા માન.રજિસ્ટ્રારશ્રી સરકારી મંડળીઓ, ગુજરાત રાજય, ગાંધીનગરને તા.૧/૫/૨૦૨૪ ના પત્રથી દરખાસ્ત કરતાં તેઓના વંચાણે લીધેલ ક્રમાંક: (૪) ના પત્રથી નામની ભુલ સુધારા બાબતે હુકમ કરી આપવા જણાવેલ છે માન રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજય,ગાંધીનગરના તા.૧૧/૧૧/૨૦૨૨ ના પત્ર જા.ક:વહટ/૦૧/ક-૩/૬૧૯/૨૦૨૨ થી થઈ આવેલ સુચનાઓ મુજબ આઈ.એફ.પોર્ટલ ઉપર અપલોડ થયેલ વિગતોના આધારે ઓટોમેટીક જનરેટ થતાં નોંધણી પ્રમાણપત્રમાં નામની ભૂલ સુધારો શકય નથી, તેમજ અતિ ખાસ સંજોગો સિવાય નામની ભૂલ સુધારી શકાતી નથી. તેમ છતાં

સોસાયટીના ચેરમેનશ્રી/સેક્રેટરી દ્વારા કરેલ રજૂઆત મુજબ સોસાયટીના નામની સાથે નોંધણી પ્રમાણપત્રમાં ''કો-ઓપ'' શબ્દ લખાયેલ નથી, ગુજરાત સરકારી મંડળીઓ અધિનિયમ,૧૯૬૧ હેઠળ નોંધાતી મંડળીના નામની સાથે ''કો-ઓપ'' શબ્દ સમાવિષ્ટ થવો જરૂરી છે વધુમાં અપલોડ થયેલ વિગતોના આધારે જનરેટ થયેલ ક્ષતિગ્રસ્ત પ્રમાણપત્રમાં ''કો-ઓપ'' શબ્દનો ઉલ્લેખ ન થાય તો સોસાયટીને ભવિષ્યમાં તકલીફ પડે શકે તેમ છે તે કારણસોર સોસાયટીના આઈ.એફ.પોર્ટલ ઉપરથી જનરેટ થયેલ નામમાં ''કો-ઓપ'' શબ્દનો ઉમેરો કરવાની સોસાયટીની વંચાણે લીધેલ ક્રમાંકઃ (૧) ના રોજની દરખાસ્ત વ્યાજબી અને યોગ્ય જણાય છે જેથી નામમા સુધારા બાબતનો નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**સુધારા હુકમ**

હું વી.આર.કપુરીયા, જિલ્લા રજિસ્ટ્રાર સ.મં(હાઉસિંગ), અમદાવાદ ઉકત વંચાણે લીધેલ ક્રમાંકઃ(૬) થી અમદાવાદ જિલ્લા હાઉસિંગ તથા હાઉસિંગ સર્વિસ સોસાયટીઓ બાબતે મને પ્રાપ્ત થયેલ સત્તાની રૂઈએ આઈ.એફ.પોર્ટલ ઉપર ઓન લાઈન એપ્લીકેશન નંબર ૨૫૨૮૧૬ થી તા.૨૮/૪/૨૦૨૩ ના રોજથી જનરેટ થયેલ નોંધણી પ્રમાણપત્ર NO.REG/AHD/SA(CO)17809/2023 "THE MEDI PLUS COMMERCIAL SERVICE SOCIETY LIMITED" ના નામને બદલે "THE MEDI PLUS COMMERCIAL CO-OP. SERVICE SOCIETY LIMITED" મુજબનુ નામ સુધારો કરી આપુ છું.

અમદાવાદ, તાઃ ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૨૪.

**(સહિ) અવાચ્ય**
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ (હાઉસિંગ) અમદાવાદ

---

જા.નં.નધણ/VAL/SE(B)49679/4/૨૦૨૫ આથી જાહેર કરે છે કે, એસ.એમ સેવિંગ્સ ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટી લિમિટેડ.ઠે.શોપ નં.૦૩ દેગામ રોડ ડુંગરી ફળિયા વાપી તા.વાપી જીલ્લા વલસાડને

સને ૧૯૬૧ની ગુજરાત સહકારી કાયદો ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તાઃ૧૩મી ફેબ્રુઆરી ૨૦૨૫

**એચ.ડી કાછડ**
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ
વલસાડ

---

**વંચાણે લીધા :-**

(૧) ધી બેંક ઓફ બરોડા નડીયાદ રીજયોનલ કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લિ. મુ.નડીયાદ તા.નડીયાદ જિ.ખેડાના ફડચાનો અંતિમ હુકમ-ઉખસ/ક-જ/ફડચ/૦૧/ગ-૨/૧૦૭/૨૦૨૧ તા-૫/૭/૨૦૨૧

(૨) ફડચા અધિકારીનો તા-૧૧/૯/૨૦૨૩ નો અહેવાલ અને તા-૧૬/૧૧/૨૦૨૪ ના પત્રથી રજુ થયેલ અહેવાલ

(૩) સહકારી અધિકારી ફડચાના તા-૧૨/૧૧/૨૦૨૪ની સાધારણ સભા ભરવામાં આવેલ તેના આધાર

(૪) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૨૦ અને ૧૧૪(૨) અને (૩) ની જોગવાઈઓ

(૫) કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામાં ક્રમાંકઃજી.એચ. કે-/૫૧-૨૦૦૫-એન.એસ.બી.૧૨-૨૦૦૨-૩૦૧૧-સી.એચ. તા-૨૧/૭/૨૦૧૧

**પ્રસ્તાવના**

જા.નં,નધણ/૦૧/ખ-૨/૨૫/૨૦૨૫ ધી બેંક ઓફ બરોડા નડીયાદ રીજયોનલ કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લિ. મુ.નડીયાદ તા.નડીયાદ જિ.ખેડા સહકારી કાયદા હેઠળ નોંધણી નંબર -સે-૩૨૩૦૧,તા-૨૫/૧/૨૦૦૧ થી નોંધવામાં આવેલ છે,

વંચાણે લીધેલ ક્રમાંકઃ (૧) થી સદર મંડળીને ફડચામાં લઈ જવામાં આવેલ છે,

વંચાણે લીધેલ ક્રમાંકઃ (૨) ફડચા અધિકારીશ્રીના તા-૧૧/૯/૨૦૨૩ના પત્રમાં જણાવેલ વિગતે સદર મંડળીનું સર્ટીફાઈડપેનલ ઓડીટર દવારા તા-૩૦/૬/૨૩ સુધીનું ઓડીટ પૂર્ણ કરવામાં આવેલ છે, તા-૩૦/૬/૨૦૨૩ અંતિતિ મંડળીનું છેલ્લું સરવૈયું ''શૂન્ય'' કોઈ આખરી ઓડીટ પેનલ પરના સર્ટીફાઈડ ઓડીટરશ્રી દવારા તા-૨૯/૮/૨૦૨૩ ના રોજ પૂર્ણ કરવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમાંકઃ (૩) સદર મંડળીની ફડચા અધિકારીશ્રી દવારા મંડળીની આખરી સામાન્ય સભા તા-૧૨/૧૧/૨૦૨૪ ના રોજ બોલાવવામાં આવેલ હતી. જે અન્વયે ફડચા અધિકારી દવારા રોજકામ કરવામાં આવેલ જે વિગતોમાં મંડળીના સભાસદો કોઈ હાજર રહેલ ન હોતાં જેથી ફડચા અધિકારીશ્રી દવારા તા-૧૬/૧૧/૨૦૨૪ ના પત્ર મુજબ સદરહું મંડળીની નોંધણી રદ કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે, ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ,૧૯૬૧ની કલમ-૧૪૪(૨) મુજબ ફડચા અધિકારીના આખરી રીપોર્ટ મળ્યેથી સામાન્ય સભા બોલાવ્યા બાદ મંડળીની કાર્યવાહી સમાપ્ત કરવી જોઈશે તેવી જોગવાઈ છે. જેથી વંચાણે લીધેલ ક્રમાંકઃ (૨) ના ફડચા અધિકારીશ્રીના આખરી અહેવાલ મુજબ સહકારી કાયદાની કલમ-૧૪૪(૨),(૩) અન્વયે ધી બેંક ઓફ બરોડા નડીયાદ રીજયોનલ કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લિ. મુ.નડીયાદ તા.નડીયાદ જિ.ખેડાની નોંધણી રદ કરવી ઉચિત જણાય છે. આથી નીચે મુજબનો હુકમ કરવામાં છે.

**હુકમ**

આથી હું સ્તુતિ રાવલ વંચાણે લીધેલ ક્રમાંક - ૪અનમ ૫ ની જોગવાઈઓ મુજબ મને મળેલ સત્તા અનુસાર ધી બેંક ઓફ બરોડાના રીજયોનલ કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લિ. મુ.નડીયાદ તા.નડીયાદ જિ.ખેડા નોંધણી નંબર-સે-૩૨૩૦૧,તા-૨૫/૧/૨૦૦૧)ની ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ,૧૯૬૧ની કલમ-૨૦ હેઠળ નોંધણી રદ કરવાનો હુકમ કરૂ છું.

નડીયાદ તા.૧૧મી ફેબ્રુઆરી ૨૦૨૫

**સ્તુતિ રાવલ**
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ નડીયાદ

---

**વંચાણે લીધા :-**

(૧) આ કાચેરીના તા૨૩/૧૧/૨૦૨૩ના પત્ર ક્રમાંકઃ ફડચ/૦૧/ગ/૧૧૮૦/૨૦૨૩ થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

(૨) ધી કુવારા પાદર મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. કુવારા પાદર, તા.ડીસાની તા.૦૧/૦૩/૨૦૨૪ની રજૂઆત.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ - ૧૦૭(૩) અને કલમ-૧૦૮(૧) ની જોગવાઈ.

(૪) ગુજરાત સરકારના કૃષિ અને સહકાર વિભાગના તા.૨૧/૦૭/૨૦૧૧ના જાહેરનામા ક્રમાંકઃ જીએચકે/૫૧/૨૦૦૫/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ

**પ્રસ્તાવના**

જા.નં.ફડચ/૦૧/ગ/૪૬/૨૦૨૫ આમુખ-૧ થી ધી કુવારા પાદર, મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી.,મું.કુવારા પાદર, તા.ડીસા, જિ. બનાસકાંઠાને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરેલ છે. જેના અનુસંધાને મંડળીએ આમુખ-૨ થી રજૂઆત કરેલ છે. જે મુજબ મંડળીના સભાસદો દ્વારા ખાસ સાધારણ સભા ભરી ફરી મંડળી ચાલુ કરવાનું ઠરાવતાં સભાએ નિયુકત કરેલ વ્યવસ્થાપક સમિતિ અને ચેરમેનશ્રી દ્વારા દુધ સંધ સાથે સંકલન કરી ફરી મંડળીને ચાલુ કરેલ છે. અને ઓકટોમ્બર, ૨૦૨૩ થી ખરીદ-વેચાણની પ્રવત્તિ કરેલ છે.

આમ, મંડળી ચાલુ રહે તે સભાસદોના હિતમાં છે. આથી આમુખ-૨થી મંડળીની રજૂઆત ધ્યાને લઈ મંડળી ચાલુ રાખવા નિશ્ચિત શરતોને આધીન એક તક આપવી આવશ્યક હોવાથી અત્રેની કચેરીનો વચગાળાનો આદેશ રદ કરવાનો નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

**શરતો :-**

(૧) મંડળીએ નિયમીત વ્યવસ્થાપક સમિતિની બેઠકો બોલાવવાની રહેશે. તથા વર્ષ ૨૦૨૪-૨૦૨૫ના હિસાબો માટેની વાર્ષિક સાધારણ સભા તા.૩૦/૦૯/૨૦૨૫ સુધીમાં બોલાવી તેની કાર્યવાહી નોંધ અત્રે મોકલી આપવાની રહેશે. અને દર વર્ષ નિયમીત વાર્ષિક સાધારણ સભા બોલાવવાની રહેશે.

(૨) મંડળીના પ્રગતિના હિસાબી પત્રકો દર ત્રણ માસે અત્રે રજુ કરવા સુચના છે.

**હુકમ**

આથી હું ડી.વી.ગઢવી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, બનાસકાંઠા મને મળેલ સત્તા-અધિકારની રૂએ ધી કુવારા પાદર મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું.કુવારા પાદર, તા.ડીસા, જિ. બનાસકાંઠા ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭(૧) અન્વયે ફડચામાં મુકવા આમુખ-૧ થી કરેલ વચગાળાનો આદેશ આમુખ-૩ ની જોગવાઈ તથા આમુખ-૪ થી મળેલ સત્તા અન્વયે આથી રદ કરું છું. આ ઉપરાંત સદરહુ અધિનિયમની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) ન.જ., સહકારી મંડળીઓ, પાલનપુરની નિમણૂંક કરેલ તે આથી રદ કરું છું.

બનાસકાંઠા, તા:૧૨મી ફેબ્રુઆરી ૨૦૨૫.

**ડી.વી.ગઢવી**
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ, બનાસકાંઠા

---

## મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

ક્રમાંકઃ- નધણ/૦૧/ખ-૨/૦૨/૨૦૨૫ શ્રી નારી શકિત કલસ્ટર લેવલ સહકારી મંડળી લિમિટેડ. આહવાના મંજૂર કરેલા પેટા નિયમોની એક નકલ તથા મંડળીનું નોંધણી પ્રમાણપત્ર NO.REG/DAN/SE(M)41717/2025, DATE-03/02/2025 આ સાથે સામેલ રાખી મોકલેલ છે. આ બાબત મંડળી નોંધવાની અરજી ઉપર જે સભ્યોએ સહી કરી હોય તેને તથા સંચાલકોને જાણ કરશે.

૨. તમારી મંડળીની પહેલી સાધારણ સભામાં હાજરી આપવા અને મંજૂર કરેલા પેટા નિયમોને સાધારણ સભાએ માન્ય કર્યા છે, તે બાબતનો રીપોર્ટ સભામાં થયેલા કામકાજની નોંધની ખરી નકલ મદદનીશ સહકારી અધિકારી મારફત મોકલી આપવા મદદનીશ સહકારી અધિકારીને ખબર આપવામાં આવેલ છે, તો પહેલી સાધારણ સભા ભરવાની તારીખ, સ્થળ અને સમયની તેમને જાણ કરશો.

૩. સામાન્ય રીતે પહેલી સાધારણ સભા મંડળી રજિસ્ટર થયા પછી બે માસની અંદર ભરવી જોઈએ અને પેટા નિયમોમાં મુકરર કરેલ રીતે મુજબ તે બાબતની નોટીસ દરેક સભાસદોને મોકલવી જોઈએ. નોટીસમાં સભા ભરવાની તારીખ, સ્થળ અને વખતનો ઉલ્લેખ તથા સભામાં કરવાનું કામકાજ જણાવવું જોઈએ.

**પહેલી સાધારણ સભાનું કામ સામાન્ય રીતે નીચે મુજબ હોઈ શકે.**

(૧) મંજૂર કરેલા પેટા-નિયમો સ્વીકારી માન્ય કરવાનું.

(૨) સભાના અધ્યક્ષની નિમણુંક.

(૩) નવા સભાસદો દાખલ કરવા.

(૪) સભાની તારીખના ૧૪ દિવસ અગાઉ સંચાલકોએ કરેલ તમામ લેવડ-દેવડનો અહેવાલ અને હિસાબોનું પત્રક રજુ કરી મંજુર કરાવવું.

(૫) પેટા-નિયમ અનુસાર વ્યવસ્થાપક મંડળ (કમિટિ) ની ચૂંટણી કરવી.

(૬) વ્યવસ્થાપક સમિતિ જે હદ સુધી ભંડોળ ઉભું કરી શકે તે મુકરર કરવું.

(૭) પેટા-નિયમોને આધીન રહીને યોગ્ય રીતે રજૂ થયેલું બીજું કામકાજ.

૪. આ સાથેના પત્રકમાં દર્શાવ્યા પ્રમાણે સુધારા વધારા સાથે પેટા નિયમો મંજૂર કરવામાં આવ્યા છે.

જે સાધારણ સભામાં માન્ય કરવા જોઈએ.

આહવા-ડાંગ, તારીખ ઉજી ફેબ્રુઆરી ૨૦૨૫

---

ક્રમાંકઃ- નધણ/૦૧/ખ-૨/૦૩/૨૦૨૫ શ્રી ગુરુકૃપા કલસ્ટર લેવલ સહકારી મંડળી લિમિટેડ. જાખાનાના મંજૂર કરેલા પેટા નિયમોની એક નકલ તથા મંડળીનું નોંધણી પ્રમાણપત્ર NO.REG/DAN/SE(M)41718/2025, DATE-10/02/2025 આ સાથે સામેલ રાખી મોકલેલ છે. આ બાબત મંડળી નોંધવાની અરજી ઉપર જે સભ્યોએ સહી કરી હોય તેને તથા સંચાલકોને જાણ કરશો.

૨. તમારી મંડળીની પહેલી સાધારણ સભામાં હાજરી આપવા અને મંજૂર કરેલા પેટા નિયમોને સાધારણ સભાએ માન્ય કર્યા છે, તે બાબતનો રીપોર્ટ સભામાં થયેલા કામકાજની નોંધની ખરી નકલ મદદનીશ સહકારી અધિકારી મારફત મોકલી આપવા મદદનીશ સહકારી અધિકારીને ખબર આપવામાં આવેલ છે, તો પહેલી સાધારણ સભા ભરવાની તારીખ, સ્થળ અને સમયની તેમને જાણ કરશો.

૩. સામાન્ય રીતે પહેલી સાધારણ સભા મંડળી રજિસ્ટર થયા પછી બે માસની અંદર ભરવી જોઈએ અને પેટા નિયમોમાં મુકરર કરેલ રીતે મુજબ તે બાબતની નોટીસ દરેક સભાસદોને મોકલવી જોઈએ. નોટીસમાં સભા ભરવાની તારીખ, સ્થળ અને વખતનો ઉલ્લેખ તથા સભામાં કરવાનું કામકાજ જણાવવું જોઈએ.

**પહેલી સાધારણ સભાનું કામ સામાન્ય રીતે નીચે મુજબ હોઈ શકે.**

(૧) મંજૂર કરેલા પેટા-નિયમો સ્વીકારી માન્ય કરવાનું.

(૨) સભાના અધ્યક્ષની નિમણુંક.

(૩) નવા સભાસદો દાખલ કરવા.

(૪) સભાની તારીખના ૧૪ દિવસ અગાઉ સંચાલકોએ કરેલ તમામ લેવડ-દેવડનો અહેવાલ અને હિસાબોનું પત્રક રજુ કરી મંજુર કરાવવું.

(૫) પેટા-નિયમ અનુસાર વ્યવસ્થાપક મંડળ (કમિટિ) ની ચૂંટણી કરવી.

(૬) વ્યવસ્થાપક મંડળ જે હદ સુધી ભંડોળ ઉભું કરી શકે તે મુકરર કરવું.

(૭) પેટા-નિયમોને આધીન રહીને યોગ્ય રીતે રજૂ થયેલું બીજુ કામકાજ.

૪. આ સાથેના પત્રકમાં દર્શાવ્યા પ્રમાણે સુધારા વધારા સાથે પેટા નિયમો મંજૂર કરવામાં આવ્યા છે.
જે સાધારણ સભામાં માન્ય કરવા જોઈએ.

આહવા-ડાંગ, તારીખ ૧૦મી ફેબ્રુઆરી ૨૦૨૫

---

ક્રમાંકઃ- નધણ/૦૧/ખ-૨/૪-૮/૨૦૨૫ શ્રી સુબીર કલસ્ટર લેવલ સહકારી મંડળી લિમિટેડ. સુબીરના મંજૂર કરેલા પેટા નિયમોની એક નકલ તથા મંડળીનું નોંધણી પ્રમાણપત્ર NO.REG/DAN/SE(M)41719/2025, DATE-11/02/2025 આ સાથે સામેલ રાખી મોકલેલ છે. આ બાબત મંડળી નોંધવાની અરજી ઉપર જે સભ્યોએ સહી કરી હોય તેને તથા સંચાલકોને જાણ કરશે.

૨. તમારી મંડળીની પહેલી સાધારણ સભામાં હાજરી આપવા અને મંજૂર કરેલા પેટા નિયમોને સાધારણ સભાએ માન્ય કર્યા છે, તે બાબતનો રીપોર્ટ સભામાં થયેલા કામકાજની નોંધની ખરી નકલ મદદનીશ સહકારી અધિકારી મારફત મોકલી આપવા મદદનીશ સહકારી અધિકારીને ખબર આપવામાં આવેલ છે, તો પહેલી સાધારણ સભા ભરવાની તારીખ, સ્થળ અને સમયની તેમને જાણ કરશો.

૩. સામાન્ય રીતે પહેલી સાધારણ સભા મંડળી રજિસ્ટર થયા પછી બે માસની અંદર ભરવી જોઈએ અને પેટા નિયમોમાં મુકરર કરેલ રીતે મુજબ તે બાબતની નોટીસ દરેક સભાસદોને મોકલવી જોઈએ. નોટીસમાં સભા ભરવાની તારીખ, સ્થળ અને વખતનો ઉલ્લેખ તથા સભામાં કરવાનું કામકાજ જણાવવું જોઈએ.

**પહેલી સાધારણ સભાનું કામ સામાન્ય રીતે નીચે મુજબ હોઈ શકે.**

(૧) મંજૂર કરેલા પેટા-નિયમો સ્વીકારી માન્ય કરવાનું.

(૨) સભાના અધ્યક્ષની નિમણુંક.

(૩) નવા સભાસદો દાખલ કરવા.

(૪) સભાની તારીખના ૧૪ દિવસ અગાઉ સંચાલકોએ કરેલ તમામ લેવડ-દેવડનો અહેવાલ અને હિસાબોનું પત્રક રજુ કરી મંજુર કરાવવું.

(૫) પેટા-નિયમ અનુસાર વ્યવસ્થાપક મંડળ (કમિટિ) ની ચૂંટણી કરવી.

(૬) વ્યવસ્થાપક સમિતિ જે હદ સુધી ભંડોળ ઉભું કરી શકે તે મુકરર કરવું.

(૭) પેટા-નિયમોને આધીન રહીને યોગ્ય રીતે રજૂ થયેલું બીજુ કામકાજ.

૪. આ સાથેના પત્રકમાં દર્શાવ્યા પ્રમાણે સુધારા વધારા સાથે પેટા નિયમો મંજૂર કરવામાં આવ્યા છે.

જે સાધારણ સભામાં માન્ય કરવા જોઈએ.

આહવા-ડાંગ, તારીખ ૧૧મી ફેબ્રુઆરી ૨૦૨૫

---

ક્રમાંકઃ- નધણ/૦૧/ખ-૨/૯-૧૩/૨૦૨૫ શ્રી પ્રગતિ કલસ્ટર લેવલ સહકારી મંડળી લિમિટેડ. પિપલ દહાડના મંજૂર કરેલા પેટા નિયમોની એક નકલ તથા મંડળીનું નોંધણી પ્રમાણપત્ર NO.REG/DAN/SE(M)41720/2025, DATE-11/02/2025 આ સાથે સામેલ રાખી મોકલેલ છે. આ બાબત મંડળી નોંધવાની અરજી ઉપર જે સભ્યોએ સહી કરી હોય તેને તથા સંચાલકોને જાણ કરશે.

૨. તમારી મંડળીની પહેલી સાધારણ સભામાં હાજરી આપવા અને મંજૂર કરેલા પેટા નિયમોને સાધારણ સભાએ માન્ય કર્યા છે, તે બાબતનો રીપોર્ટ સભામાં થયેલા કામકાજની નોંધની ખરી નકલ મદદનીશ સહકારી અધિકારી મારફત મોકલી આપવા મદદનીશ સહકારી અધિકારીને ખબર આપવામાં આવેલ છે, તો પહેલી સાધારણ સભા ભરવાની તારીખ, સ્થળ અને સમયની તેમને જાણ કરશો.

૩. સામાન્ય રીતે પહેલી સાધારણ સભા મંડળી રજિસ્ટર થયા પછી બે માસની અંદર ભરવી જોઈએ અને પેટા નિયમોમાં મુકરર કરેલ રીતે મુજબ તે બાબતની નોટીસ દરેક સભાસદોને મોકલવી જોઈએ. નોટીસમાં સભા ભરવાની તારીખ, સ્થળ અને વખતનો ઉલ્લેખ તથા સભામાં કરવાનું કામકાજ જણાવવું જોઈએ.

**પહેલી સાધારણ સભાનું કામ સામાન્ય રીતે નીચે મુજબ હોઈ શકે.**

(૧) મંજૂર કરેલા પેટા-નિયમો સ્વીકારી માન્ય કરવાનું.

(૨) સભાના અધ્યક્ષની નિમણુંક.

(૩) નવા સભાસદો દાખલ કરવા.

(૪) સભાની તારીખના ૧૪ દિવસ અગાઉ સંચાલકોએ કરેલ તમામ લેવડ-દેવડનો અહેવાલ અને હિસાબોનું પત્રક રજુ કરી મંજુર કરાવવું.

(૫) પેટા-નિયમ અનુસાર વ્યવસ્થાપક મંડળ (કમિટિ) ની ચૂંટણી કરવી.

(૬) વ્યવસ્થાપક સમિતિ જે હદ સુધી ભંડોળ ઉભું કરી શકે તે મુકરર કરવું.

(૭) પેટા-નિયમોને આધીન રહીને યોગ્ય રીતે રજૂ થયેલું બીજુ કામકાજ.

૪. આ સાથેના પત્રકમાં દર્શાવ્યા પ્રમાણે સુધારા વધારા સાથે પેટા નિયમો મંજૂર કરવામાં આવ્યા છે.

જે સાધારણ સભામાં માન્ય કરવા જોઈએ.

આહવા-ડાંગ, તારીખ ૧૧મી ફેબ્રુઆરી ૨૦૨૫

---

ક્રમાંકઃ- નધણ/૦૧/ખ-૨/૧૪-૧૮/૨૦૨૫ શ્રી સાંઈનાથા કલસ્ટર લેવલ સહકારી મંડળી લિમિટેડ. વધઈના મંજૂર કરેલા પેટા નિયમોની એક નકલ તથા મંડળીનું નોંધણી પ્રમાણપત્ર NO.REG/DAN/SE(M)41721/2025, DATE-11/02/2025 આ સાથે સામેલ રાખી મોકલેલ છે. આ બાબત મંડળી નોંધવાની અરજી ઉપર જે સભ્યોએ સહી કરી હોય તેને તથા સંચાલકોને જાણ કરશે.

૨. તમારી મંડળીની પહેલી સાધારણ સભામાં હાજરી આપવા અને મંજૂર કરેલા પેટા નિયમોને સાધારણ સભાએ માન્ય કર્યા છે, તે બાબતનો રીપોર્ટ સભામાં થયેલા કામકાજની નોંધની ખરી નકલ મદદનીશ સહકારી અધિકારી મારફત મોકલી આપવા મદદનીશ સહકારી અધિકારીને ખબર આપવામાં આવેલ છે, તો પહેલી સાધારણ સભા ભરવાની તારીખ, સ્થળ અને સમયની તેમને જાણ કરશો.

૩. સામાન્ય રીતે પહેલી સાધારણ સભા મંડળી રજિસ્ટર થયા પછી બે માસની અંદર ભરવી જોઈએ અને પેટા નિયમોમાં મુકરર કરેલ રીતે મુજબ તે બાબતની નોટીસ દરેક સભાસદોને મોકલવી જોઈએ. નોટીસમાં સભા ભરવાની તારીખ, સ્થળ અને વખતનો ઉલ્લેખ તથા સભામાં કરવાનું કામકાજ જણાવવું જોઈએ.

**પહેલી સાધારણ સભાનું કામ સામાન્ય રીતે નીચે મુજબ હોઈ શકે.**

(૧) મંજૂર કરેલા પેટા-નિયમો સ્વીકારી માન્ય કરવાનું.

(૨) સભાના અધ્યક્ષની નિમણુંક.

(૩) નવા સભાસદો દાખલ કરવા.

(૪) સભાની તારીખના ૧૪ દિવસ અગાઉ સંચાલકોએ કરેલ તમામ લેવડ-દેવડનો અહેવાલ અને હિસાબોનું પત્રક રજુ કરી મંજુર કરાવવું.

(૫) પેટા-નિયમ અનુસાર વ્યવસ્થાપક મંડળ (કમિટિ) ની ચૂંટણી કરવી.

(૬) વ્યવસ્થાપક સમિતિ જે હદ સુધી ભંડોળ ઉભું કરી શકે તે મુકરર કરવું.

(૭) પેટા-નિયમોને આધીન રહીને યોગ્ય રીતે રજૂ થયેલું બીજુ કામકાજ.

૪. આ સાથેના પત્રકમાં દર્શાવ્યા પ્રમાણે સુધારા વધારા સાથે પેટા નિયમો મંજૂર કરવામાં આવ્યા છે.

જે સાધારણ સભામાં માન્ય કરવા જોઈએ.

ડાંગ -આહવા, ૩જી ફેબ્રુઆરી ૨૦૨૫

**વી.એન.માવાણી**
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ ડાંગ -આહવા

---

**મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા**

જા.નં.નધણ/૦૧/એનએવી/SA(HAA)/20491/17/198/૨૦૨૫ જાહેર કરે છે કેઃ-શ્રીજી કોમ્પલેક્ષ કો.ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લિ., મુ.પો.શાંતાદેવી રોડ, નવસારી તા.જિ.નવસારી

સને ૧૯૬૨નો ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવેલ છે.

વલસાડ, તાઃ ૧૧મી ફેબ્રુઆરી ૨૦૨૫.

---

જા.નં.નધણ/૦૧/એનએવી/SA(HAA)/20492/18/૨૦૦/૨૦૨૫ જાહેર કરે છે કેઃ-શીવાનંદ કો.ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લિ., મુ.પો.નુત્તન સોસાયટી સામે ,મહર્ષિ માર્ગ, નવસારી, તા.જિ.નવસારી

સને ૧૯૬૨નો ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવેલ છે.

વલસાડ, તાઃ ૧૧મી ફેબ્રુઆરી ૨૦૨૫.

**(સહી) અવાચ્ય**
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ (હાઉસિંગ)
વલસાડ

---

**મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા**

**નોંધણીનું પ્રમાણપત્ર**

નોંધણી ક્રમાંક-નધણ/જીએનઆર/સા(હા)૨૧૭૭૮/૨૦૨૫, સને-૨૦૨૫ આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે સુચિત રોયલ રેવન્તા-૩ કો.ઓપ. હાઉસીંગ સર્વિસ સો. લી., મુ.કુડાસણ, તા.,જિ.ગાંધીનગરને

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦ મો)ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

ગાંધીનગર, તા: ૦૫મી ફેબ્રુઆરી ૨૦૨૫

---

**નોંધણીનું પ્રમાણપત્ર**

નોંધણી ક્રમાંક-નધણ/જીએનઆર/સા(હા)૨૧૭૭૯/૨૦૨૫, સને-૨૦૨૫ આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે સુચિત સિધ્ધેશ્વરી ઈલાઈટ કો.ઓપ. હાઉસીંગ એન્ડ કોમર્શીયલ સર્વિસ સો. લી., મુ.પેથાપુર, તા.,જિ.ગાંધીનગરને

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦ મો)ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

ગાંધીનગર, તા: ૦૫મી ફેબ્રુઆરી ૨૦૨૫

**(સહી) અવાચ્ય**
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર (હાઉસિંગ)
સહકારી મંડળીઓ, ગાંધીનગર.

---

**જિલ્લા રજિસ્ટ્રાર**

**નોંધણીનું પ્રમાણપત્ર**

નોંધણી ક્રમાંકઃCSAHDR202500005 આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે ચેખલા કલસ્ટર લેવલ ફડરેશન વિવિધલક્ષી સહકારી મંડળી લી., મુ.ચેખલા, તા.સાણંદ, જિ.અમદાવાદ

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦ મો)ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા: ૧૭મી ફેબ્રુઆરી ૨૦૨૫

**મેહુલ એસ.પટેલ**
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ (ગ્રામ્ય)
અમદાવાદ

---

Signature Not Verified
Signed by:MAHENDRA DHARKAR
Date: 2025.08.29 18:32:54 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Vadodara